# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મરકઝે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)

**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-ઓકટોબર-૨૦૦૫**

**શા'બાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક**

**હિજરી સન : ૧૪૨૬**

**વર્ષ : ૦૨ અંક : ૧૦, સળંગ અંક : ૨૨**


★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ મુઝ્દએ બખ્શિશ ★

**અઝ :હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**

દિલકી દુન્યાકો સજાઓ આકા
અપની ઉલ્ફતમેં જિલાઓ આકા
શૌકે દીદારમેં સોઉ જિસ શબ
અપના દીદાર કરાઓ આકા
મેરે દિલકી હૈ તમન્ના હર દમ
અપના ઘર ઉસકો બનાઓ આકા
ગમે દુન્યામેં ન આંસૂ નિકલે
અપની ઉલ્ફતમેં રુલાઓ આકા
હુબ્બે દુન્યાસે બચાના મુઝકો
મુઝકો અપના હી બનાઓ આકા
શબ્બે મીલાદકે સદકે મુઝકો
ફિરસે તયબહ્‌મેં બુલાઓ આકા
યાદ તયબહ્‌કી ફિર સતાતી હૈ
સદકે મુર્શિદકે બુલાઓ આકા
મેરે મુર્શિદકો અતા હો રિફઅત
ઉનકે રુત્બેકો બઢાઓ આકા
જિત્ને મો'મિન હૈં પરેશાં દાતા
સબકી બિગળીકો બનાઓ આકા
મુઝકો ફિર દુશ્મનોંને ઘેરા હૈ
અપને દામનમેં છુપાઓ આકા
**"શાકિરે રઝવી"** હૈ આસી શાહા
મુઝદા બખ્શિશકા સુનાઓ આકા


**માનદ તંત્રી : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. .............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા (માસિક) ઓક્ટોબર-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૧૦ ★ સળંગ અંક : ૨૨



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : ચાંદની ગણત્રી "તબીઅત"થી નહીં "શરીઅત"થી ગણો ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૦ |
| ૦૪. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૫. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૬ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૧૮ |
| ૦૮. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૦ |
| ૦૯. | ઝકાતના મસાઈલ | **અઝ** : હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી | ૨૩ |
| ૧૦. | અદબનું મહત્વ | **લેખક** : મૌલાના મુફતી મુહમ્મદ અમીન ફૈસલાબાદી<br>**અનુવાદક** : મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૩૧ |
| ૧૧. | ગૈર મુસ્લિમ સાથે સુલ્તાન મહમૂદ ગઝનવીનો મહોબ્બતપૂર્ણ વ્યવહાર | **કાર્યાલય** | ૪૦ |
| ૧૨. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૩ |
| ૧૩. | બિસ્મિલ્લાહ શરીફની ફઝીલત | **રજૂકર્તા** : હાફેઝ મુહમ્મદ ઈમરાન વ્હોરાસમની | ૪૫ |
| ૧૪. | આ મુસ્લિમોની મદદ છે કે બ્લેકમેલિંગ ?! | **એક સમાચાર.....** | ૪૭ |
| ૧૫. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૮ |
| ૧૬. | પ્રેસ્ટનમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો | **રજૂકર્તા** : મૌલાના યૂનુસ મિસ્બાહી–પ્રેસ્ટન | ૪૯ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૫૦ |

# ચાંદની ગણત્રી "તબીઅત"થી નહીં "શરીઅત"થી ગણો !

-તંત્રી લેખ

## ★ ચાંદ નક્કી કરવામાં મનમાની ન ચાલે ! નહીં તો..... ★

આ વખતે શબે મેઅરાજ નિશ્ચિત કરવામાં ઘણી જગાએ ખૂબ જ મત મતાંતરો ઉભાં થયાં. અમને પણ ઘણા લોકોએ ફોન કરી કરીને શબે મેઅરાજ ક્યારે ? એ પ્રશ્નોનો મારો ચલાવ્યો. જો કે અમારે ત્યાં પાછલા બંને મહીના વાદળને કારણે ચાંદ ન દેખાયો જેથી પૂરા ત્રીસની ગણત્રીથી અમે શબે મેઅરાજ જુમ્આની મગરિબ બાદ જે રાત આવે તે ગણત્રીમાં રાખી હતી અને તે પ્રમાણે શબે મેઅરાજ મનાવી તથા શનિવારનો રોઝો ૨૭ રજબનો જાહેર કર્યો. જેમણે અમારી જેમ બંને મહીના ચાંદ ન જોયો હોય ન શરઈ ગવાહી મળી હોય તો એ જ ગણત્રી બરાબર ગણાશે. હવે જે લોકોએ અમારી જેમ ચાંદ નથી જોયો અને શરઈ ગવાહી પણ નથી મળી છતાં એક દિવસ આગળ કર્યુ તેમને શરીઅત પ્રમાણે જે ફઝીલત ૨૭ રજબની શબની ઈબાદત તથા રોઝાની છે તે મનમાની કરવાના કારણે મળશે નહીં, એ સ્વભાવિક વાત છે.

ઘણા લોકો એવી દલીલ કરતા હતા કે કેલેન્ડરમાં તો ફલાણા દિવસે છે અને તમે કેમ એ પ્રમાણે નથી કરતા ? તેમજ ફલાણી જગાએ તો ફલાણા દિવસે છે અને તમે કેમ એ પ્રમાણે નથી કરતા ? ટી.વી.માં તથા વર્તમાનપત્રોમાં તો ફલાણા દિવસની જાહેરાત છે અને તમે એ મુજબ કેમ નથી માનતા ? કેટલાક લોકો મુંઝવણ અનુભવતા કે ભાઈ ! આ કેવું ?! કોઈ ફલાણો દિવસ કહે છે અને કોઈ ફલાણો દિવસ કહે છે ? તો આ બધું કેવું ? અને અમે શું કરીએ ? વગેરે વિવિધ પ્રશ્નો ફોન પર કરવામાં આવતા હતા. તેમને અમે શરીઅતના કાનૂન મુજબ જે રીતે ચાંદની ગણત્રી થાય તે ટૂંકમાં સમજવી. અધિક સમજૂતી માટે એ વિષયે અત્રે ઉલમાની કિતાબો થકી ચર્ચા રજૂ કરીએ છીએ.

## ★ મુંઝવણોનું કારણ ઈલ્મે દીનનો અભાવ ! ★

આ ગરબડો ઉભી થવાનું અને ખેંચતાણનું કારણ એ છે કે આપણે શરીઅતથી વિમુખ થઈને તબીઅતને અનુસરવા માંડયા છીએ. મુસલમાન ન ટી.વી.ની કે વર્તમાન પત્રોની ખબરોનો મોહતાજ છે ન કેલેન્ડરોના નિર્દેશનો મોહતાજ છે, અલ્લાહ વ રસૂલનાં ફર્માનોને જો માથે ચડાવે તો દુનિયા શું આખેરત શું ક્યાંય ઉલઝનમાં મૂકાશે નહીં. (ઈન્શાઅલ્લાહ !) શરીઅતે ચાંદની સાબિતી માટે કેટલાક ઉસૂલો તથા નિયમો નિશ્ચિત કર્યા છે, તેની પાબંદીની સાથે જો ઈદ, રમઝાન કે આવા મુબારક દિવસો મનાવવામાં આવે ત્યારે તે દુરુસ્ત ગણાશે, નહીં તો નહીં. "ચાંદની ગણત્રી શરીઅતના કાનૂનો મુજબ કર્યા વિના ટેલીફોન કે ટી.વી.ની ખબર પ્રમાણે ઈદ પણ કરી નાખવામાં આવે તો એનું "નાજાઈઝ" તથા "હરામ"

હોવું ઉઘાડુ છે." *("ષબૂતે હિલાલ કે તરીકે"ની પ્રસ્તાવના, પ્રસ્તાવના લેખક : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી)*

એવુંય જરૂરી નથી કે વિ□ભરમાં કે દેશભરમાં કે રાજ્યભરમાં પણ દરેક ઠેકાણે એક જ દિવસે ઈદ કે રમઝાનની શરૂઆત કે જે તે મુબારક દિવસો મનાવવામાં આવે. બલ્કે જે પ્રમાણે શરીઅતના હુકમાનુસાર સાબિત થાય તેને તેઓ અનુસરે. અને મસ્જિદોના ઈમામોએ પણ પોતાના બયાનોમાં ચાંદ કઈ રીતે સાબિત થાય ? અને શરીઅતના શા કાનૂન એના માટે છે તે પબ્લિકને અવાર નવાર સમજાવતા રહેવું જોઈએ તો લગભગ ગલતફહમીઓ દૂર થઈ શકે છે.

## ★ આપણે ટી.વી., અખ્બાર કે કેલેન્ડર પર નહીં, હદીષે રસૂલ પર ઈમાન રાખનાર છીએ ! ★

ટી.વી., અખ્બાર કે કેલેન્ડર એ કેવળ એક ખબર દર્શાવે છે, એ શરીઅત મુજબના સાક્ષીઓ નથી કે આપણા મુબારક દિવસોની ગણત્રી એમાં હોય તેમ જ ગણતા રહીએ. આવો ! ખૂબ જ ધ્યાનપૂર્વક ચાંદની સાબિતી માટે આપણા પ્યારા નબી અકરમ ﷺ ના ફર્માનનો અભ્યાસ કરીએ :–

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "ચાંદ જોઈને રોઝા રાખવા શરૂ કરો અને "ચાંદ જોઈને" ઈદ કરો. **"જો વાદળને કારણે"** ચાંદ ન દેખાય તો શાબાનની ત્રીસ (૩૦)ની ગણત્રી પૂરી કરી લો. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

અને બીજી હદીષમાં ફર્માવ્યું છે : રોઝા (રમઝાનના) ન રાખો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો અને ઈદ ન કરો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો. અને **જો વાદળ હોય તો** મહીનાની ગણત્રી પૂરી કરી લો. (મહીનાના ત્રીસ દિવસ પૂરા કરો.) *(બુખારી, મુસ્લિમ)*

આકાશ સાફ ન હોવાની સ્થિતિમાં એટલે કે વાદળાં, ધુમ્મસ વગેરેને કારણે રમઝાન શરીફનો ચાંદ દેખાવા બાબતે એક મુસલમાન★ આકિલ, બાલિગ, મસ્તૂર આદિલની ગવાહીથી પણ સાબિત થઈ જશે, પછી ભલે તે સ્ત્રી હોય કે પુરૂષ.

રમઝાન સિવાય બાકીના મહીનાઓના ચાંદ દેખાવા બાબતે બે પુરૂષો અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ ગવાહી આપે અને તે બધાં આદિલ નેક હોય, ફાસિક, ફાજિર, જૂઠા ન હોય.

વળી તેઓ ગવાહીમાં આ શબ્દો ઉચ્ચારે કે "હું ગવાહી આપું છું કે મેં પોતે જાતે ચાંદ જોયો." ત્યારે ચાંદની સાબિતી થયેલી ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત વગેરે)* પરંતુ વાદળ હોવાની સ્થિતિમાં **રમઝાનના ચાંદની ગવાહીઓમાં** એટલુ પણ ચાલી શકે કે, "મેં મારી પોતાની આંખોથી આ રમઝાનનો ચાંદ આજે કે કાલે જોયો."

**આદિલ** હોવાનો મતલબ એ છે કે તે કબીરા ગુનાહ અર્થાત મોટા ગુનાહોથી બચતો હોય, નાના ગુનાહની આદત ન હોય અને એવું કામ ન કરતો હોય જે મુરવ્વત, શર્મ હયાની વિરૂધ્ધ હોય. દા.ત. બજારમાં ચાલતાં ચાલતાં ખાવું.... વગેરે.

*★ સુન્ની (બરેલ્વી) હોવું અનિવાર્ય છે. બાતિલ ફિર્કાવાળા કહેવાતા મુસલમાનની ગવાહી માન્ય નથી. -તંત્રી*

**મસ્તૂર**નો મતલબ એ કે જાહેરી હાલત તેની શરીઅત મુજબની હોય, આંત્રિકની ખબર નહીં. *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત વગેરે)*

ગામડામાં ચાંદ જોયો અને ત્યાં કોઈ શરઈ કાઝી કે હાકિમ નથી કે તેની પાસે જઈ ગવાહી આપી શકાય તો ગામડાવાળાઓને ભેગા કરી ગવાહી આપી દેવી અને એ ગવાહી આપનાર આદિલ હોય તો લોકો પર રોઝો રાખવો જરૂરી છે.

જ્યારે વાદળ સાફ ન હોય તો ઈદના ચાંદની સાબિતી બે આકિલ, બાલિગ, "આદિલ" પુરૂષો અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓની ગવાહીથી થશે. *(હિદાયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**જો વાદળ સાફ હોય તો** જ્યાં સુધી ઘણા લોકો ચાંદ જોયાની ગવાહી ન આપે ત્યાં સુધી ચાંદ થવાની સાબિતી થશે નહીં. (ભલે પછી તે રમઝાનનો હોય કે ઈદનો કે બીજા કોઈ મહીનાનો) રહી વાત એ કે એને માટે કેટલા માણસો જોઈએ તે કાઝી મુફતીના ઉપર આધાર રાખે છે. જેટલા માણસોની ગવાહીથી તેને ચાંદ થયાની ખાત્રી થઈ જાય તેટલાથી તે હુકમ આપી શકશે. પરંતુ જો શહેરની બહારથી અથવા કોઈ ઊંચી જગ્યાએથી ચાંદ જોયાનું બયાન કરે તો તે એક મસ્તૂર (જાહેરી રીતે શરીઅતનો પાબંદ) માણસની ગવાહીથી પણ ફક્ત રમઝાનનો ચાંદ માની લેવામાં આવશે. *(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**નોંધ :** ચાંદ જોવામાં લોકોના આળસ અને બેપરવાઈને જોતાં તો વાદળ સાફ હોય તેવાં સંજોગોમાં પણ ઈદ સિવાય બીજા ચાંદોમાં પણ ઘણા લોકોને બદલે બે ગવાહોની ગવાહીથી પણ માની લેવામાં આવે. *(કાનૂને શરીઅત, ભાગ-૧, અઝ : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી عليه رحمة الله القوي)*

## ★ આ રીતની ગવાહી પણ માન્ય નથી ★

જો કેટલાક લોકો આવીને કહે કે "ફલાણી જગાએ ચાંદ થયો છે" બલ્કે ગવાહી પણ આપે કે ફલાણી જગાએ ચાંદ દેખાયો, બલ્કે ગવાહી આપે કે ફલાણા માણસોએ ચાંદ જોયો, બલ્કે એવી શહાદત આપે કે ફલાણી જગ્યાના કાઝી મુફતીએ રોઝા કે ઈદના માટે લોકોને હુકમ આપ્યો છે. (તેમણે ન ખૂદ જોયો છે ન જોનારાએ તેમને ગવાહ બનાવ્યા છે તો) આ બધીય રીતો શરીઅત પ્રમાણે બરાબર નથી. (એ કેવળ ખબર જ ગણાશે.) *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

કોઈ શહેરમાં ચાંદ દેખાયો અને ત્યાંથી **ઘણી ટોળીઓમાં લોકો બીજા શહેરમાં આવ્યા,** એ બધાએ ખબર આપી કે ત્યાં ફલાણા દિવસે ચાંદ થયો છે અને આખા શહેરમાં એ બાબતની જાણ છે. વળી ત્યાંના લોકોએ ચાંદ દેખાવાથી ફલાણા દિવસથી રોઝા શરૂ કર્યા છે તો તે બીજા શહેરવાળાઓ માટે પણ ચાંદ થવાની સાબિતી થઈ જશે." *(રદ્દુલ મુહતાર, બહાર)*

એક જગ્યાએ ચાંદ દેખાયો તો તે ફક્ત ત્યાંના માટે જ નથી બલ્કે પૂરી દુનિયા માટે છે પરંતુ બીજી જગ્યાએ ચાંદ થયાનો હુકમ ત્યારે લાગુ પડશે કે બીજી જગ્યાવાળાઓ માટે તે દિવસ કે તારીખે ચાંદ ઉગ્યાનું શરીઅતે બતાવેલી શરતો મુજબ સાબિત થઈ જાય, એટલે કે **ચાંદ થયાની ગવાહી મળે** કે **કાઝી** કે **મુફતીના હુકમથી ગવાહી મળે** અથવા **ઘણી ટોળીઓ (જ્યાં ચાંદ દેખાયો) ત્યાંથી આવીને ખબર આપે** કે ફલાણી જગ્યાએ ચાંદ દેખાયો છે અને ત્યાંના લોકોએ રોઝો રાખ્યો છે, અથવા ઈદ કરી છે. *(કાનૂને શરીઅત, ભાગ-૧)*

**નોંધ** : આજકાલ કહેવાતા શહેર કાઝીઓમાં મોટા ભાગના આલિમ નથી હોતા. વળી અમુક તો નર્યા જાહિલ હોય છે. જેથી અહીં મસાઈલના લખાણમાં જ્યાં **કાઝી** શબ્દ આવે તો **ઈસ્લામી વિદ્વાન આલિમ** એટલે કે **ઈસ્લામી જજ** સમજવું, આજકાલના કેવળ અટક ધરાવતા કાઝી નહીં.

## ★ ચાંદ કમિટીઓની જાહેરાત શું છે ?! ★

**ચેતવણી** : દિલ્હીથી કોઈ કહેવાતો ઈમામ, મુફતી કે અમદાવાદ કે અન્ય કોઈપણ શહેરથી કોઈ મુફતી કે ચાંદ કમિટી અખ્બારમાં કે ટી.વી. પર ચાંદ વિશે જાહેરાત કરી આપે તો **તે સર્વ શહેરો તથા ગામોને લાગુ પડશે નહીં.** એ જે તે શહેરને જ લાગુ પડશે. ભલે કોઈ ચાંદ કમિટીનું નામ "ઈન્ડિયા ચાંદ કમિટી" કે "ગુજરાત ચાંદ કમિટી" કે "મહારાષ્ટ્ર ચાંદ કમિટી" નામ હોય ! એમની જાહેરાત જે તે શહેર પૂરતી હોય છે અને અન્ય લોકો સમાચાર જાણી ગવાહી મેળવવા આવી શકે એટલે હોય છે. જ્યાં ચાંદ ન દેખાયો તેઓ જ્યાં દેખાયો તેમની ફોનથી ખબર નહીં પણ રૂબરૂ ગવાહી મેળવે તો જ ઈદ કે રોઝા રાખે વગેરે સહીહ ગણાશે. નહીં તો ત્રીસની ગણત્રી પૂરી કરે. અન્ય સ્થળોના લોકો માટે એ એક ન્યૂઝ (ખબર) જ ગણાશે, ગવાહી ગણાશે નહીં. માટે જ્યાં ચાંદ દેખાયો હોય ત્યાંના ચાંદ જોનારાઓની ગવાહી તેમજ અન્ય શરીઅત મુજબની પદ્ધતિઓથી સાબિતી મેળવવી આવશ્યક છે. **ફલાણા શહેરના મુફતીએ કે ફલાણી ચાંદ કમિટીએ ચાંદ થયાનું જાહેર કર્યું એટલે આપણે પણ કરી નાખો ! એ પદ્ધતિ તદ્દન ગલત છે.**

**તાર, ટેલીફોન, રેડીયો (ટી.વી.) થકી ચાંદ જોયાનું સાબિત થશે નહીં.** કેમ કે એ બધીય રીતે **સાચુ ગણવામાં આવે તો પણ એ ફક્ત ખબર જ ગણાશે ગવાહી નહીં ગણાય.** અને ફક્ત એક ખબરથી ચાંદ સાબિત થઈ શકતો નથી. એ જ પ્રમાણે બજારૂ અફવાથી, ડાયરીઓ કે કેલેન્ડરો તેમજ પેપરોમાં છપાતી ખબરોથી પણ ચાંદ સાબિત થઈ શકતો જ નથી.

## ★ ચાંદની સાબિતીની ગવાહીના તરીકા ★

ચાંદની સાબિતી બાબતે "એક રીત" તો એ કે ખૂદ ચાંદ જોઈને ગવાહી આપી દે જેનું વર્ણન ઉપર આવી ગયું. અને "બીજી રીત" (ગવાહ પરથી ગવાહ) એ કે ગવાહોએ ખૂદ નથી જોયો પણ જોનારાઓએ તેમની સમક્ષ ગવાહી આપી અને તેમને પોતાની ગવાહી પર ગવાહ બનાવ્યા તો એ રીતે પણ ચાંદની સાબિતી થઈ જાય છે, જ્યારે અસલ ગવાહો હાજર રહેવાથી મઅઝૂર હોય. એનો તરીકો એ છે કે અસલ બંને ગવાહોમાંથી દરેક ગવાહી લેનારાઓને કહે કે, **"મારી આ ગવાહી પણ ગવાહ થઈ જાવ કે હું ગવાહી આપું છું કે મેં ફલાણા સન ફલાણા મહીનાનો ચાંદ ફલાણા દિવસે સાંજે જોયો. પછી એ ગવાહ થનારા દરેક આવીને ગવાહી આપે કે હું ગવાહી આપુ છું કે ફલાણાના પુત્ર ફલાણા તથા ફલાણાના પુત્ર ફલાણાએ મને પોતાની એ ગવાહી પર ગવાહ બનાવ્યો કે તેમણે ફલાણા સન ફલાણા મહીનાનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોયો અને તેઓએ મને કહ્યું કે મારી આ ગવાહી પર ગવાહ થઈ જાય."** *(દુર્રે મુખ્તાર મઅ રદ્દુલ મુહતાર, ભાગ-૪, પેજ-૪૦૯ તથા આલમગીરી બહવાલા અન્વારુલ હદીષ)*

આ રીતે ગવાહોના ગવાહનો ક્રમ આગળ પણ ચલાવી શકાય છે. ઉપરાંત ચાંદની સાબિતીના અન્ય તરીકા માટે બહારે શરીઅત, કાનૂને શરીઅત અન્વારુલ હદીષ વગેરે વાંચશો.

**<u>ચેતવણી</u>** : ગવાહી લેવામાં ગવાહો સુન્ની (બરેલ્વી) હોવા અનિવાર્ય છે, કોઈ અન્ય ફિર્કા **વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી, શીઆ, રાફઝી, ખારજી વગેરે કોઈની ગવાહીથી ચાંદ થયાનું સાબિત થશે નહીં.**

જે તે ગામોમાં મસ્જિદના ટ્રસ્ટી કે આગેવાન જેઓ જાહેરાત કરતા હોય તેઓ આ બાબતે કાળજી રાખી ચાંદની શરીઅત મુજબ સાબિતી મેળવે પછી જ જાહેરાત કરે, નહીં તો ઈદ, રમઝાન ગલત થશે તેની જિમ્મેદારી તેમની રહેશે. અને પબ્લિકે પણ આ બાબતે સાવચેતી રાખવી જોઈએ.

ચાંદની સાબિતી માટે ઉપરોક્ત શરીઅતના કાનૂનોને લક્ષમાં લેવામાં નહીં આવે અને મન માની રીતે ચાંદની જાહેરાત થશે તો તે કોઈ રીતે જાઈઝ ગણાશે નહીં.

વળી ખાસ અગત્યની વાત એ પણ છે કે કેટલીક ચાંદ કમિટીઓમાં વહાબી, દેવબંદી કે સુલેહકુલ્લી જેવા માણસો પણ તેના હોદ્દેદારો કે સભ્યો હોય છે. સુન્ની વહાબી મિશ્ર સભ્યો હોય છે, તો આવી ચાંદ કમિટીઓ બિન ભરોસાપાત્ર છે તેમનું એલાન ગણકારવામાં આવશે નહીં.

છેલ્લા સમાચારો મુજબ ચાંદની સાબિતી વિશે અર્વાચીન શોધોના બારામાં ઉલમાના સેમીનારો થઈ રહ્યા છે, જો ઉલમા કોઈ સર્વસંમતિનો હલ એ બાબતે લાવશે તો બરકાતે ખ્વાજા (માસિક)માં રજૂ થશે. (ઈન્શાઅલ્લાહ !) **નોંધ** : આ બાબતે એક કિતાબ "ચાંદ જોયાની સાબિતીના સાત તરીકાઓ" *(લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ)* ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે. (ઈન્શાઅલ્લાહ !)

## મુસલમાન થવા માટે કેવળ કલ્મા પર દિલથી ઈમાન તથા જીભથી ઈકરાર જરૂરી છે "ખત્ના" ફર્ઝ નથી

**સવાલ** : નવ મુસ્લિમો માટે ખત્નાનો શો હુકમ છે ? કેટલાક લોકો કહે છે કે એમને મુસલમાન કરવું બેકાર છે જ્યાં સુધી ખત્ના ન થાય. અને તે માણસ ખત્નાનું નામ સાંભળીને ખચકાય છે, તો એવી વ્યક્તિ જે શરમના કારણે ખત્નાથી ઈન્કાર કરે તો તેને મુસલમાન કરવામાં આવે કે નહીં ? બૈયનૂ તૂજરૂ.

**અલ્જવાબ** : તેને જરૂરથી મુસલમાન કરવામાં આવે. અને ખત્ના કરવી સુન્નત છે અને સુન્નત ત્યજવી મુસલમાન થવામાં બાધરૂપ નથી. ખત્ના વિશે આલમગીરીમાં છે કે :–

**(અર્થાત)** : કમજોર વૃદ્ધ જ્યારે મુસલમાન થયો અને ખત્નાની શક્તિ નથી ધરાવતો અને જાણવાવાળાઓએ પણ કહ્યું કે એ શક્તિ નથી ધરાવતો તો (ખત્ના કરવાનું) છોડી દેવામાં આવે. એટલા માટે કે મજબૂરીના કારણે વાજિબને ત્યજવું જાઈઝ છે તો સુન્નતને ત્યજવું એથી વિશેષ રીતે જાઈઝ છે. એ જ પ્રમાણે ખુલાસામાં છે. જવાનની ખત્ના વિશે કહેવામાં આવ્યું કે, **જો તે ખૂદ પોતાની ખત્ના કરી લે, નહીં તો ન કરવામાં આવે. હા ! જ્યારે તે કોઈ ખત્ના કરવાવાળી સ્ત્રીથી નિકાહ કરી શકે તો તે સ્ત્રી તેની ખત્ના કરી આપે.** (ગૈરની સામે સતર ખોલવું હરામ છે જેથી સુન્નત પર અમલ કરવા માટે હરામ કામની ઈજાઝત નથી.)

જેથી જે એવું કહે છે કે ખત્ના ન થાય તો તેનું મુસલમાન થવું બેકાર છે, તેની આ વાત નિરર્થક તથા બેઅસ્લ છે, જેથી તેને જરૂર મુસલમાન કરવામાં આવે. વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

*(હવાલો : ફતાવા અજમલિયહ, ભાગ–૧, પેજ–૧૭૩)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

-કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

أُولَٰئِكَ الَّذِينَ اشْتَرَوُا الْحَيَاةَ الدُّنْيَا بِالْآخِرَةِ ۖ فَلَا يُخَفَّفُ
عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْصَرُونَ ﴿٨٦﴾ وَلَقَدْ آتَيْنَا مُوسَى الْكِتَابَ
وَقَفَّيْنَا مِنْ بَعْدِهِ بِالرُّسُلِ ۖ وَآتَيْنَا عِيسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنَاتِ
وَأَيَّدْنَاهُ بِرُوحِ الْقُدُسِ ۗ أَفَكُلَّمَا جَاءَكُمْ رَسُولٌ بِمَا لَا تَهْوَىٰ
أَنْفُسُكُمُ اسْتَكْبَرْتُمْ فَفَرِيقًا كَذَّبْتُمْ وَفَرِيقًا تَقْتُلُونَ ﴿٨٧﴾ وَ
قَالُوا قُلُوبُنَا غُلْفٌ ۚ بَلْ لَعَنَهُمُ اللَّهُ بِكُفْرِهِمْ فَقَلِيلًا مَا يُؤْمِنُونَ ﴿٨٨﴾
وَلَمَّا جَاءَهُمْ كِتَابٌ مِنْ عِنْدِ اللَّهِ مُصَدِّقٌ لِمَا مَعَهُمْ وَ
كَانُوا مِنْ قَبْلُ يَسْتَفْتِحُونَ عَلَى الَّذِينَ كَفَرُوا فَلَمَّا جَاءَهُمْ
مَا عَرَفُوا كَفَرُوا بِهِ ۚ فَلَعْنَةُ اللَّهِ عَلَى الْكَافِرِينَ ﴿٨٩﴾ بِئْسَمَا اشْتَرَوْا بِهِ
أَنْفُسَهُمْ أَنْ يَكْفُرُوا بِمَا أَنْزَلَ اللَّهُ بَغْيًا أَنْ يُنَزِّلَ اللَّهُ مِنْ
فَضْلِهِ عَلَىٰ مَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ ۖ فَبَاءُوا بِغَضَبٍ عَلَىٰ غَضَبٍ ۚ
وَلِلْكَافِرِينَ عَذَابٌ مُهِينٌ ﴿٩٠﴾ وَإِذَا قِيلَ لَهُمْ آمِنُوا بِمَا أَنْزَلَ
اللَّهُ قَالُوا نُؤْمِنُ بِمَا أُنْزِلَ عَلَيْنَا وَيَكْفُرُونَ بِمَا وَرَاءَهُ وَهُوَ
الْحَقُّ مُصَدِّقًا لِمَا مَعَهُمْ ۗ قُلْ فَلِمَ تَقْتُلُونَ أَنْبِيَاءَ اللَّهِ مِنْ
قَبْلُ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ ﴿٩١﴾ وَلَقَدْ جَاءَكُمْ مُوسَىٰ بِالْبَيِّنَاتِ ثُمَّ
اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْ بَعْدِهِ وَأَنْتُمْ ظَالِمُونَ ﴿٩٢﴾

**તર્જુમો :** આ છે તે લોકો જેમણે ખરીદી લીધી છે દુનિયાની જિંદગી આખેરતના બદલામાં, તો ન હલકો કરવામાં આવશે તેમનાથી અઝાબ અને ન તો તેમની મદદ કરવામાં આવશે. અને બેશક ! અમે અતા ફર્માવી મૂસાને કિતાબ અને અમે વારાફરતી તેમની પાછળ પયગંબર મોકલ્યા. અને આપી અમે ઈસા ઈબ્ને મરયમને રોશન નિશાનીઓ[૧૦૧]. અને અમે મજબૂતી આપી તેમને જિબ્રઈલથી[૧૦૨]. તો શું જ્યારે કદી લઈ આવ્યો તમારી પાસે કોઈ પયગંબર એવો હુકમ જેને તમારાં નફ્સો પસંદ ન કરતાં તો તમે અકડાઈ ઉઠયા, અમુકને તમે જૂઠ લાવ્યા અને અમુકને કત્લ કરવા લાગ્યા. અને યહૂદી બોલ્યા, અમારા દિલો પર તો ગિલાફ ચઢયા છે[૧૦૩]. નહીં ! બલ્કે ફિટકાર આપ્યો છે તેમને અલ્લાહે તેમના કુફ્રના કારણે, તેઓ ખૂબ જ કમ ઈમાન ધરાવે છે. અને જ્યારે આવી તેમની પાસે અલ્લાહની તરફથી તે કિતાબ (કુર્આન) જે સમર્થન કરતી હતી તે (કિતાબ)નું જે તેમની પાસે હતી. અને તેઓ એનાથી પહેલાં ફતહ માંગતા હતા કાફિરો પર (એ નબીના વસીલાથી)[૧૦૪] તો જ્યારે તશરીફ લાવ્યો તેમની પાસે તે નબી જેને તેઓ જાણતા હતા તો ઈન્કાર કરી આપ્યો તેને માનવાથી તો ફિટકાર થયો અલ્લાહનો (જાણીબુઝીને) કુફ્ર કરનારાઓ પર.

ઘણી જ બુરી ચીજ છે જેના બદલે સોદો ચૂકાવ્યો તેમણે પોતાની જાનોનો તે એ કે કુફ્ર કરે છે તે (કિતાબ)ની સાથે જે અલ્લાહે નાઝિલ કરી હસદ[૧૦૫] ના માર્યા કે નાઝિલ કરે છે અલ્લાહ તઆલા પોતાનો ફઝલ (વહી) જેના પર ચાહે છે પોતાના બંદાઓમાંથી. જેથી તેઓ હક્કદાર થઈ ગયા સતત નારાઝગીના અને કાફિરોના માટે ઝલીલ તથા રુસ્વા કરનારો અઝાબ છે. અને જ્યારે તેમને કહેવામાં આવે છે, ઈમાન લઈ આવો એના પર જેને અલ્લાહે ઉતારેલ છે. તો કહે છે, અમે તો (કેવળ) એના પર ઈમાન લાવ્યા છીએ જે નાઝિલ કરવામાં આવી અમારા પર, અને કુફ્ર કરે છે એના સિવાય (બીજી કિતાબો) સાથે. જ્યારે તે પણ હક્ક છે, સમર્થન કરે છે તે કિતાબની જે તેમની પાસે છે. તમે ફર્માવો, પછી તમે કેમ કત્લ કરતા રહ્યા અલ્લાહના પૈગંબરોને એનાથી પહેલાં જો તમે (તમારી કિતાબ પર જ) ઈમાન ધરાવતા હતા ?[૧૦૬] અને બેશક ! આવ્યા તમારી પાસે મૂસા રોશન દલીલો લઈને, પછી તમે બનાવી લીધા વાછરડાને (પોતાનો મઅબૂદ) તેના પછી અને તમે (તો આદી) જફાકાર છો[૧૦૭].

## ★ તફસીર ★

**૧૦૧.** રોશન મો'જિઝાઓ જેમ કે જન્મથી આંધળાને જોતો કરી આપતા, કોઢીને સાજો કરી આપતા, મુડદાંને જીવંત કરતા અને ગયબની ખબરો આપવી વગેરે.

**૧૦૨.** એનાથી મુરાદ જિબ્રઈલે અમીન علیہ السلام છે. અમુક મુફસ્સિરોએ એનાથી અલ્લાહ તઆલાનું તે ઈસ્મે આ'ઝમ મુરાદ લીધેલ છે જેની બરકતથી હઝરત ઈસા علیہ السلام મુડદાંઓને જીવંત કર્યા કરતા હતા.

**૧૦૩. યહૂદી** ઘણા જ ગર્વભેર કહેતા કે અમારા દિલો પર ગિલાફ ચઢેલા છે એટલા માટે અમારા અકીદા મેહફૂઝ છે, કોઈની જાદૂમય વાકછટા, કોઈની દલીલબાજીની શક્તિ, કોઈના મો'જિઝાઓ અમને અમારા અકીદાઓએથી હચમચાવી શક્તા નથી. અલ્લાહ તઆલા ફર્માવે છે કે એવું નથી, બલ્કે **હકીકત એ છે કે તમારી સતત નાફર્માનીઓના કારણે તમને અલ્લાહની રહમતથી વંચિત કરી દેવામાં આવ્યા છે. હવે તમે એ લાયક જ નથી રહ્યા કે ઈમાનના નૂરથી તમારા દિલોનો અંધકાર દૂર થાય.**

**૧૦૪.** યહૂદીઓની હઠધર્મી અને દેખતી આંખે કુફ્ર કરવાનું એક અધિક દૃષ્ટાંત વર્ણન કરવામાં આવી રહ્યું છે. હુઝૂર નબી કરીમ ﷺ ના આગમનથી પહેલાં યહૂદીઓનો તરીકો હતો કે જ્યારે કદીક કાફિરો તથા મુશ્રિકો સાથે તેમની જંગ થતી અને તેમની જીતની જાહેરી શક્યતાઓ ખત્મ થઈ જતી તો તે વખતે તૌરાતને સામે રાખતા અને તે જગા ખોલીને જ્યાં હુઝૂર નબી કરીમ ﷺ ની સિફતો તથા કમાલોનું વર્ણન હોતું ત્યાં હાથ રાખતા અને આ શબ્દોમાં દુઆ કરતા :–

اَللّٰهمّ انا نسئلك بحق نبيك الذى وعدتنا ان تبعثه فى آخر الزمان
ان تنصرنا اليوم على عدونا فينصرون

*(રૂહુલ મઆની, કુર્તબી વગેરે....)*

"હે અલ્લાહ ! અમે તારા તે નબીનો વાસ્તો આપીને અર્ઝ કરીએ છીએ જેમના આગમનનો તેં અમને વાયદો કર્યો છે, આજે અમને અમારા દુશ્મનો પર જીત આપી દે. તો હુઝૂર પુરનૂરના સદકામાં અલ્લાહ તઆલા તેમને જીત આપી દેતો. કુર્આને કરીમ ફર્માવે છે કે આજ સુધી તમે જેનું નામ લઈને જીતતા રહ્યા અને જેની બરકતથી વિજયી બનતા રહ્યા, જ્યારે મારો તે રસૂલ અને મહબૂબ અને તમોને નજાત આપનારો આવી પહોંચ્યો તો તેના પર ઈમાન લાવવાથી ઈન્કાર કરી દીધો ! ધિક્કાર

છે આવા પૂર્વગ્રહ પર ! અફસોસ છે આવી માલ સંપત્તિની મહોબ્બત પર !

**૧૦૫.** એટલે કે તેમની સરકસી (નાફર્માની) તથા ઈન્કાર કોઈ દલીલ પર આધારિત ન હતો. કેવળ આ હસદ તેમને જલાવી રહ્યો હતો કે આ નબી હઝરત ઈસ્માઈલ عليه السلام ની ઔલાદમાંથી શા માટે મોકલવામાં આવ્યો ! બની ઈસ્રાઈલમાંથી કેમ નથી મોકલવામાં આવ્યો. પરંતુ એ તો અલ્લાહ તઆલાની પોતાની મરજી છે જેના પર ચાહે પોતાનો ફઝલો કરમ ફર્માવી આપે.

**૧૦૬.** જ્યારે તેમને કુર્આન પર ઈમાન લાવવાની દા'વત આપવામાં આવે છે તો કહે છે કે અમે કેવળ તે વહી પર ઈમાન લાવીશું જે અમારા અંબિયા પર ઉતરી, તેના સિવાય કોઈ બીજી વહી પર ઈમાન લાવવાની અમારે જરૂરત નથી. અલ્લાહ તઆલા ફર્માવે કે **તેમનું તો પોતાના અંબિયા પર નાઝિલ થયેલ વહી પર ઈમાન નથી, નહીં તો તેઓ પોતાના અંબિયાને કત્લ કરવાની હિંમત કઈ રીતે કરી શક્તા ?** તેમનું આવું કરવું તેમના ઈમાન ન હોવાની સ્પષ્ટ દલીલ છે.

**૧૦૭.** તેમની નાફર્માનીઓની લાંબી યાદીથી થોડાક બનાવોની પ્રતિ સંક્ષિપ્તમાં નિર્દેશ કરીને તેમના એ દાવાના બાતિલ હોવાનું સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે કે તેઓ પોતાના અંબિયા પર સાચા દિલથી ઈમાન લાવી ચૂક્યા હતા.


**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો**

**એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ**

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**

મુ.પો. **દયાદરા**–૩૯૨ ૦૨૦ *(અંજુમનના મેમ્બરોને પોસ્ટથી ડાયરેક્ટ કિતાબ મળી જશે.)*


દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمة الله عليه

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ફરિશ્તા

ફરિશ્તા ખુદા તઆલાની મખ્લૂક છે, એ નૂરના બનેલા છે. અલ્લાહ તઆલાએ એમને એ તાકાત આપેલી છે કે તે પોતે જે ચાહે બની શકે છે. મનુષ્ય કે પછી ગમે તેની શિકલ અપનાવી શકે છે. એઓ ખુદા તઆલાના હુકમની જરા પણ વિરૂધ્ધ કામ કરતા નથી. જાણી બુઝીને પણ નહીં અને ભૂલથી પણ નહીં. કારણ કે એઓ માસૂમ છે. દરેક પ્રકારના નાના મોટા ગુનાહથી પાક છે. અલ્લાહ તઆલાએ ઘણા કાર્યો ફરિશ્તાઓને સુપ્રત કર્યાં છે. કોઈ જીવ ખેંચવા પર, કોઈ પાણી વરસાવવા પર, કોઈ માંના પેટમાં બચ્ચાની શિકલ બનાવવા પર, કોઈ અમલ-કરણી લખવા પર, મતલબ કે કોઈને અમુક તો કોઈને અમુક કાર્યો સુપ્રત કર્યાં છે. ફરિશ્તા ન તો મર્દ છે ન ઔરત. ફરિશ્તાને કદીમ (હમેશાંથી છે) માનવું અથવા તો ખાલિક (પેદા કરનાર) માનવું કુફ્ર છે. કોઈ પણ ફરિશ્તાની જરા સરખી બેઅદબી કુફ્ર છે. (આલમગીરી વગેરે) કેટલાય લોકો પોતાના દુશ્મનને અથવા જુલ્મ કરનારને મલકુલ મૌત કહે છે, એમ કહેવું નાજાઈઝ છે કુફ્રની નજીક છે. ફરિશ્તાઓના વજૂદનો ઈન્કાર અથવા એમ કહેવું ફરિશ્તા નેકીની તાકાતને કહે છે, એ સિવાય કંઈ નથી તો બંને વાતો **કુફ્ર** છે. (જેમકે નેચરીઓનો એવો અકીદો છે. *-પ્રકાશક*)

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان (કાર્યાલય)

## ★ હદીષ : ૩૧ ★

હઝરત અમ્ર ઈબ્ને અબ્સા[1]થી રિવાયત છે : ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને પૂછયું કે હુઝૂર ઈસ્લામમમાં આપની સાથે કોણ કોણ છે ? ફર્માવ્યું, એક ગુલામ, એક આઝાદ[2]. મેં અર્ઝ કરી, ઈસ્લામ શું છે ?[3] ફર્માવ્યું, સારી વાત કરવી, ખાવા ખવડાવવું[4]. મેં પૂછયું, ઈમાન શું છે ?[5] ફર્માવ્યું, સબ્ર અને સખાવત[6]. ફર્માવે છે, મેં પૂછયું : કયો ઈસ્લામ બેહતર છે ? ફર્માવ્યું, જેની જીભ તથા હાથથી મુસલમાન સલામત રહે. ફર્માવે છે, મેં પૂછયું : કયું ઈમાન અફઝલ છે ? ફર્માવ્યું, સારી આદતો (સુસંસ્કાર)[7]. ફર્માવે છે, પૂછયું : નમાઝ કઈ અફઝલ છે ?[8] ફર્માવ્યું, લાંબો કયામ[9]. ફર્માવે છે, મેં પૂછયું : હિજરત કઈ બેહતર છે ?[10] ફર્માવ્યું, એ કે જે રબને પસંદ ન હોય તેને છોડી દો[11]. ફર્માવે છે, મેં અર્ઝ કરી કે જેહાદ કયો બેહતર છે ? ફર્માવ્યું, જેના ઘોડાના પગો કાપી નાખવામાં આવે અને તેનું લોહી વહાવી દેવામાં આવે[12]. ફર્માવે છે કે મેં પૂછયું : ઘડી કઈ બેહતર છે ?[13] ફર્માવ્યું, આખરી રાતનો મધ્યમ ભાગ[14]. *(અહમદ)*

## ★ સમજૂતી ★

**૧.** આપની કુન્નિયત અબૂ શૈખ છે. કબીલા બની સલ્માથી છે. પૂરાણા ઈસ્લામ લાવનાર સહાબી છે, કેમ કે આપ ચોથા મુસલમાન છે. હુઝૂર ﷺ ના હુકમથી પોતાની કૌમ બની સુલૈમમાં રહ્યા. ખૈબર પછી મદીના મુનવ્વરા હાજર થયા અને ત્યાં જ રોકાઈ ગયા.

**૨.** એટલે કે અત્યાર સુધી અબૂબક્ર સિદ્દીક તથા બિલાલ ઈમાન લાવી ચૂક્યા હતા. હઝરત અલી બાળક હતા અને હઝરત ખદીજા સ્ત્રી હતાં એટલા માટે એમનો ઉલ્લેખ નથી કર્યો. અથવા મતલબ એ છે કે ઈસ્લામમાં ગુલામ તથા આઝાદ દરેક પ્રકારના લોકો દાખલ છે. એ જ અર્થ અધિક મજબૂત છે.

**૩.** એટલે કે **મુસલમાનની ખાસ ખૂબીઓ** શું છે અથવા ઈસ્લામનો કમાલ શું છે ?

**૪.** આ **ઈસ્લામી અખ્લાક (સંસ્કાર)** છે. સારી વાતમાં કલ્મા તૈયેબા, દીનની તબ્લીગ, લોકોને બુરાઈથી સખ્તીથી રોકવું, નમ્ર વાણી સર્વ સામેલ છે. અને ખાવામાં મેહમાનનવાઝી, મુસાફરો અને ભૂખ્યાઓનું પેટ ભરવું, બાળકોનું પાલન પોષણ કરવું સૌ સામેલ છે.

**૫.** ઈમાનનું પરિણામ તથા ફળ અને

મો'મિનની નિશાની.

**૬.** સબ્રના ઘણા પ્રકારો છે : ઈબાદત પર સબ્ર, ગુનાહથી સબ્ર, મુસીબતમાં સબ્ર એટલે હમેશાં ઈબાદત કરવી, કદી ગુનોહ ન કરવો, મુસીબતમાં ગભરાઈ ન જવું. એ જ પ્રમાણે ઈલ્મની સખાવત, માલની સખાવત, દીનની સખાવત સૌ એમાં સામેલ છે.

**૭.** સારી આદતો (ખુલ્ક) અલ્લાહની મહાન નેઅમત છે. એ આપણા હુઝૂર ﷺને મો'જિઝારૂપે અતા થઈ.

રબ ફર્માવે છે :– اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ખુલ્કે હુસ્ન (સારી આદતો) તે આદતો છે જેનાથી ખાલિક પણ રાજી રહે, મખ્લૂક પણ રાજી રહે. એટલે કે નફ્સના મામલામાં દરગુઝર અને માફી, દીનના મામલામાં સખ્ત પકડ કરવું.

**૮.** એટલે કે નમાઝનો ક્યો રુક્ન અથવા કઈ સિફત અફઝલ છે. એનાથી જાણવા મળ્યું કે નમાઝનાં અરકાનો આપસમાં સમાન નથી.

**૯.** કુનૂતનો અર્થ ઈતાઅત, આજિઝી, નમાઝ, દુઆ, ખામોશી અને કયામ છે. અહીં ક્યાં તો આજિઝી અથવા તો કયામ મુરાદ છે. અન્ય અર્થો અધિક જાહેર છે. ખયાલ રાખશો કે અમુકની નજીક સિજદો અફઝલ છે અને અમુકને ત્યાં કયામ અફઝલ છે. અમુકના ખયાલમાં રાતની નમાઝમાં લાંબો કયામ અફઝલ અને દિવસની નમાઝમાં અધિક સિજદા બેહતર, પણ ઈમામ સાહબને ત્યાં લાંબો કયામ બેહતર છે, કેમ કે એમાં તકલીફ તથા ખિદમત અધિક છે. એટલે કે જો એક કલાક નફ્લો પઢવા છે તો નાની વીસ રકાતોને બદલે લાંબી ચાર રકાતો પઢે. આ હદીષ ઈમામ સાહબની દલીલ છે જે રિવાયતોમાં સિજદાની અધિક્તાને અફઝલ કહેવામાં આવેલ છે ત્યાં કોઈ ખાસ સબબ છે.

**૧૦.** હિજરતો ઘણા પ્રકારની છે : મક્કાથી હબ્શાની તરફ, મક્કાથી મદીનાની તરફ, કુફ્રસ્તાનથી દારુલ ઈસ્લામની તરફ, જેહાલતની જગાએથી ઈલ્મના સ્થળ તરફ ઈલ્મ શીખવાના માટે, ગુનાહોથી નેકીઓની તરફ, કુફ્રથી ઈસ્લામની તરફ. *(મિર્કાત)*

**૧૧.** હરામ, મકરૂહે તહરીમી, મકરૂહે તન્ઝીહી સૌથી બચો એ આ'લા હિજરત છે. ખયાલ રાખશો કે જે હુઝૂર ﷺ ને પસંદ ન હોય તે અલ્લાહ عزوجل ને પણ પસંદ નથી.

**૧૨.** એટલે કે ગાઝી જેહાદના મેદાનથી જાન સલામત ન લાવે, માલે ગનીમતનો સવાલ ઉભો જ ન થતો. જેહાદમાં જેટલા પ્રમાણમાં તકલીફ વધુ એટલા પ્રમાણમાં સવાબ પણ વધુ.

**૧૩.** એટલે અંતિમ ૧/૩ રાતના ત્રણ હિસ્સા કરો તેની મધ્યના ભાગમાં તહજ્જુદ પઢો, મતલબ રાતના છટ્ઠા હિસ્સામાં. એ જ વખતે સહેરી ખાવું, દુઆઓ માંગવી બલ્કે ઈસ્તિગફાર કરવું અફઝલ છે. કેમ કે એ વખતે રહમતે ઈલાહી દુનિયા પ્રતિ અધિક ધ્યાનિત થાય છે અને એ વખતે જાગવું નફ્સ માટે ભારે હોય છે.

पिछली रातें रहमते रब्बी घर घर करे आवाज़ा !
सोनेवाले रब रब कर लो खुला है दरवाज़ा !

**શરઈ હીલો ફકીરો માટે નેઅમત છે**

ગરીબ અને તંગદસ્ત માણસ પાસે એટલી રકમ નથી આવી શકતી કે તે હજારો રૂા. નું દાન કરી શકે અને પોતાનાં સગાં સંબંધીઓને તેનો સવાબ પહોંચાડી શકે, પરંતુ, જો તે હીલો કરવા રેડી થાય તો તે જેટલાનો હીલો કરે તેટલાનો સવાબ મેળવી શકે છે, અને સગાં સંબંધીઓને પહોંચાડી શકે છે. *(તોહફાએ નજાત, ભાગ–૪)*

"ઈમાનની જાન રસૂલે પાક ﷺ ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ شفا شریف


**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*


**(વિભાગ-૪)**

## હુઝૂર ﷺ ની બૌદ્ધિક અને શારીરિક વિશિષ્ટતા

એમાં કોઈ પ્રકારની શંકા નથી કે આં હઝરત ﷺ સર્વેથી વિશેષ બુદ્ધિશાળી, તેજ બુદ્ધિમય તથા સમજદાર હતા. જો કોઈ અકલમંદ રસૂલુલ્લાહ ﷺ ની તે તદબીરો પર થોડું પણ અધ્યયન કરશે, જે આપે ખુદાની મખ્લૂકની બાહ્ય અને આંત્રિકની સુધારણા માટે અપનાવી અને આપના સુસંસ્કાર તથા અક્કલને આશ્ચર્યચક્તિ કરનારી સીરતને સામે રાખીને જ્યારે તે રાજકીય બાબતો પર નજર દોડાવશે, જે આપ દરેક ખાસ અને આમના સાથે દયાભર્યો વ્યવહાર કર્યો, સાથોસાથ એ પણ ધ્યાનમાં રાખશે કે દુનિયામાં આપે કોઈનાથી ઈલ્મ પ્રાપ્ત કર્યો નથી, ન પાછળનો કોઈ અનુભવ હતો અને ન કોઈ પુસ્તકનો અભ્યાસ કર્યો હતો તેમ છતાં ઈલ્મ અને વિદ્યાના કઈ રીતે દરિયા વહેવડાવી દીધા ! શરીઅતના હુકમોને કેવા અંદાજમાં રજૂ કર્યા કે સાંભળતાં જ ન્યાયી સ્વભાવવાળા માટે માનવા સિવાય કોઈ ઉપાય રહેતો નથી. તો આ વાતો પર નજર કરવાથી એક બુદ્ધિવાન જરૂર એ પરિણામ પર પહોંચશે કે નબી આખરુઝ્ઝમાં ﷺ અક્લ અને સમજમાં સર્વેથી અનેકગણા આગળ છે અને આ ફેંસલા સુધી પહોંચવાના રસ્તામાં શંકા અને વહેમ કદાપિ પણ આડે આવશે નહીં. આ એવી વાત છે જેના માટે કોઈ લાંબુ ચોડું લખાણ કે ભાષણની જરૂર નથી કેમ કે આ વાત સાબિતી સાથે સિદ્ધ થઈ ચૂકેલી છે.

હઝરત વહબ બિન મુનબ્બિહ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં (૭૧) ઈકોતેર કિતાબો પઢી છે તો દરેકમાં એ જ લખેલું જોવા મળ્યું છે કે નબી આખરુઝ્ઝમાં ﷺ તમામ માનવોથી વિશેષ બુદ્ધિશાળી છે. અને આપનું મંતવ્ય બધાના મંતવ્યથી શુદ્ધ અને સર્વોત્તમ છે. બીજી રિવાયતમાં તેમનું બયાન એ છે કે **સરવરે કોનો મકાં ﷺ ની બુદ્ધિથી દુનિયાની સામૂહિક બુદ્ધિને તે જ સંબંધ છે જે દુનિયાના રેતીના રણોને એક કણ સાથે સંબંધ છે.**

હઝરત મુજાહિદ તાબઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે નમાઝના માટે ઉભા થતા ત્યારે જેવી રીતે આગળની વસ્તુઓ જોતા હતા, પાછળની વસ્તુઓ પણ તેવી રીતે તેમને નજરે પડતી હતી. અને આ વિષયમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ : وَتَقَلُّبَكَ فِي السّٰجِدِينَ ની તફસીરમાં બયાન કરવામાં આવેલ છે. મોઅત્તા શરીફમાં ઈમામ

માલિક رحمۃ اللہ علیہ એ એક હદીષ લખેલી છે કે સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે :–

اِنِّیْ لَاَرَاکُمْ مِنْ وَّرَآءِ ظَهْرِیْ

**અર્થાત** : "બેશક! હું તમને પીઠના પાછળ પણ જોવું છું."

અને આના જેવી સહીહેન (સહીહ બુખારી અને સહીહ મુસ્લિમ)માં અનસ رضی اللہ عنہ ની રિવાયત છે અને હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ પણ આના જેવું ફર્માવ્યું છે. તેમનો ઈર્શાદ છે કે આ એક વિશિષ્ટતા છે જેના થકી અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ علیہ وسلم ને મો'જિઝો રૂપે આપી પ્રતિષ્ઠિત કર્યા. કેટલીક રિવાયતોમાં એ પણ આવ્યું છે કે ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ છે :–

اِنِّیْ لَاَنْظُرُ مِنْ وَّرَآئِیْ كَمَا اَنْظُرُ اِلٰی مَنْ بَیْنَ یَدَیَّ وَفِیْ اُخْرٰی اِنِّیْ لَاُبْصِرُ مَنْ قَفَایَ كَمَا اُبْصِرُ مَنْ بَیْنَ یَدَیَّ

**અર્થાત** : "હું બેશક! પોતાના પાછળવાળાને એવી રીતે જોવું છું જેવી રીતે આગળવાળાને જોવું છું. અને બીજી રિવાયતમાં છે કે બેશક! હું પોતાના પાછળ પણ એવી રીતે જોવું છું જેવી રીતે પોતાની આગળવાળી ચીજોને."

બકય બિન મુખલદ رحمۃ اللہ علیہ એ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના આ ઈર્શાદે ગિરામીની રિવાયત કરી છે કે રસૂલે અકરમ, નૂરે મુજસ્સમ, ફખ્રે દો આલમ صلی اللہ علیہ وسلم ની નજરની એ હાલત હતી કે;

یَرٰی فِی الظُّلْمَةِ كَمَا یَرٰی فِی الضَّوْءِ وَالْاَخْبَارُ كَثِیْرَةٌ صَحِیْحَةٌ فِیْ رُؤْیَتِهٖ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ الْمَلٰٓئِكَةَ وَ الشَّیَاطِیْنَ وَ رُفِعَ النَّجَاشِیُّ لَهٗ حَتّٰی صَلّٰی عَلَیْهِ وَ بَیْتُ الْمُقَدَّسِ حِیْنَ وَصَفَهٗ لِقُرَیْشٍ وَ الْكَعْبَةَ حِیْنَ بَنٰی مَسْجِدَهٗ وَقَدْ حُكِیَ عَنْهُ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ اَنَّهٗ كَانَ یَرٰی فِی الثُّرَیَّا اَحَدَ عَشَرَ نَجْمًا وَّ هٰذِهٖ كُلُّهَا مَحْمُوْلَةٌ عَلٰی رُؤْیَةِ الْعَیْنِ وَهُوَ قَوْلُ اَحْمَدَ بْنِ حَنْبَلٍ وَغَیْرِهٖ وَ ذَهَبَ بَعْضُهُمْ اِلٰی رَدِّهَا اِلَی الْعِلْمِ وَالظَّوَاهِرُ تُخَالِفُهٗ وَلَا اِحَالَةَ فِیْ ذٰلِكَ وَهِیَ مِنْ خَوَاصِّ الْاَنْبِیَآءِ وَخِصَالِهِمْ۔

**અર્થાત** : "આપ અંધારામાં પણ એવી રીતે જોતા હતા જેવું કે અજવાળામાં, અને કેટલીય ખબરો અને હદીષો આ વિશે મૌજૂદ છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ફરિશ્તા અને જિન્નતોને જોતા હતા અને નજાશીને આપના માટે ઉઠાવી લાવ્યા, ત્યાં સુધી કે આપે મક્કાના કુરૈશે તેમની ખૂબીયો બયાન કરી. અને કા'બા રજૂ કરવામાં આવ્યો જ્યારે આપે મસ્જિદે નબવીનો પાયો નાંખ્યો. અને આપથી એ પણ રિવાયત કરવામાં આવી છે કે આપ ઝુમખામાં અગ્યાર તારાઓનું નિરીક્ષણ કર્યું. અને આ બધા બનાવો આંખથી જોવાના આધાર પર છે. અને આ જ કૌલ ઈમામ અહમદ બિન હંબલ વગેરેનો છે. જ્યારે કે કેટલાક તેને રદ કરતાં, તેને ઈલ્મ (જાણવા) પર આધારિત કરે છે જ્યારે કે જાહેરી ભાવાર્થ તેમના કથનનો વિરોધ કરે છે અને V ĮAI FGF DF8[V FB YLÔ [] FDF★ કોઈ ફરક પડતો નથી કેમ કે આ ગુણ અંબિયાના ખાસ ગુણોમાંથી છે.

આના જેવી તે હદીષ છે જેની ખબર અમને અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન અહમદ અલ્અદલે પોતાની કિતાબ દ્વારા આપી છે. તેઓ ફર્માવે છે કે અમારાથી હદીષ બયાન કરી અબુલ હસન મકરી

★ એટલે જ આ સૈકાના મુજદ્દિદે હક્ક ઈમામ અહમદ રઝા ખાં બરેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું :–

**ઔર કોઈ ગૈબ ક્યા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ**

ફરગાનીએ, તેમનાથી ઉમ્મે કાસિમ બિન્તે અબીબક્રએ પોતાના પિતા દ્વારા, તેમણે શરીફ બુલ્હસન અલી બિન મુહમ્મદ અલ્હસનીએ તેમનાથી મુહમ્મદ બિન મુહમ્મદ સઈદ, તેમનાથી મુહમ્મદ બિન અહમદ બિન સુલૈમાને, તેમનાથી મુહમ્મદ બિન મરઝૂકે, તેમનાથી હુમામે, તેમનાથી હસને, તેઓએ કતાદાથી સાંભળી છે.

તેમણે યહ્યા બિન વસ્સાબથી, તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૫૮)થી સાંભળી કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે :–

لَمَّا تَجَلَّ اللّٰہُ عَزَّوَجَلَّ لِمُوْسٰی عَلَیْہِ السَّلَامُ کَانَ یُبْصِرُ النَّمْلَۃَ عَلَی الصَّفَا فِی اللَّیْلَۃِ الظُّلْمَآءِ مَسِیْرَۃَ عَشَرَ فَرَاسِخَ وَلَا یَبْعُدُ عَلٰی ھٰذَا اَنْ یَّخْتَصَّ نَبِیُّنَا صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ بِمَا ذَکَرْنَاہُ مِنْ ھٰذَا الْبَابِ بَعْدَ الْاَسْرَآءِ وَالْخَطْرَۃِ بِمَا رَاٰی مِنْ اٰیَاتِ رَبِّہِ الْکُبْرٰی ۔ (صحہ)

**અર્થાત** : ''જ્યારે અલ્લાહ جل جلالہ એ હઝરત મૂસા علیہ السلام ને પોતાની તજલ્લી દેખાડી તો તેની દષ્ટિ શક્તિની એ હાલત થઈ કે તેઓ રાતના અંધારામાં દસ ફરસખ (સવા બે માઈલ–એક ફરસખ)ના અંતર પર કોઈ કીડી કોઈ એક સાફ પથ્થર પર હોતી તો તેને જોઈ લેતા હતા. અને આ કાર્ય અશક્ય નથી★ કે નબી કરીમ صلی اللہ علیہ وسلم ને પણ આ વિશિષ્ટતા બખ્શવામાં આવી હોય જેની અમે આ ક્રમમાં ચર્ચા કરી દીધી છે. એટલે કે મેઅરાજથી સંમાનિત થયા અને પોતાના રબની મહાન નિશાનીઓ જોવાથી એવી દષ્ટિ શક્તિ પ્રાપ્ત થઈ હોય.

હદીષમાં એ પણ આવ્યું છે કે આપે રુકાનાને પછાડયો જે પોતાના સમયનો તાકતવર પહેલવાન હતો. આપે તેને ઈસ્લામની દા'વત આપી હતી. જાહિલિયતના સમયમાં રુકાનાની ખૂબ જ શક્તિશાળીઓમાં ગણત્રી થતી હતી. એ માટે તેણે ત્રણ વખત રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને કુસ્તીના માટે ચેલેંજ કરી અને દરેક વખતે આપે તેને પછાડી દીધો હતો.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી વધુ ગતિમાન કોઈને જોયો નથી. એવું લાગતું હતું કે જમીન આપનાથી સંકોચાઈ જતી હતી. અમે ઘણા પ્રયત્નો અને મુશ્કેલીથી આપના સાથે ચાલી શકતા હતા, જ્યારે આપ બિલ્કુલ આરામથી ચાલતા હતા !

નબી કરીમ صلی اللہ علیہ وسلم ની ખૂબીઓમાં એ પણ છે કે આપનું હસવું મંદ મંદ હસવા સુધી મર્યાદિત હતું. જ્યારે કોઈના તરફ નજર કરતા તો પૂરી રીતે જોતા, ચાલતા સમયે પગ ઉઠાવીને ચાલતા (અને થોડા ઝુકીને જાણે કે બુલંદી પરથી ઉતરે છે.) (صلی اللہ علیہ وسلم)

★*સુબ્હાનલ્લાહ ! નિગાહે મુસ્તફાની વાત જ નિરાળી છે. દુનિયા અને જે કાંઈ તેમાં છે આપની નજર સમક્ષ છે. જમીન અને આસમાનની કોઈ વ્યક્તિ અને કોઈ અલ્પ કણ આપની નિગાહથી ગુપ્ત નથી. જો ખાલિક અને માલિકની તરફ સંપૂર્ણપણે ધ્યાન આપે અથવા બીજી તરફ ધ્યાન ન આપે તો અલગ વાત છે. નિગાહે મુસ્તફા صلی اللہ علیہ وسلم નો કોઈ અંદાજો લગાડી શકાતો નથી. જ્યારે કે તે બારગાહના ગુલામો એટલે કે હઝરત ઔલિયા અલ્લાહની નિગાહોની એ હાલત છે કે ''ઝમીન પર નઝર યું સુફરા અવસ્ત.'' (નફહાતુલ અન્સ) અને લોહે મહફૂઝ સુદ્ધાં તે બુઝુર્ગોની નિગાહોથી છુપુ નથી. (તફસીરે અઝીઝી, તફસીરે મઝહરી) એ માટે નિગાહે મુસ્તફાની શાન બયાન કરતાં ઈમામ અહમદ રઝા ખાં બરેલ્વી رحمۃ اللہ علیہ આ પ્રમાણે લખે છે :–*

**સરમગીં આંખે હરીમ હક્ક કે વહ મિશ્કીને ગિઝાલ**
**હૈ ફિઝાએ લા-મકાં તક જિનકા રમના નૂર કા**

# फतवा विभाग

-कार्यालय

## શરઈ હીલા વિશે સમજૂતી ?

**સવાલ** : શરઈ હીલો ક્યારે અને કયા કામના માટે જાઈઝ છે ? બકરનું કથન એ છે કે ઝકાત તથા ફિત્રાની રકમ શરઈ હીલો કર્યા પછી પણ ખાનકાહોમાં વાપરવી જાઈઝ નથી. જ્યારે ઝૈદનું કહેવું છે કે ખાનકાહ પણ મદ્રસા જેમ છે જેથી એમાં પણ એ રકમ શરઈ હીલો કર્યા બાદ ખર્ચવી દુરુસ્ત છે. ઝયદનું આવું કહેવું કેટલે અંશે યોગ્ય છે અને ઝયદ પર શરીઅતની રૂએ શું હુકમ છે ? બૈયનૂ તૂજરૂ.

**પૂછનાર** : મુહમ્મદ ઐયૂબ, સેક્રે. અંજુમને મિલ્લતે ઈસ્લામિયા, પલ્ટન બાઝાર, ગૌહટ્ટી

**જવાબ** : ઝકાતની રકમના મૂળ હક્કદારો ફકીર તથા મિસ્કીન મુસલમાન છે. કુર્આન શરીફ, સૂરએ તૌબામાં છે :–

”اِنَّمَا الصَّدَقٰتُ لِلۡفُقَرَاۤءِ وَالۡمَسٰکِیۡنَ“ الخ

**(અર્થ)** : ''ઝકાત તો તે લોકો માટે જ છે મોહતાજ તથા નર્યા નાદાર.'' *(પારા–૧૦, આયત–૬૦)*

જેથી ઝકાત તે લોકોને આપવાથી અદા થશે, અને અન્ય લોકોને આપવી નાજાઈઝ તથા ગુનોહ થશે. એટલા માટે **કોઈપણ ખાનકાહમાં ઝકાતની રકમ આપવી જાઈઝ નથી.**

શરઈ હીલાની રજા બે શર્તો સાથે આપવામાં આવી છે. એક એ કે ગૈર મસ્રફમાં (જ્યાં ઝકાત ન ખર્ચવામાં આવે ત્યાં) ઝકાતની રકમ વાપરવાની હાજત કે જરૂરત જોવા મળે. એટલે ઝકાતની રકમ વાપર્યા વિના કોઈ માર્ગ જ ન હોય. અથવા માર્ગ તો હોય પણ ખૂબ જ વાંધો તથા મુશ્કેલીનો સામનો કરવો પડે. ફિકહનો કાયદા કુલ્લિયા છે કે :–

”الضرورات تبيح المحضورات“ الحاجة قد تنزل منزلة الضرورة، المشقة تجلب التيسير“ اھ

અને બીજી શર્ત એ છે કે એ કામ સ્વંય (ફીનફસિહી) કુર્બત તથા સવાબનું કામ હોય કે હાજત તથા જરૂરતની સ્થિતિમાં પણ તે રકમ પોતાના મિષ્લ મસ્રફ (જ્યાં ઝકાત ખર્ચવામાં આવી શકે)માં જ વપરાય. ફતાવા આલમગીરી ''કિતાબુલ હીલ''માં છે :–

”فی جميع أبواب البر كعمارة المساجد وبناء القناطير الحيلة أن يتصدق نمقدار زكوة علىٰ فقير، ثم يامره بالصرف الى هذه الوجوة“ اھ

*(ભાગ–૬, પેજ–૩૯૩)* અને રદ્દુલ મુહતારમાં છે.

જેથી જો ક્યાંક હાજત હોય પણ તે કામ સવાબનું ન હોય. અથવા કામ સવાબનું હોય પણ ત્યાં શરઈ હાજત ન હોય તો એ જગાઓ પર હીલાની ઈજાઝત થશે નહીં. દા.ત. તંગદસ્ત માંબાપની મદદ કરવી ઘણુ જ સવાબનું કામ છે. પરંતુ પુત્ર જે સાહિબે નિસાબ હોય તે પોતાની પાસેથી તેમની સહાય કરી શકે છે પણ તેના માટે જાઈઝ નથી કે પોતાના માલનો હીલો કરીને તેને માં બાપ પર ખર્ચ કરે. જેમ કે રદ્દુલ મુહતારમાં છે :–

”يكره أن يحتال فی صرف الزكوٰة الىٰ والديه المعسرين بأن تصدق بها على فقير، ثم صرفها الفقير اليهما كما فی القنية، قال فی شرح وهبانية وهی شهيرة مذكورة فی غالب الكتب“ اھ

દીની મદ્રસાઓમાં જે હીલાની ઈજાઝત આપવામાં આવી તેનું કારણ એ છે કે ત્યાં બંને શરતો મુતહક્કિક (તેહકીક સાથે સાબિત) છે. મદ્રસાની તા'લીમનું નેકીનું કાર્ય હોવું તો જાહેર છે કે એમાં મૂળ હેતુ કુર્આન, હદીષ તથા ફિકહના ઈલ્મોની તા'લીમ છે જે ફર્ઝ છે, બાકીના ઈલ્મો એના હેઠળ આવે છે અને એના હેઠળ રહી કોર્સમાં સામેલ છે કે તેમના થકી દીની ઈલ્મોની પ્રાપ્તિ તથા સમજમાં મદદ મળે છે. અને હાજત તથા જરૂરતની સ્થિતિ પણ જાહેર છે કે જો શરઈ હીલાની ઈજાઝત ન આપવામાં આવે તો સામાન્ય રીતે જોતાં ક્યાં તો એ મદ્રસા બંધ થઈ જાય અથવા અતિ કમજોર થઈ જાય જેમના થકી દીની ઈલ્મોની રક્ષા તથા સલામતી અને ઈસ્લામ પ્રચાર તથા પ્રસાર ખૂબીપૂર્વક થઈ શક્શે નહીં. કેમ કે હવે મુસ્લિમ કૌમનો મિજાઝ એ બની ચૂક્યો છે કે તે દીનનું દરેક કામ ઝકાતના ફંડ થકી જ કેવળ ૨.૫% (અઢી ટકા) તેના થકી કરવા ચાહે છે અને એમાં તેમના દરેક દીની મસ્અલાનો હલ છે. પોતાની પાસેથી અતિય્યો કે ચંદો આપવાનો મિજાઝ રહ્યો નથી, બલ્કે કેટલા લોકો તો એવા છે જેઓ ખરા અર્થમાં પૂરી ઝકાત પણ કાઢતા નથી. આવા માહોલમાં મદ્રસાઓને (લિલ્લાહ) ચંદા પર નિભાવવા તેને બર્બાદ કરી દેવા સમાન છે. જેથી અતિશય મજબૂરીની સ્થિતિમાં ઈજાઝત આપી છે. એથી ઉલ્ટુ ખાનકાહોમાં આ જરૂરત તેહકીક સાથ સાબિત નથી અને મુરીદો પીરના ઈશારા પર ઘણુ બધું ખર્ચી કાઢવાના માટે સતત તૈયાર રહે છે. તો ખાનકાહનું કામ કેવળ (લિલ્લાહ) ચંદાના બળ પર ઘણી સરળતાપૂર્વક ચાલી શકે છે એટલા માટે અહીં શરઈ જરૂરત તો શું શરઈ હાજત પણ નથી જોવા મળતી. વળી ખાનકાહનું બાંધકામ શરઈ દષ્ટિએ ન ફર્ઝ છે ન વાજિબ, એટલા માટે ખાનકાહોમાં ઝકાતની રકમનો ઉપયોગ કોઈ સંજોગોમાં જાઈઝ નથી. જે શખ્સે ચંદામાં ઝકાતની રકમ આપી તેને શરીઅતના આ મસ્અલાથી માહિતગાર કરી દેવામાં આવે જેથી એને તે ઝકાતના હક્કદારોમાં વાપરે અને ખાનકાહની મદદ પોતાના અતિય્યા થકી કરે. અને ઝયદે ગલત કહ્યું, તેણે ગલત મસ્અલો બતાવ્યો જેથી તે તૌબા તથા ઈસ્તિગફાર કરે અને ભવિષ્યમાં આ રીતે વિના તેહકીકે મસ્અલો જણાવવાથી દૂર રહે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર : મુહમ્મદ નિયાઝ બરકાતી** *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, બસ્તી યુ.પી.–બહવાલા કન્ઝુલ ઈમાન માસિક, ઉર્દૂ–દિલ્હી, સપ્ટેમ્બર–૦૫)*

★ ✪ ✪

## ઝકાત લેવાનો હક્કદાર હોય તો તેની પાછળ નમાઝ જાઈઝ

**સવાલ** : શું ફર્માવે છે દીનના આલિમો આ મસ્અલામાં કે, એક જગાએ મસ્જિદનો ઈમામ ગરીબ માણસ છે, અને ઝકાત લે છે, તે ઝકાતનો હક્કદાર પણ છે. તો કેટલાક લોકો કહે છે કે એની પાછળ નમાઝ થશે નહીં. શરીઅતની રૂએ શો હુકમ છે? *(**પૂછનાર** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

**જવાબ** : જણાવેલ સ્થિતિમાં જો "ઝયદ" નમાઝના તથા પાકીના મસાઈલથી વાકેફ છે અને સાહિબે નિસાબ નથી તથા ગરીબ છે તો એની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે, એમાં કાંઈ જ વાંધો નથી, ભલે તે ઝકાત તથા સદકા ફિત્રા લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર : (મુફતી) નઝરુલ હક્ક મિસ્બાહી,** ખાદિમ દારુલ ઈફતા દા.ઉ. મુઈનુલ ઈસ્લામ, થામ, તા. જિ. ભરૂચ (ગુજરાત) તા. ૨૨–૮–૦૫, ૧૫–રજબ હિ. ૧૪૨૬

★ ✪ ✪

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ★ ગાળનું વૈજ્ઞાનિક દષ્ટિએ નુકસાન ★

ગાળ (અપશબ્દ)થી નફરત ફેલાય છે અને અસલમાં ગાળ એ નકારાત્મક કિરણોની શક્તિ છે અને જાહેર છે કે તે નકારાત્મક અસરો જ પેદા કરશે. દરેક શબ્દ ઈથરમાં એક ખાસ સ્વરૂપ ધારણ કરી લે છે. દા.ત. નફરતનો શબ્દ એટલા પ્રમાણમાં ભયાનક સ્વરૂપમાં બદલાય જાય છે કે યૂરોપના એક મશહૂર વિધ્વાન લેડબટેર પોતાના પુસ્તકમાં લખે છે કે એકવાર મેં એ સ્વરૂપ જોઈ લીધું અને ત્યારબાદ મને એ શબ્દનો ઉપયોગ કરવાની કદી હિંમત ન થઈ. એક મામૂલી સરખી ગાળ એ અમુક શબ્દોનો સમૂહ છે પરંતુ મોઢેથી નીકળતાં જ જેને આપવામાં આવી તેના તન બદનમાં આગ લગાડી દે છે ! આ આગ ક્યાંથી આવે છે, શબ્દોથી. અને એ શબ્દોમાં આગ તે સીના તથા દિલમાં હોય છે જેમાંથી ગાળ નીકળે છે અને તે આગ ગાળ થકી બીજાની અંદર ચાલી જાય છે.

લેડબટેર કહે છે કે, હું કહીશ કે કદી ગાળ ન આપો કેમ કે એ તમારા ચહેરાને વિકૃત કરી નાખશે અને લોહીમાં હેસ્ટામીનનો વધારો થઈ જાય છે જેનાથી મગજના કોશો ખૂબ જ અસર પામે છે અને માણસ અસંખ્ય જોખમી બીમારીઓમાં સપડાઈ જાય છે.

ઈસ્લામે આપણને સદીઓ પહેલાં મના કરી આપ્યું અને અર્વાચીન ડોકટરોએ તેને સંશોધન પછી હવે મના કર્યું !

## ★ બદ્અખ્લાકી અને તેનો ઈલાજ ★

બદ્અખ્લાક (ખરાબ વર્તણૂંકવાળો) હદીષના હુકમ હેઠળ બદ્બખ્ત તથા બદ્નસીબ છે. જેમ કે તાજદારે મદીના સુરૂરે કલ્બો સીના ﷺ ની ખિદમતે બાબરકતમાં અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! **બદ્બખ્તી શું છે ?** આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **બદ્અખ્લાકી.**

મુકાશિફતુલ કુલૂબમાં એ હદીષ નકલ છે કે તાજદારે રિસાલત ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, બદ્અખ્લાકી અમલને એવી રીતે ખરાબ (બર્બાદ) કરી નાખે છે જેવી રીતે સિરકો મધને ખરાબ કરી નાખે છે. હઝરત સૈયેદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણી સ્ત્રીના વિશે ઝિક્ર કરવામાં આવે છે કે નમાઝ તથા રોઝા તથા સદકો પુષ્કળ કરે છે, જો કે એ વાત પણ છે કે તેણી પોતાની જીભ વડે પડોશીઓને તકલીફ પણ પહોંચાડે છે ! ફર્માવ્યું, તેણી જહન્નમમાં છે ! તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણી સ્ત્રીના વિશે કહેવામાં આવે છે કે તેના રોઝા તથા નમાઝ અને સદકામાં કમી છે (એટલે નફ્લોમાં), તેણી પનીરના ટુકડા સદકા કરે છે અને અને પોતાની જીભ વડે પડોશીઓને તકલીફ નથી આપતી. ફર્માવ્યું, તેણી જન્નતમાં છે.

આ હદીષે પાકથી તે મોટેરાઓ સબક હાંસલ કરે જેઓ વાત વાતમાં લોકોને ખખડાવી નાખે છે બલ્કે મઆઝલ્લાહ ! મસ્જિદમાં પણ જોર જોરથી લોકોને ધમકાવતા રહે છે. ક્યાંક એવું ન બને કે લોકોનાં દિલોને ઠેસ પહોંચાડવાના કારણે આખેરત બર્બાદ ન થઈ જાય અને તમામ ઈબાદત તથા રિયાઝત અહીં તેવી ને તેવી રહી જાય.

યાદ રાખશો ! હુસ્ને અખ્લાક (સદ્વર્તન) અલ્લાહ عزوجل ની તરફથી ઘણુ જ મોટુ ઈનામ છે.

જેમ કે એક પ્રસંગે કેટલાક લોકોએ સરકાર ﷺ ને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ **સૌથી બેહતરીન ચીજ** જે ઈન્સાનને આપવામાં આવે છે તે શું છે ? તો ફર્માવ્યું, **"સારા અખ્લાક !"** *(મિશ્કાત શરીફ)*

હઝરત સૈયેદેના અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ હુસ્ને અખ્લાક (સદ્‌વર્તાવ)ની વ્યાખ્યા દર્શાવતાં ફર્માવે છે : હસમુખો સ્વભાવ, અલ્લાહ عزوجل ની રાહમાં ખર્ચ કરવો અને કોઈને તકલીફ ન આપવાનું નામ "હુસ્ને અખ્લાક" છે. બુઝુર્ગાને દીન قُدِّسَتْ اَسْرَارَهُمْ નો અખ્લાક સરકાર ﷺ ના પ્રતિબિંબ સમાન હતો. તેમનું અંગત ભલે ગમે તેટલુ નુકસાન થઈ જાય પણ એ હઝરાત ઉફ સુદ્ધાં ન કરતા, બલ્કે જેના થકી તેમને નુકસાન પહોંચી જાય તો ઘણી વેળા તે નુકસાન પહોંચાડનારાઓ પર પણ ઈનામો ઈકરામની વર્ષા કરી દેતા. જેમ કે હઝરત સૈયેદના અહનફ ઈબ્ને કૈસ رضی اللہ عنہ ને કોઈએ પૂછયું કે આપે અખ્લાક કોની પાસેથી શીખ્યા ? ઈર્શાદ ફર્માવ્યો, હઝરત સૈયદેના કૈસ ઈબ્ને આસિમ رضی اللہ عنہ થી. ફરી પ્રશ્ન થયો કે, તેમના અખ્લાક કેટલી હદે પહોંચી ચૂક્યા હતા ? ઈર્શાદ ફર્માવ્યો, એકવાર તેઓ પોતાના ઘરમાં બેઠા હતા. એવામાં તેમની બાંદી સીખ લઈને આવી જેના પર શેકેલા ગોશતનો મોટો ટુકડો હતો. સીખ તેના હાથથી પડી ગઈ અને હઝરત કૈસના પુત્રને વાગી જેનાથી બાળક મૃત્યુ પામ્યો. તો બાંદી ગભરાઈ ગઈ. આપ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, તારે ડરવું ન જોઈએ ! તું અલ્લાહ عزوجل ના માટે આઝાદ છે.

સુબ્હાનલ્લાહ ! કુર્બાન જાવ ! હુસ્ને અખ્લાકની મેઅરાજ એને જ તો કહે છે કે બાંદીની લાપરવાહીથી બાળક મૃત્યુ પામ્યો તો પણ ખૂનનો કેસ લાગુ કરવાને બદલે બાંદીને આઝાદ કરી દીધી ! અલ્લાહુ અકબર ! પણ આહ ! જો આજે આપણો નોકર એકાદ રૂપિયાની કિંમતનો પ્યાલો પણ જો ભૂલથી ફોડી નાખે તો આપણે તેના પર વરસી જ પડીએ અને ગાળોની બૌછાર કરી દઈએ, અને જો અધિક ગુસ્સો આવી જાય તો એકાદ ઝાપટ મારવાથી પણ ન ચૂકીએ. કુર્બાન જાવ આપણા બુઝુર્ગોના હુસ્ને અખ્લાક (સદ્‌વર્તાવ) પર કે યકીનન ! તેમના ઉચ્ચ અખ્લાકના તુફૈલ તો આજે ચોતરફ ઈસ્લામનો ગુલશન લહલહતો જોવા મળે છે. ખુદા તઆલા આપણને પણ અખ્લાકની દૌલતથી માલામાલ ફર્માવે. (આમીન)


## અનુભવી ઉસ્તાદો જોઈએ છે !

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા**ની યાદી જણાવે છે કે વર્તમાન કાળમાં ઉપસ્થિત થતા મસાઈલના જવાબો આપી શકે એવા એક અનુભવી મુફ્તી તથા એક શૈખુલ હદીષ જે દર્સે નિઝામિયાની દૌરા સુધીની કિતાબો પઢાવી શકે તેમજ એક આલિમ જે પણ હદીષની કિતાબો પઢાવી શકે એવા સુન્ની (બરેલ્વી) ઉસ્તાદોની જરૂર છે તો લાગતા વળગતાઓએ સનદોની ઝેરોક્ષ, અનુભવના સર્ટિફિકેટોની ઝેરોક્ષો સાથે અરજી મોકલવા વિનંતિ છે. ઈન્ટરવ્યુ ૫ શવ્વાલથી ૧૦ શવ્વાલ સુધીમાં થશે. સંપર્ક સરનામુ :-

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી,**
ઠે. ભરૂચ જંબુસર રોડ, મુ. **દયાદરા,**
તા. જિ. ભરૂચ, પિન-૩૯૨ ૦૨૦
ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૮૬

**બરકાતે ખ્વાજા માસિકના ગ્રાહક બનો અને બનાવો !**

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## લક્વો, મસા તથા હાર્ટફેઈલ

એ જ બીમારીઓમાંથી કે જે હવે સામાન્ય થઈ ગઈ છે લક્વો, મસા તથા અચાનક મૌત થવું (હાર્ટ ફેઈલ) છે. એના બારામાં પણ ખાસ રીતે હદીષોમાં આવેલ છે. દીનોરીએ મજાલિસમાં કહ્યું કે :–

અનસ ઈબ્ને માલિક (رضی اللہ عنہ) થી રિવાયત છે : રસૂલુલ્લાહ (صلی اللہ تعالیٰ علیہ وسلم) એ ફર્માવ્યું :–

من اقتراب الساعة ان يفشوا الفالج و موت الفجائة

''કિયામત નિકટ હોવાની નિશાની એ છે કે લક્વો તથા હાર્ટફેઈલ સામાન્ય થઈ જશે.'' *(મજાલિસહુ)*

એને તિબ્રાનીએ સગીરમાં એક અન્ય રીતે રિવાયત કરી. શઅબીએ અનસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ (صلی اللہ تعالیٰ علیہ وسلم) એ ફર્માવ્યું :–

من اقتراب الساعة ان يرى الهلال قبلا فيقال لليلتين، وان تتخذا المساجد طرقا وان يظهر موت الفجائة

''કિયામત નિકટ હોવાની નિશાનીઓમાંથી એ છે કે પહેલો ચાંદ સાફ સાફ જોવા મળશે, તો કહેવામાં આવશે કે બે રાતોનો છે અને મસ્જિદોને રસ્તા બનાવી લેવામાં આવશે અને અચાનક મૌત થવું જાહેર થશે. *–(તિબ્રાની)*

રિવાયત કરી તિબ્રાની તથા અબૂ નુઐમે હિલ્યામાં અબૂ હુઝૈફાથી કે રસૂલુલ્લાહ (صلی اللہ تعالیٰ علیہ وسلم) એ ઈર્શાદ ફર્માવ્યો :–

من اقتراب الساعة كبيرة الطلاق وموت الفجائة

''કિયામતની નિશાનીઓમાંથી તલાકની અધિક્તા તથા અચાનક મૌત છે.''

કુર્તબીએ તઝકેરામાં વર્ણન કર્યું : (જા'ફર ઈબ્ને મુહમ્મદ પોતાના વાલિદથી અને તેઓ પોતાના દાદાથી) હઝરત અલી (کرم اللہ تعالیٰ وجہہ الکریم) એ ફર્માવ્યું, ''કિયામતની નિશાનીઓમાંથી મસા (બવાસીર) તથા અચાનક મૌતનું થવું છે.''

## નાફર્માની તથા ગુનાહમાં સ્ત્રીઓની અધિક્તા

હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) ની પેશનગોઈઓમાંથી એ પણ છે કે સ્ત્રીઓ નાફર્માની તથા દિલેરીમાં હદથી વધી જશે અને મર્દોના મોટા મોટા હોદ્દાઓની પરવા નહીં રાખે અને તેણીઓ એવી લાલચ રાખશે કે તે જજ બને, પ્રધાન બને અને ગવર્નમેન્ટની સફીરા બને. અને પછી તે અમુક દેશોમાં તે ઉચ્ચ હોદ્દાઓ પર બેસી જશે અને તે પોતાના પ્રદર્શનમાં પુરૂષોથી પણ આગળ નીકળી જશે. બલ્કે તેણીઓ એવી ચીજો માટે પણ હિંમત કરશે જે શરીઅતથી હોય અને તેમની ઈચ્છાઓની વિરૂધ્ધ હોય. હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم) એ એ તરફ નિર્દેશ કર્યો છે :–

કیف بکم ایھاالناس اذا طغی نساؤکم وفسق شبابکم، قالوا یا رسول اللّٰہ ان ھذالکائن قال نعم

"હે લોકો ! એ વખતે તમારો શો હાલ થશે જ્યારે તમારી સ્ત્રીઓ નાફર્માની કરશે અને તમારો શબાબ (યુવાની) નેકબખ્તીના માર્ગેથી હટી થશે ! સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું એવું થશે ? ફર્માવ્યું, હા !" *(તિબ્રાની અવસત)*

રિવાયત કરી તિબ્રાનીએ અવસતમાં અબૂ હુરૈરહથી બે સનદોથી રિવાયત કરી અને ત્રીજી સનદ મરુસલ છે. : રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

کیف بکم اذافسق شبابکم وطغت نساؤکم وکثرجھالکم قالوا وان ذالك لکائن یا رسول اللّٰہ ؟ قال واشد من ذالك

"એ સમયે તમારો શો હાલ થશે જ્યારે તમારો શબાબ (યુવાની) નેક બખ્તીના માર્ગેથી હટી જશે, તમારી ઔરતો બાગી જઈ જશે અને જાહિલોની અધિક્તા થશે. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું એવું થશે ? ફર્માવ્યું, એનાથી પણ વધારે થશે ! *(અલ્ બદઅ્)*

જેમ કે હવે જોઈ લો કે સ્ત્રીઓ કેટલા અંશે આગળ વધી ચૂકી છે અને યુવાનીઓ કેટલા પ્રમાણમાં ગુમરાહી પ્રતિ આગળ વધી રહી છે, એટલે સુધી કે કુફ્ર તથા અધર્મતાની નોબત આવી ગઈ છે ! અને તમામ બુરાઈઓથી ઔરતો ગુજરી ચૂકી છે.

## કારોબારી સંસ્થાઓમાં પુરૂષો સાથે સ્ત્રીઓનો વેપાર

હુઝૂરની પેશનગોઈ પ્રમાણે છે કે આજે ઔરતો પુરૂષો સાથે દુકાનોમાં કારોબાર કરે છે ક્યાં તો તેના કાર્યમાં સહકારી બનીને અથવા નોકરીના રૂપે અથવા પોતાના પતિના કામમાં ટેકારૂપે. જેમ કે હુઝૂર પુરનૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો જેના રાવી અબ્દુલહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી છે કે કિયામતની નિશાનીઓમાંથી એ છે કે સલામ ખાસ ખાસ લોકો સુધી સીમિત થઈ જશે અને વેપાર એટલા પ્રમાણમાં આમ થઈ જશે કે સ્ત્રી પોતાના પતિને વેપાર માટે નિયુક્ત કરશે." *(મુસ્નદે અહમદ, ભાગ–૧, પેજ–૪૦૫)*

રિવાયત કરી અહમદ તથા બુખારીએ અદબુલ મુફરદ તથા બઝ્ઝાર તથા તહાવીએ રિવાયત કરી મુશ્કિલુલ્ આષારમાં અને તિબ્રાની તથા હાકિમે પણ રિવાયત કરી છે. તિબ્રાની અદા ઈબ્ને ખાલિદથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કિયામત કાયમ થશે નહીં ત્યાં સુધી કે સલામ કેવળ તે શખ્સને કરવામાં આવશે જેની સાથે જાન પેહચાન હશે અને મસ્જિદોને રસ્તો બનાવી દેવામાં આવશે અને સ્ત્રી પુરૂષ સંયુક્ત રીતે વેપાર કરશે." *(તિબ્રાની કબીરમાં, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૪૬)*

## પોલીસ

એનામાંથી જ એ છે કે પોલીસના સિપાહીઓની અધિક્તા થશે. અને ઠેકઠેકાણે નિયુક્ત કરવામાં આવશે જેમ કે આજે ગવર્નમેન્ટો કરે છે. જેમ કે તિબ્રાની કબીરમાં ઔફ ઈબ્ને માલિકથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : "હું તમારા પર છ ચીજોથી ડર અનુભવું છું (એમાંથી એક) બેવકૂફોની સત્તા અને પોલીસની અધિક્તા." *(તિબ્રાની કબીર)*

હુઝૂર ﷺ એ પોતાની ઉમ્મત પર એ કારણે ડર પ્રદર્શિત કર્યો કે એક તો કિયામત નિકટ હોવાની દલીલ છે અને પછી એ પણ એ કે લોકો દરેક વટેમાર્ગુ પર જુલ્મ કરશે અને ફોગટમાં તેમને દંડ ફટકારશે અને એ પણ કે તેમના હાથોમાં કોરડા તથા લાકડીઓ હશે જેનાથી તેઓ કોઈ મામૂલી સબબથી પણ કમજોરોને મારશે. જેમ કે ખૂદ હુઝૂરે અકરમ ﷺ એ વિવિધ હદીષોમાં જણાવ્યું છે.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "દોઝખીઓના બે પ્રકાર એવા છે કે મેં એમને નથી જોયા. એક તો તે લોકો જેમની પાસે ગાયની પૂછડીઓની જેમ કોરડા હશે જેનાથી તેઓ લોકોને મારશે. બીજી તે સ્ત્રીઓ જે પહેરવા છતાં નગ્ન હશે, ઊંટણીઓની ખાંધની જેમ પોતાનાં માથાંને ટેઢાં કરતી હશે (એટલે હેટ પહેરશે). એઓ જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં, જ્યારે જન્નતની ખુશ્બુ આટલા આટલા અંતરેથી અનુભવવામાં આવી શકે છે." *–(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૮૩, મુસ્નદે અહમદ, ભાગ–૨, પેજ–૩૫૩)*

આ કોરડા ખરેખર બળદોનાં પૂછડાંઓની જેમ હોય છે જેનો અનુભવ યૂરોપમાં ફ્રેન્ચની પોલીસની પાસે કરવામાં આવી શકે છે. એમાં જ હદીષે અમામા છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ ઉમ્મતમાં આખર જમાનામાં એવા લોકો નીકળશે જેમની પાસે બળદોની પૂછડીની જેમ કોરડા હશે, તેઓ સવાર કરશે અલ્લાહની નારાજગીમાં અને સાંજ અલ્લાહ ગઝબમાં કરશે." *(હાકિમે સહીહ અસ્નાદ સાથે રિવાયત કરી, મુસ્તદરક, ભાગ–૪, પેજ–૪૩૬)*

## હાકિમોની અધિક્તા

ઈસ્લામમમાં વિખવાદ નાખવા માટે વિવિધ રાજ્યો તથા ગવર્નમેન્ટો અસ્તિત્વમાં આવશે અને એ રીતે હાકિમો તથા અમીરોની અધિક્તા થશે. દા.ત. અત્યારે કેવળ અરબદ્વિપમાં લગભગ ૨૦ અથવા એનાથીયે વિશેષ અમીરો મૌજૂદ છે. જેઓ હિજાઝ, કુવૈત, યમન, બેહરીન, હઝરમૂત, ઈરાક, પૂર્વ ઉર્દૂન અને લેબનોનમાં મૌજૂદ છે. જેમ કે અબૂ નુએમે હિલ્યામાં અબ્દુલ્લાહ ઈબને મસ્ઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એ સમયે તમારો શો હાલ થશે જ્યારે તમે ફિત્નાઓમાં પડી જશો અને એ રિવાજ બનાવી લેશો કે નાનાઓની ખૂબ દેખભાળ કરશો અને મોટેરાંઓથી ધ્યાન હટાવી લેશો. અને જો કોઈ એની વિરૂધ્ધ કરશે તો કહેવામાં આવશે કે તેં રિવાજની વિરૂધ્ધ કર્યું. સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આવું ક્યારે થશે ? ફર્માવ્યું, જ્યારે કે કારીઓની અધિક્તા થશે, આલિમોની ઉણપ વર્તાશે, અમીરોની અધિક્તા થશે અને અમીન ઓછા થઈ જશે અને દુનિયા આખેરતના અમલથી ખાલી થઈ જશે." *(રિવાયત કરી હાકિમે મુસ્તદરકમાં તથા દારમીએ રિવાયત કરી પોતાની મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહથી)*


**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહીના ગુજરાતી, ઉર્દૂ બયાનોની CD મંગાવો !**

- ગુજરાતી બયાનોમાં માં બાપના હક્કો, પડોશીના, પતિ–પત્નીના, ઔલાદના હક્કો, જહન્નમનો ખાડો, દોઝખની બર્બાદીઓ, આલમે બરઝખનું બયાન, પાકીના મસાઈલ, નમાઝનું બયાન, રોઝા વિશે મસાઈલ વગેરેની **MP3 CD** ગુજરાતી બયાનોની તેમજ કુર્આનની તફસીરીની ૬ સીડીઓ મળશે. ઉપરાંત....
- જનાબ કારી રિઝવાન સાહબની (મુંબઈ) તથા અન્ય નઅતની તેમજ મૌલાના શાકિર રઝવી નૂરી (મુંબઈ)ના બયાનોની **CD** મળશે.
- જનાબ અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી, હઝરત મૌલાના શફી ઓકળવી તથા મૌલાના કૌકબ નૂરાની તેમજ કુર્આનના તર્જુમાવાળી (કન્ઝુલ ઈમાન) વગેરે સીડીઓ માટે સંપર્ક કરો :–

**બોનાન્ઝા *STD PCO*, C/o. યૂસુફ શેઠ,**
ઠે. નાના ચકલા, મુ. દયાદરા–૩૯૨ ૦૨૦,
તા. જિ. ભરૂચ (ગુજરાત) ઈન્ડિયા
☎ : **(02642) 282065, 282190, 282999**

# ઝકાતના મસાઈલ

અઝ : ફખ્રે ગુજરાત હઝરત
અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી
(વાગરાવાળા) હાલ : પ્રેસ્ટન, યુ.કે.

## ઝકાત-સદકાના હક્કદારો કોણ ?!

"સદકા ફકીરો તથા મિસ્કીનો માટે છે, અને તેમના માટે જે આ કામ પર નિયુક્ત છે, અને તેઓ જેમના હૃદયનું (ઈસ્લામ તરફ) આકર્ષવું ધ્યેય છે, અને (ગુલામીમાંથી) મુક્તિ આપવામાં અને તાવાનવાળા માટે અલ્લાહના માર્ગમાં, અને મુસાફિર માટે આ અલ્લાહ તરફથી નિયુક્ત કરવું છે, અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે." *(કુર્આન)*

આ આયતમાં આઠ હક્કદારોનું વર્ણન થયું છે :

**(૧)** ફકીર **(૨)** મિસ્કીન **(૩)** આમિલ **(૪)** રેકાબ **(૫)** ગારિમ **(૬)** ફી સબીલિલ્લાહ **(૭)** ઈબ્નુસ્સબીલ **(૮)** તાલીફે કલ્બ માટે.

નંબર આઠ કાફિરોને ઈસ્લામ તરફ આકર્ષવા માટે ઝકાત આપવી શરૂમાં જાઈઝ હતી, પરંતુ હવે ઈસ્લામને ગલ્બો પ્રાપ્ત થઈ ગયો છે, હવે જેણે પોતાની ખુશીથી ઈમાન લાવવું હોય તો લાવે પરંતુ તેને આકર્ષવા માટે ઝકાત આપવામાં આવશે નહીં, એટલે કે આ હુકમ મન્સૂખ (રદ) કરી દેવામાં આવ્યો છે.

નંબર ચાર ગુલામને આઝાદ થવું હોય તો તેને ઝકાત આપવી જાઈઝ છે, પરંતુ હાલ બધા જ આઝાદ છે ગુલામવાળી પ્રથા જોવા મળતી નથી એટલે ગુલામ વિશે પણ મસ્અલાઓ બયાન કરવામાં આવશે નહીં.

**ફકીર** : ફકીર તે શખ્સ છે જેની પાસે કાંઈક હોય પરંતુ એટલું નહીં કે નિસાબ સુધી પહોંચી જાય અથવા નિસાબ જેટલું હોય તો તેની મૂળ જરૂરિયાતમાં ડૂબેલ હોય. દા.ત. રહેવાનું મકાન, પહેરવાનાં કપડાં, ઈલ્મી પ્રવૃત્તિ ધરાવનારા માટે દીની કિતાબો જે તેની જરૂરત કરતાં વધારે ન હોય. એવી જ રીતે જો દેવાદાર છે અને દેવું કાઢવા પછી નિસાબ બાકી રહે નહીં તો તે માણસ ફકીર છે, મૂળ જરૂરત બાદ કરતાં અથવા દેવું બાદ કરતાં જો તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો ભલે સમાજ તેવાને ગરીબ અને ફકીર સમજતો નથી પરંતુ ઈસ્લામની પરિભાષામાં તે ફકીર છે, ઝકાતનો હક્કદાર છે, તેને આપવાથી ઝકાત અદા થઈ જશે.

**મિસ્કીન** : મિસ્કીન તે છે જેની પાસે કાંઈ હોય નહીં, ત્યાં સુધી કે બે ટંકનું ખાણું અને શરીર ઢાંકવા માટે કપડું પણ ન હોય, તો તેવા ગરીબ માણસને શરીઅતની પરિભાષામાં મિસ્કીન કહેવામાં આવે છે.

**આમિલ** : આમિલનો માયનો કામ કરવાવાળો છે, પરંતુ ઝકાતના હક્કદારમાં આમિલ તેને કહેવામાં આવે છે જેને બાદશાહે ઈસ્લામે ઝકાત અને ઉશ્ર વસૂલ કરવા માટે નિયુક્ત કર્યો હોય, એટલે કે તેને આજ નોકરી સુપ્રત કરવામાં આવી હોય તો તેને પણ મહેનતાણું ઝકાતની રકમમાંથી આપી શકાય છે, પરંતુ એટલું કે તેને અને તેના મદદગારોને મધ્યમ રીતે પૂરતુ હોય.

**ગારિમ** : એટલે તે દેવાદાર છે કે દેવું આપતાં તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો તે પણ ઝકાતનો હક્કદાર છે તેને ઝકાત આપી શકાય છે.

**ફી સબીલિલ્લાહ** : એટલે રાહે ખુદામાં ખર્ચ કરવું છે. રાહે ખુદામાં ખર્ચ કરવાથી મુરાદ એ છે કે જેને આપવામાં આવે તેને માલિક બનાવવામાં આવે. માલિક બનાવવું સાબિત ન થાય તો તેવી જગાએ ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહીં. જેમ કે **ઝકાતના પૈસે મદ્રસો બનાવવો** કે કોઈ વકફ બિલ્ડીંગ બનાવવી. તો તેનો માલિક કોઈ હોય શકતો નથી એટલે તેમાં ઝકાતનો માલ લગાડી નથી શકાતો. તેવી જગાઓ પર ઝકાતનો માલ ઉપયોગ કરવો હોય તો તેની રીત એ છે કે **ઝકાતના માલનો માલિક ગરીબને બનાવવામાં આવે અને તે પોતાના તરફથી મદ્રસામાં આપે તો તેનો ઉપયોગ જાઈઝ છે.** કારણ કે આમ કરવાથી તે રકમ ઝકાતની નથી રહેતી પણ લિલ્લાહ થઈ જાય છે. જેનો ઉલ્લેખ ઝકાતના હીલામાં કરવામાં આવશે.

**ઈબ્નુસ્સબીલ** : મુસાફિર કે સફરની હાલતમાં તેની પાસે માલ રહ્યો નહીં, અને ઘર સુધી પહોંચવામાં તેને જરૂરત છે, તો જરૂરત પૂરી થઈ શકે તેટલું લેવાની તેને ઈજાઝત આપવામાં આવી છે, ભલેને પછી તે પોતાના વતનમાં માલદાર અને માલિકે નિસાબ હોય. પરંતુ મુસાફિર એવી જગાએ છે કે ત્યાં તેનાં સગા સંબંધીઓ છે, અને જરૂરત હોય તેને કર્ઝે હસન મળી શકે છે, તો તેવા સમયે તેણે ઝકાત ન લેવી જોઈએ બલ્કે કર્ઝે હસન લઈ વતનમાં પહોંચી પરત કરી દેવું જોઈએ અને હાલ તો પોષ્ટ અને બેંકમાં એવી વ્યવસ્થા છે કે દુનિયાના ખૂણે ખૂણે ઘણા ઓછા સમયમાં રકમ મોકલી શકાય છે. એટલે તેના માટે શ્રેષ્ઠ એ જ છે કે પોતાનું દિમાગ ઝકાત લેવા તરફ કેન્દ્રિત ન કરે.

**સવાલ** : ઝકાતનો માલ કોઈ એક હક્કદારને આપવામાં આવે કે પછી દરેક હક્કદારને વહેંચવામાં આવે ?

**જવાબ** : કોઈ એક હક્કદારને પણ આપી શકાય છે, અને બધાંને આપવી હોય તો પણ આપી શકાય છે.

**સવાલ** : ઝકાતનો એટલો માલ છે કે નિસાબની કિંમતે પહોંચી જાય તો એક ગરીબને આપી દેવામાં આવે તો આપી શકાય છે ?

**જવાબ** : આપી તો શકાય છે પરંતુ ઉલ્માએ કિરામે મકરૂહ બતાવ્યું છે. પરંતુ જો ગરીબ પર દેવું હોય કે તે દેવું બાદ કરતાં તેની પાસે નિસાબ બાકી ન રહે તો મકરૂહ નથી.

**સવાલ** : જો કોઈ એક માણસને ઝકાતના પૈસાથી સેટ કરી દેવામાં આવે તો સેટ કરી શકાય છે ? કારણ કે આમ કરવાથી ગરીબોને માલદાર બનાવી શકાય છે.

**જવાબ** : આમ કરી શકાય છે, પરંતુ આમ કરવામાં એ ખ્યાલ જરૂરથી રાખવો જોઈએ કે બીજા જરૂરતવાળાઓ આમ કરવાથી મુશ્કેલીમાં ન મૂકાઈ જાય.

**સવાલ** : ગરીબ માણસને નિસાબનો માલિક બનાવી દેવામાં આવ્યો અને તેને સેટ કરી દેવામાં આવ્યો કે તેની મૂળ જરૂરતો બાદ કરતાં પણ તેની પાસે નિસાબ બાકી રહે છે, તો શું તે ઝકાતનો હક્કદાર રહેશે ?

**જવાબ** : હવે તે ઝકાતનો હક્કદાર રહેશે નહીં અને તે ત્યારથી વર્ષના અંત સુધી નિસાબનો માલિક રહેશે તો તેણે પોતે જ ઝકાત આપવી પડશે.

**સવાલ** : કોઈ માણસ પોતાની મૂળ જરૂરતો બાદ કરતાં નિસાબનો માલિક છે, અને તેની સારી હાલત છે પરંતુ જે માલ છે તે એક માણસને કર્ઝમાં આપ્યો છે અને કર્ઝ અદા કરવાની મુદ્દત બે વર્ષ રાખવામાં આવી છે, હવે તેને સખત જરૂરત પેશ આવી છે તો શું તે ઝકાત લઈ શકે છે ?

**જવાબ** : જો એવી હાલત હોય તો જરૂરત પૂરતી ઝકાત લઈ શકે છે, પરંતુ જો તેને કર્ઝે હસન મળતું હોય તો ઝકાત તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ.

## ઝકાત કોને કોને ન આપી શકાય ?!

**સવાલ** : આપણા કયાં કયાં સગાઓને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : આનો સહેલો કાયદો હું તમારી સમક્ષ બયાન કરું છું તેના પર મનન કરી તમે પોતે જ દરેક મસ્અલાનો જવાબ શોધી શકો છો. આપણા **ઓસુલ** અને **ફોરૂઅ**ને છોડીને દરેક સગાને ઝકાત આપવી જાઈઝ છે જો તેઓ હક્કદાર હોય.

ઓસુલ : તેને કહેવામાં આવે છે જેની ઔલાદમાંથી તમે છો. જેમ કે માં, બાપ, દાદા, દાદી, નાના, નાની ઉપર સુધી. આ જરૂરતવાળાં હોય તો પણ તેમને ઝકાત આપવી જાઈઝ નથી, બલ્કે તેઓની મદદ લિલ્લાહ રકમમાંથી કરવામાં આવે અને નફ્લ સદકો હોય તો તેમને આપવો વધારે બહેતર છે.

ફોરૂઅ : એટલે આપણી ઔલાદ, જેમ કે આપણા છોકરા, છોકરીઓ, નવાસા, નવાસીઓ, પૌત્રા, પૌત્રીઓ વિગેરેને ઝકાત આપવી જાઈઝ નથી.

**સવાલ** : બહેન અને ભાઈને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે, કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી પણ નથી.

**સવાલ** : માસા માસીને ઝકાત આપી શકાય છે ?

જવાબ : આપી શકાય છે કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી નથી.

**સવાલ** : કાકાને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : જો તે હક્કદાર હોય તો આપી શકાય છે.

**સવાલ** : મામાને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે. સારાંશ એ કે જેની તમે ઔલાદ છો તેને નથી આપી શક્તા તે સિવાય બીજા સગા સંબંધીઓને આપી શકાય છે. આમ તમે દરેક સગા સંબંધી વિશે મસ્અલો જાણી શકો છો.

**સવાલ** : શોહર પોતાની વાઈફને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : વાઈફ તેના નિકાહમાં છે, તેણીના રહેવા સહેવાનો ખર્ચ શોહર પર છે એટલે વાઈફને ઝકાત નથી આપી શક્તો.

**સવાલ** : વાઈફ શોહરને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : નથી આપી શક્તી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ સોળ પ્રકારના માણસો ગણાવ્યા છે જેમને ઝકાત નથી આપી શકાતી તેમના સિવાય બીજા મુસલમાનોને આપી શકાય છે.

જે મુસલમાન જરૂરતવાળો હોય અને તેની માલેકીમાં માલ મૂળ જરૂરત છોડીને નિસાબથી ઓછો હોય તો તે ઝકાતનો હક્કદાર છે. પરંતુ શર્ત એ છે કે : (૧) હાશેમી (સૈયદ) ન હોય (૨) તેનો શોહર ન હોય (૩) તેની વાઈફ ન હોય (૪) તેની ઔલાદ ન હોય જેમ કે બેટા બેટી, પૌત્રા પૌત્રી, નવાસા નવાસી (૫) તે પોતે તેમની ઔલાદમાંથી ન હોય, જેમ કે માં, બાપ, દાદા, દાદી, નાના, નાની (૬) તેનો પોતાનો કે ઉપરોક્ત પાંચમાંથી કોઈનો ગુલામ ન હોય તો કુલ અગ્યાર થયા. (૧૨) કોઈ માલદારનો ગુલામે મુકાતબ ન હોય (૧૩) માલદારની નાબાલિગ ઔલાદ (૧૪) હાશેમીનો આઝાદ કરેલો ગુલામ (૧૫) કાફિર (૧૬) માલદાર, આ સોળ પ્રકારની વ્યક્તિઓને છોડી બીજા તમામ મુસલમાનોને ઝકાત આપી શકાય છે.

## કેટલાક અગત્યના સવાલોના જવાબ

**સવાલ** : અમુક લોકોએ ફકીરીનો ધંધો લઈ લીધો છે, જેઓ માલદાર હોવા છતાં માંગતાં ફરે છે તેઓને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : **ફકીર** અને **ગરીબનો અર્થ** એ નથી કે જે માંગવાનો ધંધો કરે બલ્કે સાચો જરૂરતવાળો જે મૂળ જરૂરત બાદ કરતાં **નિસાબનો માલિક ન હોય**, જો માલાદર એટલે નિસાબનો માલિક હોવા છતાં ઝકાત વસૂલી કરતો હોય તો તેવાને ઝકાત આપવાથી **ઝકાત અદા થશે નહીં.**

**સવાલ** : અમુક લોકો નિસાબના માલિક નથી અને તેઓ ઝકાતના હક્કદાર છે પરંતુ તેઓ હટ્ટા કટ્ટા અને કામ કરી જીવન નિર્વાહ કરી શકે તેમ છે તો પણ તેઓ ઝકાત માંગવા નીકળી પડે છે, અને બીજું કોઈ કામ કરતા નથી તેઓને ઝકાત આપી શકાય છે ? અને તેવા લોકોને માંગીને લેવાની શરઈ ઈજાઝત પ્રાપ્ત છે ?

**જવાબ** : જેઓ હકીકતમાં જરૂરતવાળા અને ઝકાતના હક્કદાર છે, અને તેઓ મહેનત મજૂરી કરી જીવન નિર્વાહ કરી શકે છે, તો પણ તેઓ મફત ખાવાના આદી થઈ ગયા છે, તેઓ માટે માંગવું હરામ અને માંગવાથી મળે તે તેમના હક્કમાં ખબીષ.

હદીષ શરીફમાં છે : "સદકો હલાલ નથી માલદાર માટે અને શક્તિશાળી તંદુરસ્ત માટે."

**સવાલ** : જ્યારે તેઓને માંગવું હરામ છે, તો તેમના માંગવા પર આપવું કેવું છે ?

**જવાબ** : તેઓને આપવું જાઈઝ નથી. કારણ કે જ્યારે તેમના માટે માંગવું હરામ છે તો માંગવાથી આપવામાં હરામ કામ પર મદદ કરવી છે. જો તેઓને આપવામાં ન આવે તો મહેનત મજૂરી કરશે, અને આમ હરામ કામથી બચી જશે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : "ગુનાહ અને શત્રુતાના કામ પર એકબીજાની મદદ ન કરો."

**સવાલ** : તેના માટે સવાલ કરવો જાઈઝ નથી, પરંતુ તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પૂરી નથી કરી શક્તો. કારણ કે તેની મજૂરીમાં માત્ર ખાવાનો જ ખર્ચો નીકળી શકે છે, તો શું સવાલ કરી શકે છે ?ક

**જવાબ** : જો તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પણ તે હાજત પૂરી નથી થઈ શક્તી તો તેને જરૂરત પૂરી થઈ શકે તેટલું માંગવું જાઈઝ છે.

**સવાલ** : જે નિસાબનો માલિક નથી તે માંગતો નથી પરંતુ તેને આપણી મેળે આપવામાં આવે તો ?

**જવાબ** : જો તે માંગતો નથી અને આપણે આપણી મેળે તેની હાલત જોઈને આપીએ તો જાઈઝ છે, અને તેના માટે લેવું જાઈઝ છે, અને આમ મળતો માલ તેના હક્કમાં બુરો નથી.

**સવાલ** : જેને સવાલ કરવો જાઈઝ નથી, તેવો માણસ દરવાજા પર આવે અને હઠે ચડે તેને ફટકારવાની ઈજાઝત છે, જ્યારે કુર્આનમાં તો આવ્યું છે : "ભિક્ષુકને ઘરકાવો નહીં."

**જવાબ** : જ્યારે તેના માટે માંગવું અને સવાલો કરવો હરામ છે, તો તેવો ભિક્ષુક આયતમાં સામેલ નથી, અમુક આલિમો તેની તફસીર તાલિબે ઈલ્મથી કરે છે, કે ધાર્મિક વિદ્યા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી તમારી પાસે પોતાની જરૂરતનો સવાલ કરે તો મોં બગાડવું ન જોઈએ, અને ખુશી ખુશી તેની મદદ કરવી જોઈએ.

**સવાલ** : દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પોતાને મહેનત મજૂરીથી અલગ રાખનારને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : જો તે જરૂરતવાળો હોય તો તેને સવાલ કરવો જાઈઝ છે, ભલેને પછી તે મહેનત મજૂરીથી હાંસલ કરી શક્તો હોય, કારણ કે મહેનત મજૂરી કરવા જાય તો તે પોતાનો મકસદ પૂરો કરી શક્તો નથી એટલે તેને ઈજાઝત છે.

**સવાલ** : ફકીર જરૂરતવાળો જે કમાવા પર શક્તિમાન નથી તેને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : તે સાચો હક્કદાર છે, અને તેને આપવું વધારે સવાબ છે, અને તેને સવાલ કરવાની ઈજાઝત છે, અને ''ભિક્ષુકને ઘરકાવો નહીં''થી એ ભિક્ષુક મુરાદ છે જે હક્કદાર પણ છે, અને તેને સવાલ કરવાની પણ ઈજાઝત આપવામાં આવી છે.

**સવાલ** : કૂવો ખોદીને વકફ કરવામાં આવે તો ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : વકફની ચીજ કોઈની માલિકીમાં નથી હોતી માત્ર તેનો ઉપયોગ લોકો માટે મુબાહ હોય છે, અને ઝકાતમાં ચીજનો માલિક બનાવવું જરૂરી છે, એટલે ઝકાત અદા થશે નહીં.

**સવાલ** : મદ્રસાઓમાં ઝકાત આપવામાં આવે છે, અને ત્યાંની કમિટી તે માલ વસૂલ કરે છે તો શું ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : મદ્રસાની કમિટીને બતાવવામાં આવે કે આ ઝકાતનો માલ છે, અને તેઓ ઝકાતનો માલ અલગ રાખી ઝકાતના હક્કદાર તાલિબે ઈલ્મોને માલિક બનાવે, અને તેમની પાસેથી ખર્ચ પેટે લઈ લે, અથવા તે માલનો માલિક કોઈ ગરીબ માણસને બનાવે તે પોતાના કબ્જામાં લઈ પોતાના તરફથી મદ્રસામાં આપી દે તો પછી દરેક કામના ખર્ચમાં લઈ શકાય છે.

**સવાલ** : મદ્રસામાં પઢાવતા મુદર્રિસોને પગારમાં ઝકાતનો માલ આપી શકાય છે ? અને આમ કરવાથી આપનારાઓની ઝકાત અદા થાય ?

**જવાબ** : મુદર્રિસોને પગારમાં જે કાંઈ આપવામાં આવે છે તે તેમનું મહેનતાણું છે, એટલે તેનાથી ઝકાત અદા ન થાય અને ઝકાતની રકમ પગારમાં ખર્ચ નથી થઈ શક્તી, જો તેનો હીલો કરી લેવામાં આવે કે કોઈ ગરીબ પરહેઝગાર માણસને ઝકાતના માલનો માલિક બનાવવામાં આવે, અને તે માલિક બન્યા પછી પોતાના તરફથી મદ્રસામાં આપે તો પછી પગારમાં પણ ખર્ચ કરી શકાય છે.

**સવાલ** : મદ્રસામાં ફ્રિઝ અથવા લાઈબ્રેરીમાં કિતાબો ઝકાતના પૈસાથી રાખવી જાઈઝ છે ?

**જવાબ** : ઝકાતના પૈસામાં અથવા ઝકાતની ચીજમાં માલિક બનાવવું જરૂરી છે અને મદ્રસામાં રાખવામાં આવેલું ફ્રિઝ અથવા લાઈબ્રેરીની કિતાબો વકફના હુકમમાં છે, તેનો કોઈ માણસ માલિક નથી હોતો, એટલે ઝકાતનો માલ તેમાં લગાડવો જાઈઝ નથી, જો કોઈ ગરીબને માલિક બનાવવામાં આવે અને તે પોતાના તરફથી માલ મદ્રસામાં આપે તો હવે તે રકમ લિલ્લાહ થઈ ગઈ, હવે તેનાથી મદ્રસાની કોઈ પણ ચીજ ખરીદી શકાય છે. એવી જ રીતે વકફના કોઈ પણ કામમાં ફકીર પાસે હીલો કરાવી તેનો ઉપયોગ જાઈઝ ઠરી શકે છે.

**સવાલ** : ઈમામે મસ્જિદ ઝકાતનો હક્કદાર હોય અને તેને ઝકાત આપવામાં આવે તો શું તેની પાછળ નમાઝ થઈ શકે છે ?

**જવાબ** : જ્યારે તે ઝકાતનો હક્કદાર છે, અને વગર માંગે તેની હાલત જોઈ આપવામાં આવે તો તે માલ તેના માટે બુરો નથી, એટલે તેની ઈમામતમાં કોઈ ફરક નથી આવી શક્તો.

**સવાલ** : ઉલમાએ કિરામ માલિકે નિસાબ ન હોય તો તેમને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : જરૂર આપી શકાય છે, તેનાથી એક ફાયદો એ પણ છે કે તેમની જરૂરત પૂરી થતી રહેશે, અને તેમણે ખર્ચા પાણીમાં મજબૂર નહીં થવું પડે તો તેઓ બેફિકર થઈને દીનના કામોમાં મહેનત કરશે. અને બહેતર અને અદબની વાત એ જ છે કે, તેમને ઝકાત કહીને આપવામાં ન આવે બલ્કે નઝરાણુ કહીને આપવામાં આવે, પોતાનો હાથ નીચે રાખવામાં આવે અને તેમને ઉપરથી ઉઠાવી લેવાનું કહેવામાં આવે. **ઉલમાએ કિરામ જરૂરતવાળા હોય અને તેમની પાસે મૂળ જરૂરત બાદ કરતાં નિસાબ જેટલો માલ ન હોય તો તેમને ઝકાત આપી તેમની જરૂરતો પૂરી**

**કરવી બીજા ફકીરોને આપવાથી વધારે બહેતર છે,** કારણ કે તેમની જરૂરતો પૂરી થશે તો તેઓ દીની જરૂરતો પૂરી કરવામાં વધારે કોશિશ કરશે.

**સવાલ** : ઝકાતનો માલ **કાફિર, મુશ્રિક, વહાબી, રાફઝી, કાદયાની, ગેરમુકલ્લિદ** વિગેરે જરૂરતમંદ અને હક્કદાર હોય તો આપી શકાય છે ?

**જવાબ** : બાતિલ ફિર્કાના લોકોને ઝકાત અને કોઈ પ્રકારની ઈમદાદ હરામ છે, **તેમને આપવાથી ઝકાત અદા થશે નહીં અને ગુનોહ અલગથી.**

**સવાલ** : કોઈની પાસે કેસ રૂપિયા અને જણસો નથી પરંતુ તેણે પ્લોટો એટલા માટે ખરીદીને રાખ્યા છે કે કિંમત અપ જાય તો વેચીશું એટલે કે વેપારની નિય્યતે ખરીદી કરી છે તો શું ઝકાત છે ?

**જવાબ** : ભલે ને તેની પાસે કેસ રૂપિયા કે જણસો નથી પરંતુ વેચાણની નિય્યતથી પ્લોટ રાખવા એ પણ માલ જ છે, જો તેની કિંમત જોડતાં માલિકે નિસાબ થાય તો વર્ષના અંતે ઝકાત આપવી પડશે.

## સાહિબે નિસાબ કોણ ગણાશે ?

**નિસાબે શરઈ** : નિસાબમાં સોના અને ચાંદીનો એતબાર કરવામાં આવે છે અને બીજા માલ સમાનને તેની કિંમતથી મેળવવામાં આવે છે. એટલે કે તેની કિંમત સોના અને ચાંદી બેમાંથી એક નિસાબ બરાબર હોય તો તેની પણ ઝકાત આપવાની રહેશે.

**૧. સોનાનો નિસાબ** : ૭ાા તોલા

**૨. ચાંદીનો નિસાબ** : પ૨ાા તોલા

**૩. માલ સામાનનો નિસાબ** : પ૨ાા તોલા ચાંદીની કિંમત બરાબર અથવા એનાથી અધિક હોય.

**૪. સોના તથા ચાંદીનો ભેગો નિસાબ** : સોનું ૭ાા તોલા નથી અને ચાંદી પ૨ાા તોલા નથી પરંતુ બંને થોડું છે તો જો સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવવામાં આવે તો ચાંદીનો નિસાબ બની શકે છે તો ઝકાત ફર્ઝ રહેશે.

**સવાલ** : સોના અને ચાંદી બંનેનો પૂરો નિસાબ ન હોય. થોડી ચાંદી અને થોડું સોનું હોય તો ચાંદીને સોનાની કિંમતની બરાબરીમાં લાવવામાં આવે તો નિસાબ ન બને અને સોનાને ચાંદીની કિંમતની બરાબરી લેવામાં આવે તો નિસાબ બને, તો કઈ વાત પર અમલ કરવો ?

**જવાબ** : ઝકાતનો નિસાબ બનાવવામાં ગરીબોનો ફાયદો લક્ષમાં રાખવામાં આવશે કારણ કે ઝકાત તેમની મદદ માટે જ ફર્ઝ કરવામાં આવી છે. તો જો સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવવાથી નિસાબ બની જાય તો ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : કોઈની પાસે **માત્ર સોનું છે, ચાંદી નથી** અથવા માત્ર **ચાંદી છે સોનું નથી** અને નિસાબની બરાબરીમાં કોઈ નથી તો શું માત્ર સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવી ઝકાત આપવી પડશે ?

**જવાબ** : માત્ર બેમાંથી એક હોય અને નિસાબ બરાબર ન હોય **તો ઝકાત ફર્ઝ નથી થતી.**

**સવાલ** : થોડા રૂપિયા છે અને ફક્ત થોડું સોનું છે અથવા થોડા રૂપિયા છે અને થોડું ચાંદી છે. જો બંનેને ભેગાં કરવામાં આવે તો સોના અથવા ચાંદીનો નિસાબ બની શકે છે, તો શું ઝકાત ફર્ઝ છે ?

**જવાબ** : રૂા. પૈસાની જે કિંમત છે તે સોના અને ચાંદીના બદલામાં હોવાથી જ છે નહીં તો માત્ર કાગળની કોઈ કિંમત નથી. તો પછી જો રૂપિયાને સોનાની સાથે ભેગા કરવાથી સોનાનો નિસાબ બને તો ઝકાત વાજિબ છે.

**સવાલ** : સોના ચાંદી કંઈ જ નથી માત્ર રૂા. એટલા છે કે બંનેમાંથી એકનો નિસાબ બની શકે છે તો કયા નિસાબ પર જવુ ?

**જવાબ** : આ સવાલનો જવાબ તો અપાઈ ગયો

કે ઝકાત ગરીબોની મદદ માટે ફર્ઝ કરવામાં આવી છે એટલે ઓછી કિંમતમાં બનતો નિસાબ ચાંદીનો છે. **જો પરા તોલા ચાંદીની કિંમતના રૂપિયા પૈસા અથવા માલસામાનનો સ્ટોક આપણી પાસે હોય તો ઝકાત આપવી ફર્ઝ છે.**

**સવાલ** : સોના ચાંદી નથી પરંતુ થોડા રૂપિયા અને થોડો બીજો માલ છે જો બંનેને ભેગા કરવામાં આવે તો ચાંદીની નિસાબ બરાબર થઈ શકે છે તો શું ઝકાત આપવી કે કેમ ?

**જવાબ** : હા, જો બંનેને ભેગા કરવાથી **ચાંદીના નિસાબ બરાબર થાય તો ઝકાત ફર્ઝ છે.**

**સવાલ** : અમુક લોકો વેપારની નિય્યતે દુકાનો ખરીદી રાખે છે અને કિંમત અપ જાય એટલે વેચે છે તેઓને ઝકાતનું કહેવામાં આવે છે ત્યારે દુકાન પર ઝકાત નથી કહે છે, એવું તો શું દુકાન પર ઝકાત નથી ?!

**જવાબ** : જે દુકાનમાં એ પોતે વેપાર કરે છે તો તે જરૂરતમાં સામેલ છે તેની ઝકાત નથી અથવા તેણે ખરીદી કરી ભાડેથી આપવા માટે તો દુકાનની કિંમત પર ઝકાત નથી. અથવા એટલા માટે ખરીદી કે હું પોતે ચલાવીશ અથવા ભાડે આપીશ અને પછી ન પોતે ચલાવી કે ન ભાડે આપી તો પણ કિંમત પર ઝકાત નથી. અથવા એણે એવી નિય્યતે ખરીદીને રાખી મૂકીશ કદાચ કામ લાગે અને મેળ નહીં પડે તો વેચી નાંખીશ તો પણ કિંમત પર ઝકાત નથી. અને **જો તેનો વેપાર જ દુકાનો મકાનો ખરીદીને વેચવાનો છે અને તેવી જ રીતે (નિય્યતથી) ખરીદી કરી તો વર્ષના અંતે કિંમત પર ઝકાત છે.**

**સવાલ** : તે માણસ દુકાનો એટલા માટે વેચાતી લે છે કે તેનાથી વેપાર કરે એટલે કે પોતે દુકાન ચલાવતો નથી પણ દુકાનોની કિંમત અપ (ઊંચી) જાય તો વેચી નફો કમાય છે, તો શું દુકાનોની કિંમત પર ઝકાત વાજિબ છે ?

**જવાબ** : જ્યારે તે દુકાનો વેચવાનું કામ કરે છે તો પછી જો બધી જ દુકાનો કેશ પૈસે લીધી હોય તો બધી જ તેની છે, વર્ષના અંતે કિંમત લગાડી ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : કોઈની પાસે સોના ચાંદી નથી અને એટલો માલ પણ નથી કે નિસાબ બની શકે પરંતુ તેની પાસે ડાયમંડની વિંટી છે જેની કિંમત ૭ાા તોલા સોના બરાબર છે તો શું તેણે ઝકાત આપવી પડશે ?

**જવાબ** : ડાયમંડ પર ઝકાત નથી ભલે તેની કિંમત કેટલીયે વધારે હોય, પરંતુ જો ડાયમંડનો વેપાર કરતો હોય તો વર્ષના અંતે નફામાં જેટલા ડાયમંડ વધશે તેની ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : ઝકાતમાં નિસાબ પર વર્ષ પસાર થવું તેનાથી અંગ્રેજી વર્ષ મુરાદ છે કે પછી ઈસ્લામી વર્ષ જેને **કમરી** એટલે **ચાંદ પર આધારિત વર્ષ** કહેવામાં આવે છે ?

**જવાબ** : ચાંદ પર આધારિત વર્ષ.

**સવાલ** : કોઈએ પોતાનું ખેતર એન. એ. કરાવ્યું અને પ્લોટ પાડયા તો શું તેણે ઝકાત આપવી પડશે ?

**જવાબ** : પ્લોટ વેચાયા બાદ કિંમત પર વર્ષના અંતે ઝકાત આપવી પડશે, જ્યાં સુધી વેચાય નહીં, ઝકાત નથી.

**સવાલ** : અમુક લોકો વેચવાની નિય્યતે જ ખરીદી કરતા હોય છે. પરંતુ ઝકાતની વાત આવે છે તો બહાનાં બતાવે છે કે અમારી નિય્યત વેપારની ન હતી, તો શું હુકમ છે ?

**જવાબ** : નિય્યતનો જાણનાર અલ્લાહ તઆલા છે, ઝકાત તેણે ફર્ઝ ફર્માવી છે, હિસાબ તેની બારગાહમાં આપવાનો છે, જો કે હિલાં–બહાનાં કરી દુનિયામાં મુક્તિ મેળવી લેવાય તેનાથી આખેરતમાં કોઈ ફાયદો નથી, ત્યાં નિય્યત પર ફૈસલો કરવામાં આવશે એટલે તેણે અલ્લાહનો ખૌફ દિલમાં રાખી કામ કરવું જોઈએ.

**સવાલ** : દુકાનો અને મકાનોનો ધંધો છે અને તેટલા માટે જ ખરીદી કરવામાં આવી પરંતુ વેપારમાં ખોટ આવી તો ઝકાત છે ?

**જવાબ** : એટલી ખોટ આવી કે તે એટલો દેવાદાર થઈ ગયો કે તે નિસાબનો માલિક નથી રહ્યો અને એટલું નથી કે દેવું ચૂક્વી શકે તો તેના પર ઝકાત ફર્ઝ નથી. પરંતુ માત્ર ખોટ આવવાથી ઝકાત માફ થતી નથી કારણ કે ઝકાત નફા પર નથી ઝકાત તો નિસાબ ભર માલ પર છે. દા.ત. કોઈએ વેપારમાં દસ લાખ રૂપિયા રોક્યા, તેને વેપારમાં ત્રણ લાખ રૂપિયા ખોટ આવી તો ત્રણ લાખની ઝકાત નથી પણ પાસેના સાત લાખની તો ઝકાત આપવી જ પડશે.

**સવાલ** : નિસાબ પર વર્ષ પૂરુ થઈ ગયું હતું અને ઝકાત આપવી ફર્ઝ થઈ ગઈ હતી. પરંતુ આગ લાગી અને બધું સળગી ગયું તો શું ઝકાત આપવી પડશે ?

**જવાબ** : જે માલ હલાક થવામાં તેનો પોતાનો ઈરાદો સામેલ ન હોય, જેમ કે આફત બલાથી હલાક થયો તો તેનાથી ઝકાત માફ થઈ જાય છે, આપવી પડશે નહીં.

**સવાલ** : અડધો–પડધો માલ સળગી ગયો અને અડધો પડધો માલ બાકી છે અને નિસાબ પર વર્ષ પસાર થયા બાદ આમ થયું છે, તો ઝકાત આપવી પડશે ?

**જવાબ** : જેટલો માલ સળગી ગયો તેટલાની ઝકાત માફ છે. અને જેટલો માલ બાકી છે જો તે નિસાબથી ઓછો પણ હોય તો પણ ઝકાત આપવાની રહેશે. કારણ કે વર્ષના અંતે તેની પાસે નિસાબભર હતું અને અકસ્માત તો ત્યાર બાદ થયું છે એટલે જેટલો માલ બચી ગયો હોય તેનો ચાલીસમો ભાગ ઝકાત આપવી પડશે.

**સવાલ : ઝકાતની નિય્યત વગર આખું વર્ષ ખૈરાત આપતો રહે અને વર્ષના અંતે તેને ઝકાતમાં ગણે તો ઝકાત અદા થશે ?**

**જવાબ** : ઝકાતનો માલ અદા કરતી વખતે **ઝકાતની નિય્યત જરૂરી છે** જ્યારે તેણે નિય્યત વગર આમ જ ખૈરાત કરી **તો તે લિલ્લાહ** છે, ઝકાતની ગણતરીમાં નહીં લઈ શકાય.

**સવાલ** : દુકાનમાં ફર્નીચર છે જે દુકાનના ઉપયોગમાં છે. શું તેના પર ઝકાત ખરી ?

**જવાબ** : દુકાનમાં ફર્નીચરનો વેપાર કરવામાં આવતો હોય તો તે માલના હુકમમાં છે. વર્ષે કર્ઝ બાદ કરતાં બચેલો માલ ઉપરાંત આપણી માલિકીનો બીજો માલ મિલાવી ઝકાત ફર્ઝ થતી હોય તો આપવી પડશે. અને ફર્નીચરની શોપ નથી પરંતુ ફર્નીચર દુકાનની જરૂરતમાં છે તો ગમે તેટલી કિંમતનું હોય તેની ઝકાત નથી.

**સવાલ** : શેરની કિંમતમાં વધારો–ઘટાડો થતો હોય છે તો ઝકાત કઈ રીતે આપવી ?

**જવાબ** : જો તેના ઉપર જવાઝનો (જાઈઝ હોવાનો) હુકમ હોય તો નિસાબ પર **વર્ષ પૂરું થાય તે વખતે જે કિંમત હોય તે પ્રમાણે હિસાબ કરી** ઝકાત આપવી પડશે. નહીં તો જે અસલ કિંમત હતી તેની ઉપર ઝકાત આપવી પડશે. અને જો કિંમત ઘટી ગઈ હોય તો નિસાબનું વર્ષ પૂરું થતાં જેટલી કિંમત ઘટી તે બાદ કરી ઝકાત આપવામાં આવશે.

**સવાલ** : ઝકાતનો માલ પોતાના માલમાંથી ઝકાતની નિય્યતની સાથે અલગ કર્યો, હક્કદારને માલિક ન બનાવ્યો હતો કે તે માલ ચોર થઈ ગયો તો શું ઝકાત ફરી આપવી પડશે ?

**જવાબ** : માલ માત્ર અલગ કરવાથી જવાબદારી પૂરી થતી નથી ! તેના હક્કદારને આપવી પણ જરૂરી છે. જો તેને પહોંચાડતા પહેલાં ચોરી થઈ ગયો તો ઝકાત આપવી માથે બાકી છે, આપવી પડશે.

*–(તહોફાએ નજાત, ભાગ–૪માંથી સાભાર)*

# અદબનું મહત્વ

★ લેખક ★
ફકીહે અસર અલ્હાજ મૌલાના મુફતી મુહમ્મદ અમીન સાહબ ફૈસલાબાદી مد ظله العالی
★ અનુવાદક ★
મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)
(નાયબ સદર મુદર્રિસીન દા.ઉ. ગુલશને અજમેર-ભરૂચ

## અદબ કરનારાઓને ઈનામો

### ★ બાલ મુબારક સમગ્ર દૌલતથીય મહાન !★

રોનકુલ મજાલિસમાં છે કે બલ્ખ શહેરમાં એક વેપારી હતો જે માલદાર હતો તેના બે છોકરા હતા. તેની ખુશનસીબી એ હતી કે તેના પાસે રહમતે દો આલમ ﷺ ના ત્રણ મુબારક વાળ હતા. જ્યારે વેપારીનો ઈન્તેકાલ થયો તો બંને છોકરાઓએ બાપની મિલ્કતને બરાબર વહેંચી લીધી. જ્યારે બાલ મુબારકની વહેંચણીની વાત આવી તો એક વાળ મુબારક મોટા ભાઈને અને બીજો નાનો ભાઈને આપી દેવામાં આવ્યો. ત્રીજા વાળના વિશે મોટા ભાઈએ કહ્યું કે આપણે અર્ધો અર્ધો લઈ લઈએ. આ સાંભળી નાના ભાઈએ જે અદબમાં રંગાયેલો હતો તેણે કહ્યું કે હું કદી આ વાળને તોડવા નહીં દઉં ! કારણ કે અલ્લાહના રસૂલ ﷺ ની શાન એનાથી ઘણી ઊંચી છે કે આપના વાળને તોડવામાં આવે ! જ્યારે મોટા ભાઈએ નાના ભાઈની અકીદત જોઈ તો કહ્યું, આ ત્રણ વાળ મુબારક તું લઈ લે અને બાપની બધી મિલ્કત મને દઈ દે ! આ સાંભળી નાના ભાઈએ કહ્યું, મને આનાથી વધું શું જોઈએ ! અને આ દુનિયાની બધી જ દૌલત મોટા ભાઈને આપી દીધી અને ત્રણે વાળ મુબારક પોતે લીધા. પછી તે વાળોને અદબથી એક મહફૂઝ જગ્યા પર મૂકી દીધા. જ્યારે તેને શોખ થતો તો વાળ મુબારકની ઝિયારત કરતો અને દુરૂદ શરીફ પઢતો.

મોટા ભાઈની બધી જ દૌલત થોડાક જ દિવસોમાં ખતમ થઈ ગઈ અને કંગાલ થઈ ગયો અને અલ્લાહ તઆલાએ નાના ભાઈને વાળ મુબારકની બરકતથી દુનિયાની દૌલત પણ ઘણી આપી. અને જ્યારે નાનો ભાઈ મૃત્યુ પામ્યો તો કોઈએ તેને સ્વપ્નમાં જોયો કે અલ્લાહના રસૂલ પણ તશરીફ ફર્મા છે અને ખ્વાબ જોવાવાળાને કહ્યું, તું લોકોમાં એલાન કરી આપ કે જેને કોઈ હાજત હોય તે આ નાના ભાઈની કબ્ર પર આવે અને અલ્લાહ તઆલાથી પોતાની હાજતનો સવાલ કરે ! આ એલાન પછી લોકો તેની કબ્ર પર આવવા લાગ્યા, એટલે સુધી કે જે કોઈ પણ કબ્ર પરના ઈલાકામાં આવતો સવારીથી ઉતરીને ચાલવા લાગતો. *(રૌનકુલ મજાલિસ, અલકૌલુલ્બદીઅ, સઆદતુદ્દારૈન)*

### ★ વાળ મુબારકની અદબનો બદલો ★

ઈમામુલ અવલિયા સૈયદ અલી હિજવેરી દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ "કશ્ફુલ મહજૂબ"માં લખે છે કે હઝરત ખ્વાજા મહદી સૈયારી رحمۃ اللہ علیہ મરવ શહેરના ખાતા પીતા ઘરના ચિરાગ હતા. બાપના ઈન્તેકાલ પછી વારસામાં ઘણી દૌલત મળી. ત્યાર બાદ એમને ખબર મળી કે ફલાણા શખ્સ પાસે અલ્લાહના રસૂલ ﷺ ના બે વાળ મુબારક છે. આપે તે વાળોને દુનિયાની દૌલતથી ખરીદી લીધા. તો અલ્લાહ તઆલાએ વાળ મુબારકની બરકતથી હઝરત મહદીને તૌબાની તૌફીક અતા ફર્માવી અને અલ્લાહ તઆલાએ તેમને પોતાના વલી બનાવી લીધા. બાદમાં આપે હઝરત ખ્વાજા અબૂબક્ર

વાસેતીના હાથ મુબારક પર તૌબા કરી અને એમની ખિદમતમાં રહી એ દરજ્જો હાંસલ કર્યો કે અવલિયાએ કિરામની એક જમાઅતના ઈમામ બની ગયા. પછી જ્યારે હઝરત ખ્વાજા મહદીનો ઈન્તેકાલનો ટાઈમ થયો તો આપે વસિયત કરી કે આ વાળ મુબારક મારા મોઢામાં મૂકી આપવા. આવું જ કરવામાં આવ્યું કે બંનેવ વાળ તેમના મોઢામાં મૂકી દેવામાં આવ્યા. અત્યારે એમનો મઝાર મરવમાં મશ્હૂર છે, અને લોકો પોતાની હાજતો લઈને એમના મઝાર પર હાજર થાય છે અને પોતાની હાજતો પામે છે આ કાર્ય મારું અજમાવેલું છે. *(કશ્ફુલ મહજૂબ, અઝ : ગંજ બખ્શ)*

## ★ સમયના ગૌષની બેઅદબીનો અંજામ ★

અબૂ સઈદ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ એ બયાન ફર્માવ્યું કે, અમે બગદાદના દીની મદ્રસા નિઝામિયામાં ઈલ્મે દીન પઢતા હતા. તે દિવસોમાં એક ગૌષ બગદાદ શરીફમાં આવ્યા (સૈયદ યૂસુફ હમદાની) તે જ્યારે ઈચ્છતા જાહેર થતા અને જ્યારે ઈચ્છતા ગાયબ થઈ જતા. એક દિવસ હું અને ઈબ્ને સકા અને શૈખ અબ્દુલ કાદિર જીલાની જે તે વખત નવજુવાન હતા. અમે ત્રણેવ ગૌષની ઝિયારત માટે રવાના થયા. રસ્તામાં ઈબ્ને સકાએ કહ્યું હું તો ગૌષ પાસે એટલા માટે જાઉં છું કે એવો સવાલ કરું કે ગૌષથી જવાબ ન બને. ત્યારબાદ મેં કહ્યું, હું પણ એક સવાલ કરીશ ખબર પડે કે એ શું જવાબ દે છે. શૈખ અબ્દુલ કાદિર બોલ્યા, અલ્લાહની પનાહ ! હું ગૌષથી કોઈ સવાલ કરું ?! (કદી સવાલ ન કરીશ!) હું એમની ખિદમતમાં ઝિયારત માટે જઈ રહ્યો છું. અમો ત્યાં પહોંચ્યા તો થોડીવાર પછી ગૌષની ઝિયારત (દીદાર) થઈ તો વખતના ગૌષે ઈબ્ને સકા તરફ નજર કરી ફર્માવ્યું, હે ઈબ્ને સકા ! તારા પર અફસોસ છે ! તું મારી પાસે સવાલ કરવા આવ્યો છે કે હું જવાબ ન આપી શકું ! હે ઈબ્ને સકા ! સાંભળ ! હું જોઈ રહ્યો છું કે કુફ્રની આગ તારા પર વધી રહી છે. ત્યાર બાદ તે ગૌષે મારી તરફ નજર કરી અને ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ! તું પણ મારાથી એક સવાલ કરવા આવ્યો છે એટલા માટે કે કેવો જવાબ મળે છે ! લે ! આ તારો સવાલ છે અને આ તારો જવાબ છે ! અને હું જોઈ રહ્યું છું કે દુનિયા તારા કાન સુધી ચઢી ગઈ છે ! પછી ગૌષે શૈખ અબ્દુલ કાદિર તરફ નજર કરી અને પોતાના નઝદીક બોલાવ્યા પછી ફર્માવ્યું, હે અબ્દુલ કાદિર ! તેં સારા અદબથી અલ્લાહ અને તેના રસૂલને રાજી કરી લીધા. હું જોઈ રહ્યો છું તમે બગદાદમાં મિમ્બર પર ચઢી લોકોને બયાન કરશો અને ફર્માવશો કે મારો આ કદમ (પગ) બધા જ અવલિયાઓની ગરદન પર છે અને હું જોઈ રહ્યો છું કે તારા વખતના બધા જ અવલિયાએ તારા જલાલથી પોતાની ગરદનોને નમાવી લીધી છે. ત્યાર બાદ તે ગૌષ ગાયબ થઈ ગયા. બાદમાં શૈખ અબ્દુલ કાદિર પર પેલા ગૌષના કહેવા મુજબ અલ્લાહ તઆલાના કુર્બની નિશાનીઓ જાહેર થઈ અને દરેકે આપની વિલાયતને માની. આપે ફર્માવ્યું, મારો આ કદમ (પગ) દરેક વલીની ગરદન પર છે અને અલ્લાહના વલીઓએ એ વાતનો ઈકરાર કર્યો. ઈબ્ને સકાનો કિસ્સો એ પ્રમાણે થયો કે તે દીની ઈલ્મ હાંસલ કરવામાં લાગી રહ્યો અને કમાલ હાંસલ કરી લીધો અને બધા જ ઈલ્મોમાં ખાસ કરીને મુનાઝરાની વિદ્યામાં મશ્હૂર થયો. ઝબાનનો ફસીહ સૂરત અને શકલ ખૂબસૂરત એટલે બાદશાહે પોતાના કરીબ કરી લીધો. પછી સફીર (કાસિદ) બનાવી સીરિયા અને રૂમ દેશ તરફ મોકલ્યો. રૂમ દેશના બાદશાહે ઈબ્ને સકાને માહિર અને ફસીહ જાણ્યો તો આશ્ચર્ય પામ્યો. ઈસાઈ મઝહબના આલિમોને ઈબ્ને સકા સાથે મુનાઝરા માટે બોલાવ્યો. ઈબ્ને સકાએ બધા જ આલિમોને લાજવાબ કરી દીધા. ઈસાઈ આલિમો હારી ગયા. આ કામયાબીથી બાદશાહની નજીક તેની અઝમત વધી ગઈ અને આ જ કામયાબી ઈબ્ને સકા માટે

ફિત્નાનો સબબ બની. એક દિવસ તેની નજર શાહઝાદી પર પડી અને આશિક થઈ ગયો અને બાદશાહથી શાહઝાદીનો રિશ્તો માંગ્યો. બાદશાહે કહ્યું, એક શર્ત છે કે તમે ઈસાઈ મઝહબને કબૂલ કરી લો! એના પર ઈબ્ને સકાએ ઈસ્લામથી મુર્તદ થઈને ઈસાઈ ધર્મ કબૂલ કરી લીધો. રૂમી બાદશાહે પોતાની છોકરીનો નિકાહ ઈબ્ને સકા સાથે કરી આપ્યો. થોડા વખત પછી ઈબ્ને સકા બીમાર થયો તો એવો બીમાર પડયો કે તેને કોઈ પૂછતું ન હતું. લોકોએ તેને એક ઓરડીમાં નાખી દીધો અને તે જિંદગી ગુજારવા માટે ભીખ માંગતો હતો, તેને કોઈ બોલાવતું ન હતું. ઈબ્ને સકાનું મોઢું કાળુ થઈ ગયું. એક દિવસ તેના દોસ્તોમાંથી કોઈએ તેને પૂછયું, તારી શું ખબર છે ? જવાબ આપ્યો, આ એક ફિત્નો જે મારા ઉપર નાઝિલ થયો છે. દોસ્તે પૂછયું, હે ઈબ્ને સકા! તને કુર્આન શરીફમાંથી કાંઈ યાદ છે કે નહીં ?! કહ્યું, એક આયત યાદ રહી ગઈ છે તે આ છે :–

ربما یود الذین کفروا لو کانوا مسلمین٥

તે દોસ્તનું બયાન છે કે ફરી હું એક દિવસ તેના પાસે ગયો અને ઈબ્ને સકાને જોયો તે કાળો થઈ ગયો હતો અને સકરાતની હાલત હતી. મેં તેની કરવટ કિબ્લા તરફ કરી તો એ પૂર્વ તરફ ફરી ગયો અને એ જ હાલતમાં તેની જાન નીકળી ગઈ. ઈબ્ને સકા તે ગૌષની વાત યાદ કરતો હતો અને કેહતો કે હું એ બેઅદબીના કારણે મુસીબતમાં છું.

અબૂ સઈદ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્રૂને કહ્યું, મારો કિસ્સો આ પ્રમાણે છે કે દીની ઈલ્મ પઢી હું દમિશ્ક આવી ગયો તો સુલ્તાન નૂરુદ્દીન શહીદે મને બોલાવી અવકાફનો ઈન્ચાર્જ બનાવી દીધો અને હું મુતવ્વલી બની ગયો તો દુનિયા મારા ઉપર ચારે તરફથી આવતી. હું વખતના ગૌષના ફર્માનને યાદ કરતો હતો. અમારા ત્રણ પર પેલા ગૌષની વાત પૂરી થઈ. *(અન્વારુલ મુહસિનીન, ફતાવાએ હદીષિય્યહ)*

**નોંધ** : આ બનાવ પરથી સબક મળ્યો કે કેવળ ઈલ્મ પઢવાથી કશું થતું નથી માણસ ભલે ગમે તેટલો ઈલ્મ પઢી લે પણ જો અદબ નથી તો બધું જ નિરર્થક છે અને અદબ છે તો બધું જ છે.

વિચારવા જેવી વાત છે કે ઈબ્ને સકાએ એક વલી એક ગૌષની શાનમાં હલકી બેઅદબી કરી તો ઈમાન બર્બાદ કરી બેઠો, તો જે નબીઓના સરદાર રસૂલોના ઈમામ, હબીબે ખુદા ﷺ ની શાનમાં બેઅદબી કરે તેનો કેવો અંજામ થશે ?! આ પ્રસંગથી એ લોકો બોધ હાંસલ કરે જે અગર મગરના ચક્કર ચલાવી બેઅદબી કરે છે. દા.ત. જો નબીને ઈલ્મ હોત તો આવું કેમ બન્યું ?! જો નબીને ઈખ્તિયાર હોત તો પોતાના નવાસાને કેમ ન બચાવ્યા ?! વગેરે...

## ★ બુઝુર્ગના હાથ ચૂમવા પર બખ્શિશ થઈ ! ★

હઝરત ખ્વાજા બાબા ફરીદુદ્દીન ગંજશકરે ફર્માવ્યું, એક વખત એક નવજુવાન જે ફાસિક ફાજિર ગુનેહગાર હતો તેનો મુલ્તાન (પાક.) ઈન્તેકાલ થઈ ગયો બાદમાં કોઈએ ખ્વાબમાં જોયો, પૂછયું, તારી સાથે શું થયું ?! તેણે જવાબ આપ્યો, મને મારા અલ્લાહે બખ્શી આપ્યો. ખ્વાબ જોનારે પૂછયું, માફી શું કારણે થઈ ?! જવાબ આપ્યો, એક દિવસ હઝરત ખ્વાજા બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ જઈ રહ્યા હતા તો મેં મહોબ્બતમાં આપના હાથ મુબારકને ચૂમી લીધા, તો અલ્લાહ તઆલાએ મને આ અમલના કારણે બખ્શી આપ્યો. *(ખુલાસતુલ આરિફીન)*

આ તે જાતનો ફઝલ છે જેનું કુર્આનમાં એલાન છે :– لا یسئل عما یفعل وھم یسئلون

"અલ્લાહ જે પણ કરે કોઈ તેને પૂછી નથી શકતો કે આ કેમ કર્યું ?! અને તે હક્ક તઆલા દરેકને પૂછી શકે છે."

## ★ બુઝુર્ગોની સોહબતમાં બેસવાનું ફળ ★

હઝરત જુનૈદ બગદાદીના જમાનામાં એક શખ્સ હતો જેને લોકો તેનાં ગલત કાર્યોના કારણે શક્કી (બદ્‌બખ્ત) કહેતા હતા. એક દિવસ તે હઝરત જુનૈદની ખિદમતમાં હાજર થયો અને થોડી વાર બાદ ઉભો થઈ ચાલ્યો ગયો. રસ્તામાં કોઈએ તેને શક્કી (બદ્‌બખ્ત) કહીને બોલાવ્યો. ગૈબથી અવાજ આવ્યો, હવે એને શક્કી ન કહો ! કારણ કે એ અમારા વલી જુનૈદની ખિદમતમાં બેસી ચૂક્યો છે, અને જે જુનૈદની ખિદમતમાં થોડીવાર બેસે તો શક્કી નથી રહી શક્તો. *(ઝિક્રે ખૈર)*

## ★ બુઝુર્ગની અદબ કરવાથી કુકર્મીની બખ્શિશ ★

એક શખ્સ જે બુરાં કાર્યો કરતો હતો. એક દિવસ દજલા નદી પર હાથ મોં ધોવા ગયો તો ત્યાં જ નીચે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ બેઠા બેઠા વુઝૂ કરી રહ્યા હતા. તેના દિલમાં ખયાલ આવ્યો કે એક અલ્લાહ તઆલાના મકબૂલ બંદા અને ઈમામ વુઝૂ કરે છે અને મારી જેવો નાલાયક ઉપર બેસી હાથ પગ ધૂએ ! આ બહુ મોટી બેઅદબીની વાત છે ! આવું વિચારી તે ઉઠયો અને નીચે આવી બેસી ગયો અને હાથ પગ ધોઈને ચાલી ગયો. જ્યારે તે શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો તો એક બુઝુર્ગે ખ્વાબમાં જોયો. પૂછયું, તારી સાથે શું થયું ?! તેણે જવાબમાં દજલાવાળો વાક્યો બયાન કરી કહ્યું કે મને મારા રબે હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલની અદબ કરવાના કારણે બખ્શી આપ્યો. *(તઝકેરતુલ અવલિયા, ઝિક્રે ખૈર)*

## ★ મુજદ્દિદ અલ્ફેસાનીનાં જૂતા મુબારકના અદબની બરકત ★

મૌલાના હમીદુદ્દીન બંગાલી પોતાના દેશ બંગાળથી બહાર ઈલ્મે દીન હાંસલ કરવા ગયા. ઈલ્મે દીન હાંસલ કર્યા બાદ બંગાળ જતાં જયારે આગ્રા પહોંચ્યા તો મુફતીએ આગ્રાના ઘરે કયામ કર્યો. તેવામાં ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેસાની સરહિંદી رحمۃ اللہ علیہ આગ્રા તશરીફ લાવ્યા. મૌલાના પોતે ઈમામ સાહબથી બુરો એ'તેકાદ રાખતા હતા. તો ઈમામ સાહબની ખબર સાંભળી બંગાલી મૌલાનાએ પોતાના વતન જવાનો પ્રોગ્રામ બનાવ્યો. આગ્રાના મુફતીએ મૌલાનાથી પૂછયુ, તમે આટલી જલ્દી કેમ કરો છો મૌલાના ?! બતાવ્યું કે ઈમામ સાહબે નજીકમાં જ કયામ કરેલો છે અને હું એમને મળવા ચાહતો નથી એટલા માટે હું જઈ રહ્યો છું. મુફતી સાહબે પૂછયું, મૌલાના ! તમે કેમ મળવા નથી ઈચ્છતા ?! તેઓ તો આલિમે દીન છે અને નેક બુઝુર્ગ છે ! મૌલાનાએ કહ્યું, મારું દિલ નથી ચાહતું. છેવટે બંગાળી સાહબે સામાન ઉઠાવ્યો અને બંગાળ તરફ રવાના થઈ ગયા અને ત્રણ દિવસ પછી બંગાળી સાહબ પાછા આવ્યા. મુફતીએ પૂછયું, કેમ પાછા ફર્યા ?! બંગાળી સાહબ બોલ્યા, હું તમારા ઘરે એક કિતાબ ભૂલી ગયો છું તે લેવા માટે આવ્યો છું. મુફતી સાહબે ફર્માવ્યું, તલાશ કરી લો ! બંગાળી મૌલાના તલાશ કરવા લાગ્યા કે કોઈએ મુફતી સાહબને બતાવ્યું કે હઝરત ઈમામે રબ્બાની દરવાજા પર મૌજૂદ છે અને અંદર આવવા ચાહે છે. મુફતી સાહબે કહ્યું, મરહબા ! તશરીફ લાવો ! આ સાંભળી બંગાળી મૌલાના ગભરાઈ ગયા અને કહ્યું હું ક્યાં જાઉં ?! મુફતી સાહબે ફર્માવ્યું, છુપાઈ જાવ ! પછી ઈમામે રબ્બાની અંદર તશરીફ લાવ્યા. તો મુફતી સાહબે અર્ઝ કરી, હુઝૂર તશરીફ લાવવાનો મકસદ શું છે ?! ફર્માવ્યું, એક મસ્અલાના કારણે ! મુફતી સાહબે હુઝૂરને અર્ઝ કરી કે, આપનાથી વળી કયો મસ્અલો છુપાયેલો છે ! ફર્માવ્યું, તમે આગ્રાના મુફતી છો એટલા માટે તહકીક કરી લેવી જરૂરી છે. તેવામાં ઈમામે રબ્બાનીની નજર બંગાળી મૌલાના પર ગઈ. થોડી વાર પછી જ્યારે ઈમામે રબ્બાની કમરાથી બહાર નીકળ્યા અને મુફતી સાહબ

અલવિદા કરવા નીકળ્યા તો મુફતી સાહબે જોયું કે પેલા બંગાલી મૌલાના અદબથી ઈમામ સાહબના પાછળ ઉભા છે અને રડી રહ્યા છે. મુફતી સાહબને આશ્ચર્ય થયું અને કોઈને હુકમ કર્યો પાછળ જાવ અને જુઓ કે બંગાળી સાહબ ક્યાં સુધી જાય છે ? પછી તેણે આવીને બતાવ્યું કે હઝરત ઈમામ સાહબ મકાનમાં તશરીફ લઈ ગયા અને બંગાળી મૌલાના દરવાજા પર ઉભા રડી રહ્યા હતા. પછી હઝરત હઝરતે મહેરબાની કરી બંગાળી સાહબને અંદર બોલાવ્યા અને મુજદ્દિદી સુલૂક પાર કરાવવા લાગ્યા. જ્યારે સુલૂક પૂરા થયા અને મૌલાના બંગાળીને જવાની ઈજાઝત મળી તો હઝરતે ફર્માવ્યું, દસ્તાર લાવો ! મૌલાનાની દસ્તારબંદી કરી આપીએ. બંગાળી મૌલાનાએ અર્ઝ કરી, હુઝૂર ! તબર્રુક અતા કરવું હોય તો આપની ઉતારેલી મોજડી અતા કરો. આપે સમજાવ્યા કે બીજી કોઈ વસ્તુ લઈ લો ! પરંતુ બંગાળી સાહબ કહેતા રહ્યા કે જૂતા મુબારક અતા થઈ જાય ! જ્યારે તે મળી ગયા તો મૌલાના ત્રણ કોસ સુધી ઉલટા પગે જૂતા મુબારકને પોતાના દાંતોથી દબાવી લઈ ગયા. અને પછી માથા પર રાખી બંગાળ પહોંચ્યા અને પોતાના ઘરે ઓટલો બનાવ્યો અને તેના પર જૂતા મુબારક રાખી દીધા. અને જ્યારે કોઈ બીમાર અથવા દુઆનો તાલિબ આવતો તો મૌલાના ફર્માવતા કે પ્યાલામાં પાણી લાવો ! અને મૌલાના જૂતા મુબારકની ટોચ પ્યાલામાં ફેરવી દેતા તો બીમાર અલ્લાહ તઆલાના ફઝલથી સારો થઈ જતો. અને જો કોઈના નસીબમાં શિફા ન હોય તો પ્યાલો તૂટી જતો અને મૌલાનાની મૌત સુધી આ ક્રમ ચાલતો રહ્યો અને વિસાલ બાદ મૌલાનાની કબ્રના માથા તરફ એક જગ્યાએ તે જૂતા મુબારક રાખી દેવામાં આવ્યાં.

*(મલફૂઝાતે ખ્વાજાએ ખ્વાજગાં ગુલામનબી, પેજ—૩૯)*

**નોંધ** : એક વલીના જૂતા મુબારકના અદબ કરવાથી મૌલાના બંગાળીનું ઘર શિફાખાનુ બની ગયું અને જેના વસીલાથી વલી વલી બને છે તેનો અદબ કરવાથી ઘણુ અતા થશે. ઈન્શાઅલ્લાહ ! જન્નત પણ મળશે. (આમીન)

## ★ નામે મુહમ્મદની અદબની બરકત ★

હઝરત મૂસા ના જમાનામાં એમની કૌમ બની ઈસ્રાઈલમાં એક શખ્સ ઘણો જ ગુનેહગાર અને બદ્કાર હતો તેણે સો વર્ષ અને એક રિવાયતના મુતાબિક બસો વર્ષ નાફર્માનીમાં ગુજાર્યાં. અને જ્યારે તે મરી ગયો તો બની ઈસ્રાઈલની કૌમે તેને કફન દફન કરવું પણ યોગ્ય ન જાણ્યું અને નાપાકીની જગ્યાએ તેને ફેંકી દીધો. આ બાજુ અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા કલીમ મૂસા તરફ વહી કરી કે અમારો એક દોસ્ત ફૌત થયો છે અને લોકોએ તેને ગંદકીમાં ફેંકી દીધો છે, તમે તમારી કૌમને હુકમ આપો કે તેને ઉઠાવે અને ઈજ્જત તથા એહતરામ સાથે કફન દફન કરે અને તમે નમાઝે જનાઝા પઢાવો. આ સાંભળી મૂસા કૌમને લઈ ત્યાં પહોંચ્યા અને જોયો તો ઓળખી લીધો કે આ તો પાપી ગુનેહગાર છે ! પરંતુ અલ્લાહનો હુકમ હતો એટલે ઈજ્જતથી ઉઠાવી નમાઝે જનાઝા પઢાવી અને દફન કર્યો. બાદમાં હઝરત મૂસા એ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, યા અલ્લાહ ! આટલો મોટો ગુનેહગાર આટલી બધી ઈજ્જતનો હક્કદાર કઈ રીતે થયો ?! ફર્માવ્યું, હે મારા નબી ! એ હતો તો ગુનેહગાર તથા સજાના લાયક જ ! પરંતુ થયું એવું કે એક દિવસ એણે તૌરાત ખોલી અને તેમાં મારા હબીબ ના નામ મુહમ્મદ પર તેની નજર પડી તો તેના દિલમાં મારા હબીબ ની મહોબ્બતે જોશ માર્યો અને મુહમ્મદ ના નામને બોસો આપ્યો, આંખો પર રાખી દુરૂદ પઢયું. તો મેં આ તા'ઝીમ અને અદબના કારણે તેના ગુનાહો માફ કરી આપ્યા અને પોતાના નેક બંદાઓમાં સામેલ કરી આપ્યો.

*(મકાસિદુસ્સાલેકીન, હિલયતુલ્ ઔલિયા, અલ્ કૌલુલ્ બદીઅ, સીરતે હલબિયહ્)*

## ★ ખુદાના નામની અદબથી વલીના દરજ્જે ★

હઝરત બિશર હાફી رحمۃ اللہ علیہ નશામાં ચૂર જઈ રહ્યા હતા. રસ્તામાં એક કાગળના ટુકડા પર નજર પડી. તેને ઉઠાવીને જોયું તો ઉપર લખેલું હતું : بسم اللہ الرحمن الرحیم ખ્વાજા બિશર હાફીએ તે કાગળને સાફ કર્યું, અત્તર લગાડયું અને ઊંચી જગ્યાએ મૂકી દીધું કારણ કે તેના પર અલ્લાહ ઝુલ જલાલનું નામે પાક લખેલું હતું. તે જ રાતે કોઈ અલ્લાહવાળાને હુકમ થયો કે બિશરને ખુશખબરી સંભળાવો કે તેં મારા નામને અત્તર ખુશ્બુ લગાડી ઊંચી જગ્યાએ મૂક્યું એટલે હું પણ બિશરને ઊંચો મકામ અતા કરીશ ! તે અલ્લાહવાળાએ એવું વિચારીને કે બિશર તો શરાબી કબાબી છે, કાંઈ મારો ઈલ્હામ જૂઠો ન હોય ! ફરી બીજી વખત હુકમ થયો. ત્રીજી વખત એ જ ફર્માન મળ્યું જેથી તે બિશરના ઘરે ગયા તો ખબર મળી કે બિશર શરાબખાના ગયા છે. કોઈએ બતાવ્યું બિશર તો શરાબના નશામાં મસ્ત થઈને પડયા છે ! અલ્લાહવાળાએ કહ્યું કે બિશરને પૈગામ આપો કે હું તારા માટે એક ખાસ પૈગામ લાવ્યો છું. જ્યારે બિશરે સાંભળ્યું તો ખૌફે ખુદાથી ચપ્પલ વિના ભાગ્યા અને પૈગામે ઈલાહી સાંભળી કાયમના માટે તૌબા કરી લીધી. ત્યાર બાદ હઝરત બિશર رحمۃ اللہ علیہ એ બુટ ચપ્પલ પહેર્યા નથી, એટલા માટે એમનો લકબ "હાફી" થયો એટલે કે ઉગાડા પગવાળો. અલ્લાહ તઆલાએ તે બિશરને જે શરાબીઓના સરદાર હતા પણ અલ્લાહ તઆલાના નામે પાકની અદબ કરવાના કારણે વલીઓના સરદાર બનાવી આપ્યા ! *(તઝકેરતુલ અવલિયા)*

## ★ અઝાનની અદબના કારણે બખ્શિશ ! ★

બાદશાહ હારૂન રશીદની રાણી ઝુબૈદા પોતાની સહેલીઓમાં બેઠી હતી કે અઝાન શરૂ થઈ. સ્ત્રીઓમાંથી કોઈએ અઝાનના વચમાં વાત કરવા ચાહી તો ઝુબૈદાએ ઈશારાથી ના પાડી. જ્યારે ઝુબૈદાનો ઈન્તેકાલ થઈ ગયો તો કોઈએ ખ્વાબમાં જોયાં તો પૂછયું કે શું થયું ?! ઝુબૈદાએ બતાવ્યું કે અલ્લાહ તઆલાએ મને બખ્શી આપી. પૂછયું, કયા કારણથી બખ્શી આપ્યા ?! કહ્યું, અઝાનની અદબ કરવાના કારણે બખ્શિશ થઈ ગઈ ! *(તઅ્તીરુલ્ અનામ)*

## ★ કુર્આનની અદબના કારણે સલ્તનતનું ઈનામ ! ★

તુર્કી સુન્ની ઉષ્માની હુકૂમતનો બાની ઉષ્માન ગાઝી એક દિવસ જઈ રહ્યો હતો. રાતે એક જગ્યાએ કયામ કર્યો તો જોયું કે કુર્આન શરીફ મૂકેલું છે. પૂછયું, આ શું છે ?! લોકોએ બતાવ્યું, કુર્આન છે. ઉષ્માન ગાઝીએ કહ્યું, કુર્આન શરીફ સામે બેસી જવું અદબના વિરૂધ્ધ છે ! અને હાથ બાંધી સવાર સુધી ઉભો રહ્યો. સવારે જ્યારે તે નીકળ્યો તો એક શખ્સ મળ્યો અને કહ્યું તમે ક્યાં હતા ? હું તો તમને તલાશ કરું છું ! પછી તે માણસે કહ્યું, તમે કુર્આનનો અદબ કર્યો છે એટલા માટે અલ્લાહ તઆલાએ તમારા માટે અને તમારી ઔલાદ માટે સલ્તનત (હુકૂમત) લખી આપી છે. *(તફસીરે રૂહુલ બયાન સૂરએ અંબિયા)*

# બેઅદબીનો વબાલ

## ★ છ લાખ વર્ષની ઈબાદત બર્બાદ ! ★

શૈતાને લાખો વર્ષ અલ્લાહ તઆલાની ઈબાદત કરી. એક રિવાયત છે કે શૈતાને છ લાખ વર્ષ ઈબાદત કરી અને તે કેવળ એક બેઅદબીના કારણે છ લાખ વર્ષની ઈબાદત બર્બાદ કરી બેઠો. અને તે બેઅદબી હતી અલ્લાહના ખલીફા હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તા'ઝીમ ન કરવી. فاعتبروا یااولی الابصار એટલા માટે અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે :–

ولا تجہروا لہ بالقول کجہر بعضکم

لبعض ان تحبط اعمالكم وانتم لاتشعرون۔

"ખબરદાર ! મારા હબીબ (ﷺ)ના અવાજથી ઊંચો અવાજ કરી બેઅદબી ન કરી બેસશો ! જો બેઅદબી કરી તો તમારી બધી નેકીઓ બર્બાદ કરી આપવામાં આવશે."

## ★ બેઅદબીની સજા ! ગધેડા જેવું મોઢું ! ★

દમિશ્કમાં એક આલિમ ફાઝિલ મોહદ્દિષ જે હદીષ શરીફ પઢાવતા હતા તેમની ખિદમતમાં એક તાલિબે ઈલ્મ હદીષ પઢવા માટે હાજર થયો તો જોયું ઉસ્તાદ કાયમ પોતાના મોઢા પર પર્દો રાખે છે, કદી પોતાનો ચેહરો નથી દેખાડતા. જ્યારે થોડો સમય થયો તો તાલિબે ઈલ્મને આશ્ચર્ય થયું તો જોવા માટે કહ્યું અને જીદ કરી તો મોહદ્દિષ સાહબે પર્દો ઉઠાવી આપ્યો. તાલિબે ઈલ્મે જોયું કે :– فرای وجهه وجه حمار۔ ઉસ્તાદનો ચેહરો ગધેડા જેવો છે ! કારણ પૂછવા પર ઉસ્તાદે બતાવ્યું કે જ્યારે મેં આ હદીષ પઢી :–

اما یخشی الذی یرفع راسه قبل الامام ان یحول اللّٰه راسه راس حمار۔

**અર્થ** : જે શખ્સ ઈમામથી પહેલાં માથુ ઉઠાવે તે આ વાતથી ખૌફ નથી કરતો કે અલ્લાહ તઆલા એના ચેહરાને ગધેડા જેવો કરી આપશે. મેં આ હદીષ પઢીને કહ્યું, ક્યારેક આવું બન્યું છે ?! હું કરી જોવું છું ! અને જ્યારે ઈમામ સાહબની પાછળ નમાઝ પઢી તો જાણી બુઝીને રુકૂઅથી ઈમામના પહેલાં માથુ ઉઠાવી લીધું. તે દિવસથી મારો ચેહરો ગધેડા જેવો થઈ ગયો છે. (એટલે પર્દો કરું છું.) *(મિશ્કાતનો હાશિયો)*

હે મારા ભાઈ ! બેઅદબીથી બચ અને કાયમ બાઅદબ રહે ! આપણને બધાને અલ્લાહ તઆલા બેઅદબીથી બચાવે.

## ★ બેઅદબ કાચંડાને શું સજા મળી ?! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલે રહીમ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ કાચંડાને એક ઘામાં મારે એના માટે એકસો નેકી લખવામાં આવે છે. અને બીજો ઘા મારવાવાળાને એનાથી ઓછી અને પથ્થર વગેરેથી મારવામાં મારનારને એનાથી ઓછી નેકી મળશે. *(મુસ્લિમ શરીફ)* જ્યારે પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ કાચંડાને આ સજા શું કારણે મળી ?!

તો ફર્માવ્યું :–

عن ام شریك رضی اللّٰه تعالٰی عنها જયારે નમરુદીઓએ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને આગમાં નાખવા માટે આગ સળગાવી તો આ કાચંડો આગ લગાડવા ફૂંકો મારતો હતો. એ બેઅદબીના કારણે તેને આ સજા મળી છે કે જે એક વખતમાં એક જ પથ્થરે મારી નાખે તેને સો નેકી મળે.

**બોધ** : વિચારવા જેવી વાત છે કે એક જાનવરને શરીઅતના હુકમો જેના પર નથી તેને આટલી બેઅદબી પર એ સજા મળી કે તેની પૂરી નસલ આ સજામાં આવી ગઈ. તો જેના પર શરીઅતના હુકમો લાગે છે (ઈન્સાન, જિન) જો તે બેઅદબી કરે તો તેની સજા કેવી હશે ?!

## ★ બેઅદબીની સજા આવનારી પેઢીમાં પણ ! ★

ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ સૂઈ રહ્યા હતા કે એક નાલાયક આવ્યો. તેણે ખ્વાજાના પગ પર પગ મૂક્યો અને આગળ વધી ગયો. ખાદિમે કહ્યું, અરે ! તેં આ શું કર્યુ ?! તો બોલ્યો, શું થયું ?! ખાદિમે કહ્યું, આ હઝરત બુસ્તામી છે ! તો તે બોલ્યો, છે તો શું ?! બાદમાં જ્યારે તેનો છેલ્લો વખત આવ્યો તો તેનો તે પગ કાળો થઈ ગયો અને એ જ હાલતમાં મરી ગયો. એટલે સુધી કે એની ઔલાદમાંથી જેનો

પણ છેલ્લો ટાઈમ આવતો તો પગ કાળો થઈ જતો. *(રૌનકુલ મજાલિસ)*

**★ અબૂ હનીફા رضی اللہ عنہ નો બેઅદબ મુર્તદ થઈ ગયો ! ★**

મૌલાના અબૂબક્ર ગઝનવી લખે છે : મારા દાદા મૌલાના અબ્દુલ જબ્બાર ગઝનવીએ અમૃત્સરમાં એક દીની મદ્રસો કાયમ કર્યો. તેમાં એક વિદ્યાર્થી ગેરમુકલ્લિદ જે મદ્રસામાં પઢતો હતો અને અમૃત્સરની એક મસ્જિદમાં ખતીબ પણ હતો. એક દિવસ તેણે તા'લીમના દરમ્યાન કહ્યું કે હું અબૂ હનીફાથી સારો છું ! કારણ કે તેમને ફક્ત ૧૭ હદીષો યાદ હતી અને મને એમનાથી વધારે યાદ છે ! જ્યારે મૌલાના અબ્દુલ જબ્બારને ખબર મળી તો ફર્માવ્યું કે તેને મારા મદ્રસાથી બહાર કરો ! અને જલ્દી એ મુર્તદ થઈ જશે. મદ્રસાથી નીકળ્યા બાદ એક જ અઠવાડિયામાં તે કાદયાની થઈ ગયો. પછી મસ્જિદથી પણ લોકોએ ઝલીલ કરી કાઢી મૂક્યો. મૌલાનાથી પૂછવામાં આવ્યું તમે કઈ રીતે કહ્યું હતું કે એ મુર્તદ થઈ જશે ?! ફર્માવ્યું, જ્યારે મેં એની આ બેઅદબી સાંભળી તો મારી સામે એક હદીષ આવી કે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે અલ્લાહ ફર્માવે છે :–

**"જેણે મારા વલી સાથે દુશ્મની કરી મારા તરફથી એના માટે એલાને જંગ છે."**

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ અલ્લાહના વલી છે એટલે એમની શાનમાં બેઅદબી કરનારનું ઈમાન કેવી રીતે રહી શકે છે ?! (સૈયદી વ અબી)

**★ બેઅદબનું મોં કા'બાથી ફરી ગયું !★**

હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું : એક શખ્સ હતો જેના દિલમાં અલ્લાહના વલીઓ પ્રત્યે દુશ્મની હતી. જ્યારે કોઈ અલ્લાહના વલી એના સામે આવતા તો મોઢું ફેરવી લેતો. જ્યારે તે મર્યો તો લોકોએ કબ્રમાં ઉતારી એનું મોઢું કિબ્લા તરફ કર્યું તો તરત બીજી બાજુ ફરી ગયું ! લોકોને આશ્ચર્ય થયું. વારંવાર આમ થયું છેવટે અવાજ આવ્યો, હે બંદાઓ ! એને આવો જ રહેવા દો ! આ એ બંદો છે જે દુનિયામાં મારા વલીઓથી મોઢું ફેરવી લેતો હતો, અને જે મારા વલીઓથી મોઢું ફેરવી લે એનાથી મારી રહમત પણ મોઢું ફેરવી લે છે. અલ્લાહની બારગાહથી તેને કાઢી નાંખવામાં આવે છે. *(દલીલુલ આરિફીન)*

**નોંધ** : એટલે હઝરત ખ્વાજા શાહ શુજાઅ કિર્માનીએ ફર્માવ્યું, જે શખ્સ વલીઓની શાનમાં ગુસ્તાખી બેઅદબી કરે તો ખૌફ છે કે તેનો અંજામ બુરો જ થાય.

**★ વલીઓના બેઅદબને કલ્મો મોઢે ન ચડતો હતો ★**

સંજારમાં એક શખ્સ જે અલ્લાહ તઆલાના વલીઓને બુરું ભલુ કહેતો હતો. જ્યારે મરવા પડયો તો વાતો કરતો પરંતુ કલ્મો ન પઢતો. લોકોએ કલ્મો સંભળાવ્યો પણ તે કલ્મો પઢી ન શક્તો. લોકો પરેશાન થઈ ગયા અને હઝરત ખ્વાજા સોવેદ સંજારીને બોલાવી લાવ્યા. આપ આવીને તેની પાસે બેસી મુરાકેબહ કરવા લાગ્યા. બાદમાં મુરાકેબાથી સર ઉઠાવ્યું તો તેણે કલ્મો પઢયો. હઝરતે ફર્માવ્યું, આ શખ્સ અલ્લાહના વલીઓની બેઅદબી કરતો હતો એટલે તેની ઝબાનને કલ્મો પઢવાથી રોકી લેવામાં આવી હતી. જ્યારે મેં મુરાકેબા કર્યો અને આ વાત ખબર પડી તો મેં અલ્લાહની બારગાહમાં એના તરફથી સિફારિશ કરી. ફર્માવ્યું, હે પ્યારા ! મેં તારી સિફારિશ કબૂલ કરી પણ એ શર્ત છે કે જે મારા વલીઓની બારગાહમાં આ શખ્સ બેઅદબી કરતો હતો તે પણ રાજી થઈ જાય. હું હઝરતુશ્શરીફામાં દાખલ થયો અને ખ્વાજા મઅરૂફ કર્ખી, ખ્વાજા સરી સકતી, ખ્વાજા જુનૈદ બગદાદી,

ખ્વાજા બાયઝીદ બુસ્તામી (قُدِّسَتْ اَسْرَارُهُمْ) આ બધાથી મેં આ શખ્સની તરફથી માફી ચાહી તો એમણે માફ કરી આપ્યો અને એણે કલ્મો પઢી લીધો. બાદમાં એ શખ્સે બતાવ્યું કે જ્યારે કલ્મો પઢવા ચાહતો તો એક કાળી વસ્તુ મારી ઝબાન પકડી લેતી અને કહેતી કે હું તારી બેઅદબી છું ! તને કલ્મો પઢવા નહીં દઉં ! બાદમાં એક ચમકદાર નૂર આવ્યું અને બલા ખતમ થઈ અને કહ્યું, હું અલ્લાહના વલીઓની રઝા છું. એ શખ્સે કહ્યું, હવે હું જમીન અને આસમાન દરમ્યાન નૂરાની ઘોડા જોઈ રહ્યો છું જેના સવાર પણ નૂરાની છે અને સૌ અલ્લાહની તસ્બીહ પઢી રહ્યા છે. પછી તે દુનિયાથી કલ્મો પઢતો પઢતો ચાલ્યો ગયો. *(કલાઈદુલ જવાહિર)*

**બોધ** : હે મુસલમાનો ! બેઅદબીથી બચો ! પછીથી પસ્તાવાથી ફાયદો નથી. આ મરનારની કિસ્મત સારી કે અલ્લાહના વલી ખ્વાજા સોવેદ પહોંચી ગયા. દરેક બેઅદબ ગુસ્તાખ માટે કોણ આવશે જે તેની સિફારિશ કરશે ?!

## ★ કા'બા તરફ થૂંકનાર પાછળ નમાઝ ન પઢો ! ★

હદીષે પાકમાં છે : એક શખ્સે નમાઝ પઢાવી અને કિબ્લા તરફ થૂંક્યો. જ્યારે કે અલ્લાહના રસૂલ જોઈ રહ્યા હતા. જ્યારે નમાઝ ખત્મ થઈ તો હુઝૂર ﷺ એ નમાઝીઓને બોલાવ્યા અને ફર્માવ્યું કે ફરી આ ઈમામ પાછળ નમાઝ ન પઢશો. બીજી નમાઝ માટે આગળ વધ્યો તો નમાઝીઓએ એની પાછળ નમાઝ પઢવાથી ઈન્કાર કરી દીધો. પૂછયું, કેમ મારી પાછળ નમાઝ પઢતા નથી ? કહ્યું, હુઝૂર ﷺ એ મના ફર્માવ્યું છે. તેણે દરબારે રસૂલ ﷺ માં હાજર થઈ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું તમે મના ફર્માવ્યું છે ?! હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હા ! મેં ના પાડી છે ! અને ફર્માવ્યું :– قد آذيت الله ورسوله તેં કિબ્લા તરફ થૂંકી અલ્લાહ અને તેના રસૂલને તકલીફ આપી છે.

**બોધ** : જે શખ્સ કિબ્લાનો અદબ ન કરે તેના પાછળ તો નમાઝથી મનાઈ કરવામાં આવી છે અને જે કા'બાના કા'બા હબીબે ખુદા ﷺ ની અદબ ન કરે તેના પાછળ નમાઝનો શું હુકમ છે ?!

આજકાલ દરેક લાંબી જીભવાળો કહી આપે છે કે દરેકની પાછળ નમાઝ થઈ જાય છે, બધા કુર્આન જ પઢે છે ! સવાલ એ છે કે જેના પાછળ નમાઝ પઢવાથી મનાઈ કરવામાં આવી હતી તે કુર્આન પઢતો ન હતો ?! અલ્લાહ તઆલા હિદાયત આપે.

હા ! હા ! તે નમાઝમાં કુર્આન પઢતો હતો પરંતુ એક નાની બેઅદબીના કારણે હુઝૂર ﷺ એ નમાઝ પઢવાથી મનાઈ કરી આપી. આ હદીષ પાક હસન છે. *(સુનને અબૂ દાઊદ, ભાગ–૧, પેજ–૧૪૧)*

આ હદીષની શરહમાં હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ઈમામને નમાઝ પઢવાથી મનાઈ કિબ્લાની બેઅદબીના કારણે કરી હતી. કારણ કે આવો શખ્સ બેઅદબીના કારણે ઈમામના લાયક નથી. *(મિર્કાત, ભાગ–૨, પેજ–૨૨૫)*

*"મિર્અતુલ મનાજીહ"* માં આ જ હદીષની શરહમાં છે :– કા'બાનો બેઅદબ ઈમામના લાયક નથી તો હુઝૂર પુરનૂર ﷺ નો બેઅદબ અને આપની શાનમાં બકવાસ કરનાર ગુસ્તાખી કરનાર (જેમ કે વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી...વગેરે) કેવી રીતે ઈમામનો હક્કદાર બની શકે છે ?! એટલે તે લોકોએ બોધ ગ્રહણ કરે જે દરેક ફાસિક બેઅદબની પાછળ નમાઝ પઢે છે. *(મિર્અતુલ મનાજીહ, ભાગ–૧, પેજ–૪૦૯)*

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# ગૈર મુસ્લિમ સાથે સુલ્તાન મહમૂદ ગઝનવીનો મહોબ્બતપૂર્ણ વ્યવહાર

કાર્યાલય

**મુ**સ્લિમ બાદશાહોની ઓળખ આપતી વેળા ઈતિહાસને વિકૃત રૂપમાં રજૂ કરવામાં આવે છે. તેમને કટ્ટરવાદી, જાલિમ વગેરે સાબિત કરવામાં આવે છે. પણ સાચો ઈતિહાસ રજૂ કરવામાં નથી આવતો. લોકો વર્તમાન ઈતિહાસની ખોટી રજૂઆત, વર્તમાનપત્રો તથા પુસ્તકોમાં વાંચીને ખોટી ગ્રંથિઓ એ બાદશાહો વિશે રાખતા હોય છે. જેમ કે મહમૂદ ગઝનવી માટે દર્શાવાય છે કે, ''ઈ.સ. ૧૦૦૦ થી ૧૦૨૭ના સમયગાળામાં ભારત પર ૧૭ હુમ્લા કર્યા. ભારતથી દૌલત પ્રાપ્તિ તેનો મુખ્ય ધ્યેય હતો. મથુરા, સોમનાથ વગેરે સ્થળોએ કિંમતી મંદિરોને લૂટીને તે અગણિત માલ દૌલત પોતાની સાથે લઈ ગયો....'' આવી રીતે ઓળખ આપી દેવામાં આવે છે. પણ મુસલમાન બાદશાહોએ ગૈરો સાથે નમ્ર વલણ, પ્રેમાળ વર્તાવ તથા ન્યાયપૂર્ણ જે વર્તાવ કર્યો છે ઈતિહાસમાં તેનો જોટો જડવો મુશ્કેલ છે, તેનો ઉલ્લેખ કરવામાં નથી આવતો !

૧૧ મી સદી ઈસ્વીના પ્રારંભથી ભારત પર ઉત્તર પશ્ચિમ દિશાએ (વાયવ્ય ખૂણે)થી તુર્કીઓના હુમ્લા થવા લાગ્યા. તુર્ક મધ્ય એશિયાના રહેવાવાળા હતા. મધ્ય એશિયામાં તુર્કીઓની કેટલીયે હુકૂમતો અસ્તિત્વમાં આવી. તેમણે પોતાના વિસ્તારનો ફેલાવો વધારવાનું શરૂ કર્યું. તેમની સત્તા ભારતના ઈશાન ખૂણાની હદ સુધી પહોંચી ગઈ. ગઝનીના તુર્ક હાકિમ સુબુકતગીને ભારત પર હુમ્લા કરીને પંજાબમાં બયાસ નદી સુધીનો વિસ્તાર કબજે કરી લીધો. તેના મૃત્યુ પછી તેનો પુત્ર મહમૂદ ઈ.સ. ૯૯૮માં ગઝનીનો સુલ્તાન બન્યો. સુલ્તાન મહમૂદ ગઝનવીની ફોજો ઉત્તર હિંદમાં ફેલાએલી હતી અને બીજી બાજુ દેશના અન્ય હિસ્સાઓમાં રાજપૂતો તથા બ્રાહમણોનાં વિવિધ ખાનદાનો રાજ્ય કરતાં હતાં. એ જમાનામાં રાઠોર રાજપૂતોના મર્કઝ કનૂજના રાજા કોરાને તેની ન્યાયપ્રિયિતા, પ્રજાની સેવા તથા ભલાઈના કારણે કનૂજમાં લોકચાહના તથા લોકપ્રિયતા પ્રાપ્ય હતી અને લોકો તેના ઈશારા પર પોતાની જાન સુદ્ધા કુર્બાન કરવા તૈયાર રહેતા હતા. રાજા કોરાથી ઉલ્ટુ તેનો પુત્ર શીવધર અતિશય જાલિમ તથા કુકર્મી હતો. તેનો સઘળો સમય બદ્‌માશી તથા ઐયાશી કરનારાઓની સંગતમાં જતો હતો. તેની વાસનામય ઈચ્છાઓને કારણે લોકોની વહુ બેટીઓની ઈજ્જત અરક્ષિત થઈને રહી ગઈ હતી. તેણે કનૂજમાં તેના એવા માણસો છોડી રાખ્યા હતા જેઓ શહેરની હસીનો જમીલ સ્ત્રીઓના વિશે ખબરો પહોંચાડતા હતા અને એ જાલિમો તેણીઓને પોતાની હવસોનો શિકાર બનાવવામાં કોઈ બળ વાપરવાથી કે જુલ્મ કરવાથી પાછા હટતા ન હતા. પાર્વતી કનૂજના એક વૃદ્ધ શેઠની પુત્રી હતી જે પોતાના હુસ્નો જમાલના કારણે ''પૃથ્વીની પરી''ના નામથી મશહૂર હતી. શીવધર તથા તેના અય્યાશ સાથીઓ ઘણા સમયથી તેણીને પોતાની જાળમાં ફસાવવા પ્રયત્નશીલ હતા. હવે તેમણે તેણીને બળપૂર્વક પોતાના વશમાં કરવાનો ફેંસલો કર્યો હતો.

સુલ્તાન ગઝનવીની ફોજો કનૂઝની દીવાલો સુધી પહોંચી ચૂકી હતી. અને કનૂઝવાસીઓને એ વાતનું યકીન થઈ ચૂક્યું હતું કે સુલ્તાન શહેરનો ઘેરો કરવાને બદલે ડાયરેક્ટ હુમ્લો કરીને શહેર પર કબ્જો કરવાની કોશિશ કરશે. જેથી તેનો સામનો કરવા માટે શહેરભરમાંથી રાજપૂતો ભેગા થઈ રહ્યા હતા. મુકાબલાની તૈયારીઓ થઈ ચૂકી હતી. અવ્યવસ્થાનું આ વાતાવરણ શીવધર અને તેના અય્યાશ સાથીઓને માટે યોગ્ય પુરવાર થઈ શક્તું હતું. જેથી તેમણે ફેંસલો કરી લીધો કે જે રીતે બને

તેણીને ઉઠાવી લાવીશું.

રાતનો અંધકાર ગુનાહો કરવા માટે પ્રોત્સાહિત કરતો હોય છે. જેથી રાતમાં શીવધર તથા તેના સાથીઓ વૃદ્ધ શેઠને ત્યાં પહોંચ્યા અને પાર્વતીને જબરદસ્તી ઉઠાવી લાવ્યા. શેઠ અને પાર્વતીની બૂમાબૂમથી કેટલાક લોકો મદદ માટે આવ્યા પણ લાચાર બનીને રહી ગયા. પરંતુ હજી એ લોકો પાર્વતીને લઈને થોડેક જ દૂર ગયા હતા એવામાં એક મુફલિસ હાલ જણાતા પઠાણે આગળ આવીને તેમનો માર્ગ અવરોધ્યો. તેના હાથમાં નગ્ન તલ્વાર હતી તેને તેણે હવામાં લહેરાવતાં કહ્યું, "આ મઝલૂમ છોકરીને આઝાદ કરી દો નહીં તો તમારી લાશો લોહી તથા ધૂળ રગદોળાતી જોવા મળશે." અજનબી પઠાનની વાણી શીવધર તથા તેના સાથીઓને આંજી દીધા વગર ન રહી શકી. જો કે તે એકલો હતો પરંતુ કોઈનાથી તેનો સામનો કરવાની હિંમત ન થઈ શકી. પઠાણે તલ્વારના ઈશારાથી પાર્વતીને પોતાની નજીક બોલાવી લીધી. તેણી આવી ગઈ તો શીવધરે અકડાઈને અજનબી પઠાનને કહ્યું, કદાચ તને ખબર નથી કે હું કોણ છું ? યાદ રાખ ! જ્યાં સુધી તને મારી નાખીશ નહીં અને છોકરી પાછી લઈશ નહીં ત્યાં સુધી જંપીને બેસીશ નહીં ! અજનબી પઠાન શીવધરની વાતનો કોઈ જવાબ આપ્યા વિના પાર્વતીને લઈને ચાલી નીકળ્યો. રસ્તામાં તેણે પાર્વતીને તેના ઘરનો પતો તથા બનાવની વિગત પૂછી લીધી અને થોડીક વારમાં પાર્વતી તેના ઘરે પોતાના વૃદ્ધ બાપની પાસે મૌજૂદ હતી. પરંતુ એ અજનબી પઠાન કોણ હતો ?!

હજી રાતની કાળાશ પૂર્ણપણે દૂર પણ થવા ન પામી હતી કે એવામાં સુલ્તાન મહમૂદ ગઝનવીની ફોજે કનૂજ પર હુમ્લો કરી દીધો. રાજપૂત પણ મુકાબલા માટે તૈયાર હતા. ઘમસાણની લડાઈ થઈ. ગઝનવીના લશ્કરે એવી હિંમતભેર હુમ્લો કર્યો કે રાજપૂત તેમને શહેરમાં પ્રવેશવાથી ન રોકી શક્યા અને બપોર સુધીમાં કનૂઝ પર સુલ્તાનનો સંપૂર્ણ કબ્જો થઈ ગયો. રાજા કોરા બહાદુરીથી લડતો હતો પણ જ્યારે શહેર પર ગઝનવીનો ઝંડો લહેરાવા લાગ્ય તો એક બહાદુર હરીફોની જેમ રાજા કોરાએ સુલ્તાનની ખિદમતમાં હાજર થઈને શરણાગતી સ્વીકારી લીધી. સુલ્તાને પણ તેની સાથે ઉચ્ચ અખ્લાકભર્યું વર્તન કર્યું અને ઈજ્જતની સાથે પોતાના બાજુમાં બેસાડયો અને પોતાનો ભાઈ બનાવી લીધો.

શહેરમાં શાંતિ સ્થાપ્નાનું એલાન કરી આપ્યું અને રાજપૂત સરદારો શહેરના પ્રતિષ્ઠિત લોકો સુલ્તાનને ભેટો આપવા દરબારમાં હાજર થવા લાગ્યા, તે લોકોમાં રાજકુમાર શીવધર પણ હાજર હતો. તે જ્યારે પોતાની ભેટો લઈને નીચી નજરે સુલ્તાનની નજીક પહોંચ્યો તો તેને જોઈને સુલ્તાનના હોઠો પર સ્મિત જાહેર થઈ ગયું અને પછી તેનો ચહેરો ગંભીર બની ગયો. તેણે શીવધરની ભેટ સ્વીકારવાને બદલે તેને માથું ઊંચુ કરવા કહ્યું અને જ્યારે તેણે માથુ ઉઠાવ્યું તો તેનો ચહેરો પીળો પડી ગયો ! કેમ કે રાત્રે તેના કુકર્મને અવરોધનાર અજનબી પઠાન ખૂદ સુલ્તાન મહમૂદ જ હતો. શીવધર તેને જોતાં જ પગથી માથા સુધી કાંપી ઉઠયો.

સુલ્તાનના ચહેરા પર ગુસ્સાના ભાવો પ્રદર્શિત થતા જઈ રહ્યા હતા પણ તેણે ગુસ્સાને કાબૂમાં રાખીને શીવધરને કહ્યું, "તું તે જ છે જેણે કાલે રાતે મને મૌતને ઘાટ ઉતારવાની ધમકી આપી હતી. તને ખબર હોવી જોઈએ કે અમે જિંદગીભર મૌતથી ખેલતા રહ્યા છીએ અને હવે અમે તમારી સમક્ષ મૌજૂદ છીએ, જો ચાહો તો તમારી ધમકીને પૂર્ણ કરવા કદમ વધારી શકો છો."

શીવધરની પાસે સુલ્તાનની આ વાતનો શો જવાબ હોઈ શક્તો હતો ! તે ખામોશ ઉભો રહી

ધ્રુજી રહ્યો હતો. તારી ખામોશી બતાવે છે કે તું કાંઈ કરવા કે કહેવા નથી ચાહતો એટલા માટે હું એક દાવેદાર તરીકે તારો મામલો તારા બાપ અને મારા ભાઈ રાજા કોરાની સમક્ષ પેશ કરું છું, તે ફેંસલો આપે તેને હું મંજૂર કરી લઈશ. પછી સુલ્તાને આખો પ્રસંગ રાજા કોરાને સંભળાવ્યો. રાજાએ અદબભેર સુલ્તાનને કહ્યું, "મારી ખ્વાહિશ છે કે તમે જે એનો ફેંસલો કરો." આ સાંભળીને સુલ્તાનના ચહેરા પર નરમીના ભાવ પ્રદર્શિત થયા અને તેણે કહ્યું કે અમારો કાનૂન આ મામલામાં ઘણો સખ્ત છે અને મેં આ કાનૂનથી મારા ભાઈને પણ નથી છોડયો, પરંતુ હું શીવધર સાથે છૂટછાટ રાખવા ચાહું છું. અમે સાંભળ્યું છે કે આ દેશમાં જ્યારે કોઈ શખ્સ કોઈ છોકરીનો હાથ પકડી લે છે તો બીજા લોકો તેનો સ્વીકાર કરતા નથી. એટલા માટે જો શીવધર એ છોકરી સાથે શાદી કરવા માટે રાજી હોય તો અમારી કાનૂની સજાથી બચી જશે. સુલ્તાનની તઝવીજ સાંભળીને રાજા કોરા તથા શીવધરનો ચહેરો ખુશીથી ચમકી ઉઠયો અને દરબારનાં હાજરજનો સુલ્તાનના અખ્લાક તથા તદબીર પર વારી ગયા. સુલ્તાનના હુકમથી તુરત જ પાર્વતી અને તેના બાપને દરબારમાં બોલાવવામાં આવ્યાં. તેઓ કાંપતાં કાંપતાં દરબારમાં હાજર થયાં. પરંતુ જ્યારે તેમણે જોયું કે કાલે રાત્રે જે અજનબી પઠાણે તેમની મદદ કરી હતી તે સુલ્તાન મહમૂદ ગઝનવી હતો, તો તેઓ આગળ વધીને સુલ્તાનનાં કદમોમાં ગબડી પડયાં. પંડિત બોલાવવામાં આવ્યા, મંડપ લગાડવામાં આવ્યો અને એ જ વખતે શાદીની તમામ રસ્મ પછી શીવધર અને પાર્વતીને હમેશાને માટે એકબીજાના બંધનમાં બાંધી દેવામાં આવ્યાં.

જ્યારે તમામ રસ્મો અદા થઈ ગઈ તો સુલ્તાન મહમૂદે પાર્વતીના માથા પર હાથ રાખીને કહ્યું, "બેટી ! તારા બારામાં મારી ફરજ મેં પૂરી કરી દીધી, કનૂઝની સત્તા તારા સસરા રાજા કોરાને આપુ છું અને તેના બાદ શીવધર જ તેનો વારસ થશે. મને યકીન છે કે હવે તને શીવધરથી કદી કોઈ ફરિયાદ નહીં રહે. તમે અમને ભૂલશો નહીં, અમે જલ્દીથી કનૂઝથી પરત ચાલ્યા જાશું પણ તમે હમેશાં અમારા પર ભરોસો કરી શકો છો." સુલ્તાનની વાતો સાંભળીને સૌની આંખો ટપકવા લાગી. મહોબ્બત તથા આભારનાં આંસૂ, પરંતુ શીવધરનાં આંસૂઓમાં શર્મિંદગી પણ સમાયેલી હતી. *(જામે શહૂદ ત્રિ માસિક, બિહાર શરીફના સૌજન્યથી)*


**યાદ રાખો !**

**રહી જશો તો પસ્તાશો !**

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા** (હાલ : પ્રસ્ટેન યુ.કે.)ની ક્રાંતિકારી કલમે આલેખાયેલ લાજવાબ કિતાબ

**તોહફાએ નજાત (ભાગ-૧૩)**

જે હુઝૂર પુરનૂર ﷺ ના **ઈલ્મે ગયબ** સંબંધે અત્યાર સુધીની કિતાબોમાં અજોડ તથા લાજવાબ કિતાબ છે, જેમાં ઈલ્મે ગયબના મુન્કિરોનાં ચિથડાં ઉડાડી દીધાં છે.

એ કિતાબ **મફત** મેળવવા ચાહતા હોઉ તો ફક્ત **રૂા. ૨૦૦/-** મોકલી **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બની જાવ તો ઘર બેઠાં આ ઉપરાંત મૌલાનાની જ **તોહફાએ નજાત** (ભાગ-૧૨) જે આપણી શરીઅતમાં **"તા'ઝીમી સિજદો હરામ છે"**એ સંબંધે તેમજ **અન્વારુલ હદીષ** (લેખક : હઝરત અલ્લામા મુફતી જલાલુદીન અમજદી عليه الرحمة والرضوان) તથા **તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં** (લેખક : અલ્લામા અર્શદુલ કાદરી عليه الرحمة والرضوان) ઉપરાંત અન્ય પાંચ–છ કિતાબો પ્રસિદ્ધ થઈ રહી છે તેનો લાભ મેળવો. સંપર્ક સરનામુ :

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

**C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# ઔરતોની હિકાયતો

✪ લેખક ✪

મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર

✪ અનુવાદક ✪

આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

**હઝરત ઈસા عليه السلام ની વિલાદત વિશે કુર્આન પાકની નીચે પ્રમાણે આયતો વિચારપાત્ર છે :-**

**✪ આયત નં. : ૧ ✪**

فَاَرْسَلْنَآ اِلَيْهَا رُوْحَنَا فَتَمَثَّلَ لَهَا بَشَرًا سَوِيًّا۔

**અર્થાત** : "તો તેની તરફ અમે રૂહાની (જિબ્રઈલ عليه السلام) મોકલ્યા તે તેની સામે એક તંદુરસ્ત માનવ બનીને જાહેર થયા." *(પારા-૧૬, સૂ. મરયમ, આ. ૧૭)*

**✪ આયત નં. : ૨ ✪**

لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا۔

**અર્થાત** : "જેથી તને એક સ્વચ્છ ફરઝંદ આપું." *(પારા-૧૬, સૂ. મરયમ, આ. ૧૯)*

**✪ આયત નં. : ૩ ✪**

فَاَجَآءَهَا الْمَخَاضُ اِلٰى جِذْعِ النَّخْلَةِ ج

**અર્થાત** : "પછી તેણીને પ્રસવ વેદના એક ખજૂરીના મૂળ તરફ લઈ આવી." *(પા. ૧૬, સૂ. મરયમ, આ. ૨૩)*

**✪ આયત નં. : ૪ ✪**

وَهُزِّىٓ اِلَيْكِ بِجِذْعِ النَّخْلَةِ تُسٰقِطْ عَلَيْكِ رُطَبًا جَنِيًّا۔ فَكُلِىْ وَاشْرَبِىْ وَقَرِّىْ عَيْنًا ج

**અર્થાત** : "અને ખજૂરનું મૂળ પકડીને પોતાની તરફ હલાવ તારા પર તાજુ ખજૂર પડશે, તો ખા અને પી અને આંખ ઠંડી રાખ." *(પારા-૧૬, સૂ. મરયમ, આ. ૨૫, ૨૬)*

**✪ આયત નં. : ૫ ✪**

قَالَ اِنِّىْ عَبْدُاللّٰهِ

**અર્થાત** : "ફર્માવ્યું, હું અલ્લાહનો બંદો છું."

**આયત નં. ૧ ની સમજૂતી** : આ આયતે કરીમામાં સ્પષ્ટ વર્ણન છે કે અલ્લાહ جل جلاله એ મરયમ પાસે જિબ્રઈલને મોકલ્યા જે નૂરી મખ્લૂક છે. પરંતુ તે મખ્લૂક મરયમ પાસે ઈન્સાન બનીને આવ્યા. હવે અગર કોઈ શખ્સ હઝરત જિબ્રઈલને પણ પોતાની જેમ બશર (માનવ) કહેવા લાગે અને એમને નૂર ન માને અને દલીલમાં કુર્આનની આ જ આયત પેશ કરે કે કુર્આનમાં જ્યારે એમને બશર કહેવામાં આવ્યા છે તો અમે કેમ ન કહીએ ?! તો તેની બુદ્ધિમાં ખરાબી માનવામાં આવશે કે નહીં ?! અગર કહેવામાં આવે કે મરયમ પાસે નૂરીનું બશર બનીને આવવું હિકમત પર આધારિત હતું અને એમનું બશરની શક્કલમાં આવી જવું એમના નૂર હોવાનો ઈન્કાર નથી. તો અમે કહીશું કે અમારી પાસે પણ હુઝૂર ﷺ સરાપા નૂરનું ઈન્સાનિયતનો લિબાસ પહેરીને તશરીફ લાવવું હજારો હિકમતો પર આધારિત હતું અને હુઝૂર ﷺ નું ઈન્સાનિયતના લિબાસમાં તશરીફ લાવવું તેમના નૂર હોવાનો ઈન્કાર નથી.

**આયત નં. ૨ ની સમજૂતી** : ઔલાદ આપનાર વાસ્તવમાં અલ્લાહ جل جلاله જ છે. પરંતુ જિબ્રઈલે અમીન عليه السلام એ આમ કહ્યું કે હું એટલા માટે આવ્યો છું જેથી હું તમને એક પાકીઝા પુત્ર આપું. જાણવા મળ્યું કે જેના વસીલાથી કામનું ઝુહૂર થાય, કામની નિસ્બત તેના તરફ કરવી પણ જાઈઝ છે અને કુર્આનથી સાબિત છે. જેમ કે તંદુરસ્તી પ્રાપ્ત થાય તો કહેવામાં આવે છે કે આ દાક્તરે મને તંદુરસ્તી અર્પી અને આ નિસ્બત મજાઝી (ગૈર

હકીકી) કહેવાય છે. આ પ્રમાણે અગર કોઈ અલ્લાહના મકબૂલ બંદા અને પાબંદે શરીઅત પીરની દુઆથી કોઈને પુત્ર આપે તો આપણે તેનું નામ પીર બખ્શ રાખી શકીએ છીએ, આ મજાઝી નિસ્બત (લગાવ) પ્રમાણે હઝરત ઈસા عليه السلام જિબ્રઈલ બખ્શ છે તો આ જ નિસ્બતથી કોઈ બાળક નબી બખ્શ અને પીર બખ્શ શાથી નથી થઈ શક્તો ?!

**આયત નં. ૩ ની સમજૂતી** : કેટલાક લોકો મેહફિલે મીલાદ પર વાંધા ઉઠાવે છે કે ભરી સભામાં હુઝૂર ﷺ ની વિલાદતનું વર્ણન કરવામાં આવે છે એ અદબના ખિલાફ છે. તેઓ કુર્આન પાકની આ આયતને પઢે કે અલ્લાહ તઆલા હઝરત ઈસા عليه السلام ની વિલાદતનું સાફ અંદાઝમાં ઝિક્ર ફર્માવી રહ્યો છે. અહીંયા સુધી કે દર્દે ઝેહ(બાળક જન્મ્યાનું દર્દ)નું પણ વર્ણન ફર્માવી રહ્યો છે. શું તે લોકો અલ્લાહ પર પણ આ વાંધો ઉઠાવશે કે હઝરત ઈસા عليه السلام ની વિલાદતનું ઝિક્ર આ અંદાઝમાં શા માટે માટે કરવામાં આવ્યું છે.

**આયત નં. ૪ ની સમજૂતી** : સૂકી ખજૂરની જડને અલ્લાહની મકબૂલ મરયમના હાથ સ્પર્શતાં જ તે વૃક્ષ લીલુછમ અને ફળદાર વૃક્ષ થઈ ગયું. ત્યાં સુધી કે તરત જ ઉપરથી તાજી ખજૂરો પણ પડવા લાગી. આ છે અલ્લાહવાળાઓના હાથ કે સૂકી ખજૂરોને પણ લીલીછમ કરી દે અને એક આજકાલનો હાથ પણ છે કે ભરેલી જેબમાં પણ પડે તો તેને ખાલી કરી દે ! એ પણ જણાયું કે હઝરત ઈસા عليه السلام ની વિલાદતની ખુશીમાં સૂકી ખજૂરોમાંથી તાજી ખજૂરો વહેંચાઈ. પછી અમે હુઝૂર ﷺ ની વિલાદતની ખુશીમાં મીઠાઈ વહેંચીએ તો બિદઅત કેમ થઈ જાય ?!

हम हुवे पैदा मुहम्मद की महब्बत के लिये
और कोई पैदा हुवा तकसीमे बिदअत के लिये

**આયત નં. ૫ ની સમજૂતી** : સૌ પ્રથમ કલામ આપે આ કર્યું કે હું અલ્લાહનો બંદો છું. જાણે તે સમયથી જ ખબર હતી કે લોકો મને અલ્લાહનો પુત્ર કહેશે માટે સર્વ પ્રથમ આ ગલત માન્યતાનો રદીયો આપી દીધો અને એ પણ ફર્માવી દીધું કે હું અલ્લાહનો નબી છું, જાણો કે નબી પૈદા થતાં જ નબી હોય છે, ચાહે નબુવ્વતનું એલાન પછીથી થાય. જાણવા મળ્યું કે નબીને ભાવિ વાતોનું પહેલાંથી જ ઈલ્મ હોય છે, એટલા માટે મેં હુઝૂર ﷺ માટે લખ્યું છે :–

तू दानाए मा कान और मा यकून है
मगर बेखबर बेखबर देखते हैं

જે લોકો હુઝૂર ﷺ ના ઈલ્મે ગૈબનો ઈન્કાર કરે છે અને એવું કહે છે કે હુઝૂરને દીવાલ પાછળ નો પણ ઈલ્મ નથી. (અલ્લાહની પનાહ !) તે કોઈ ઈસાઈનો મુકાબલો કઈ રીતે કરી શકશે ?! જ્યારે કે હઝરત ઈસા عليه السلام નું બાળવસ્થામાં જ ભવિષ્યવાણીનું જાણી લેવું કુર્આનથી સાબિત છે. હુઝૂર ﷺ ના ઈલ્મના મુન્કિર (ઈન્કાર કરનારા) કોઈ ઈસાઈના આ મહેણાનો જવાબ કઈ રીતે આપશે કે અમારા ઈસુ મસીહનો ભવિષ્યવાણીનો ઈલ્મ કુર્આનથી સાબિત છે અને તમારા નબીને દીવાલ પાછળનો પણ ઈલ્મ ન હતો ?!

વિચારવાનો મકામ છે કે હુઝૂર ﷺ ના ઈલ્મનો ઈન્કાર કરી કોઈ મુસલમાન કોઈ ઈસાઈને મુસલમાન બનવાની શિખામણ દઈ જ નથી શક્તો ! કારણ કે ઈસાઈ એવું કહી આપશે કે ભાવિની વાતો જાણી લેનારા નબીને છોડીને અમે એવા નબીને કેમ માનીએ જેને દીવાલની પાછળનો પણ ઈલ્મ નથી ?! તો પ્રત્યેક મુસલમાને પોતે એવો અકીદો (માન્યતા) રાખવો જોઈએ કે યા રસૂલલ્લાહ ! ﷺ

દિલે ફર્શ પર હે તેરી નજર સરે અર્શ પર હે તેરી ગુઝર
મલકૂતો મુલ્કમેં કોઈ શેય નહીં, વો જો તુઝ પર અયાં નહીં !

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# બિસ્મિલ્લાહ શરીફની ફઝીલત

**રજૂકર્તા : હાફેઝ મુહમ્મદ ઈમરાન ક્ોરાસમની**
(મુતઅલ્લિમ અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)

બિસ્મિલ્લાહ શરીફની ફઝીલતો ઘણી છે. જેમાંથી થોડીક રજૂ કરવામાં આવે છે :–

**૧.** બિસ્મિલ્લાહ શરીફ કુર્આને પાકની ચાવી છે. અને બધી જ દીની અને દુનિયવી જાઈઝ કામની ચાવી છે કે જે કામ તેના વગર કરવામાં આવે તે અપૂર્ણ રહે છે.

તફસીરે કબીરમાં છે કે બિસ્મિલ્લાહમાં ઓગણીસ (૧૯) હુરૂફ છે. અને દોઝખ પર અઝાબના ફરિશ્તા પણ ઓગણીસ છે. એટલા માટે ઉમ્મીદ છે કે તેના એક એક હરફની બરકતથી એક એક ફરિશ્તાનો અઝાબ દૂર થઈ જાય.

**૨.** રાત દિવસમાં ચોવીસ કલાક છે. જેમાંથી પાંચ કલાક પાંચ નમાઝોએ ઘેરી લીધા છે અને ઓગણીસ કલાકો માટે બિસ્મિલ્લાહ શરીફના ઓગણીસ હુરૂફ અતા કરવામાં આવ્યા છે. જે આદમી બિસ્મિલ્લાહ શરીફનો વિર્દ કરતો રહેશે તો ઈન્શાઅલ્લાહ ! તેનો દરેક કલાક ઈબાદતમાં ગણવામાં આવશે અને બધા સમયના ગુનાહ માફ થશે. *(તફસીરે નઈમી, ભાગ–૧, પેજ–૪૧, ૪૨)*

**૩.** હદીષ શરીફમાં છે કે હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે જ્યારે મને મેઅરાજ થઈ ત્યારે બધી જન્નતો મારી સમક્ષ કરવામાં આવી તો એમાં મે ચાર નહેરો જોઈ : (૧) પાણીની (૨) દૂધની (૩) શરાબની (૪) શહદ (મધ)ની. મેં જિબ્રઈલ عليه السلام થી નહેરોના બારામાં પૂછયું કે આ નહેરો ક્યાંથી આવી છે ? અને ક્યાં જાય છે ? જિબ્રઈલે અર્ઝ કરી, હુઝૂર એ હૌઝે કૌષરમાં જાય છે અને એ મને ખબર નથી કે ક્યાંથી આવી છે ? તમે તમારા રબને પૂછો એ તમને બતાવશે યા દેખાડશે. હુઝૂરે અનવર ﷺ એ પોતાના રબથી તમન્ના કરી. રબ તઆલા તરફથી એક ફરિશ્તો હાજર થયો અને સલામનો તોહફો પેશ કર્યો અને કહ્યું, આંખો બંધ કરો ! પછી કહ્યું, આંખો ખોલો ! મેં જોયું તો મને એક વૃક્ષ નજર આવ્યું જેની નીચે મને એક સફેદ માતીનો ગુંબદ દેખાયો, તેના એક સોનાના દરવાજાને તાળુ લગાડેલુ હતું. તે દરવાજો એટલો મોટો હતો કે દુનિયાના બધા જિન્નાત તથા આદમી ભેગા મળીને તેના ઉપર બેસે તો એવું જોવું મળે જેવું કે પહાડ પર પક્ષીઓ બેઠાં છે પરંતું મેં તે નેહરોને જોઈ કે તે ગુંબદની નીચેથી આવી રહી છે. આ દશ્ય જોઈને હું પાછો ફરવા લાગ્યો. ફરિશ્તાએ કહ્યું, હુઝૂર ! આ ગુંબદની અંદર પ્રવેશ કેમ નથી કરતા ? મેં કહ્યું, પ્રવેશ કેવી રીતે કરું ! તેના પર તો તાળુ લાગ્યું છે અને ચાવી પણ નથી ! તો ફરિશ્તાએ કહ્યું, તેની ચાવી **''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ''** છે. પછી મેં તાળાની પાસે ''બિસ્મિલ્લાહ''શરીફ પઢી તો કેવળ બિસ્મિલ્લાહ શરીફ પઢવાથી તાળુ ખુલી ગયું. ત્યારબાદ હું તે ગુંબદની અંદર પ્રવેશ થયો તો જોયું કે ચાર નહેરો તે ગુંબદના સુતૂન (થાંભલા)થી વહે છે અને તે ચાર સુતૂનો (થાંભલાઓ) પર બિસ્મિલ્લાહ શરીફ લખ્યું છે. મેં ધ્યાનથી જોયું કે પાણીની નહેર બિસ્મિલ્લાહની ''મીમ''થી અને દૂધની નહેર અલ્લાહની ''હા''થી અને શરાબની

નહેર રહમાનની "મીમ"થી અને શહદ (મધ)ની નહેર રહીમની "મીમ"થી વહે છે. ત્યારે મને જાણવા મળ્યું કે ચારેવ નહેરોની વહેવાની જગ્યા બિસ્મિલ્લાહ શરીફ છે. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, હે મહબૂબ ! (ﷺ) જે આદમી તમારી ઉમ્મતમાં (રિયા) દેખાવાથી પાક થઈને સાફ નિય્યતથી મને આ નામોથી યાદ કરશે અને કહેશે કે "બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ" તો હું તેને ચારેવ નહેરોથી પાણી પીવડાવીશ.

**૪.** હદીષ શરીફમાં છે કે તે દુઆ પાછી ફરતી નથી જેના પહેલાં બિસ્મિલ્લાહ શરીફ હોય.

**૫.** હદીષ શરીફમાં છે કે જેને તે કાગળ જેના ઉપર બિસ્મિલ્લાહ શરીફ લખ્યું હોય તેની ઈજ્જત અને અલ્લાહ તઆલાના નામથી મહાનતાને જોઈને માટી, ધૂળ અને કીચડ વગેરેની સાથે જમીન પરથી ઉઠાવ્યું તો અલ્લાહ તઆલાના સમક્ષ તેનો સિદ્દીકીન જેવો મર્તબો હશે અને તેના માં બાપના અઝાબમાં કમી કરવામાં આવશે ભલે ને તે મુશ્રિક હોય. *(તફસીરે રૂહુલ બયાન, જિ. ૧, સ. ૨૭)*

**૬.** હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه થી રિવાયત છે કે સરકારે મદીના ﷺ નું ફર્માને આલીશાન છે, જે માણસ એક વખત બિસ્મિલ્લાહ પઢે છે અલ્લાહ તઆલા તેના નામએ આમાલમાં દસ હજાર નેકીઓ લખે છે તેની દસ હજાર બુરાઈયો માફ કરે છે અને દસ હજાર દરજા બુલંદ કરે છે. *(અનીસુલ વાઈઝીન)*

**સવાલ** : ઘણા લોકો કહે છે કે અમે બિસ્મિલ્લાહ હજાર વખત પઢીએ છીએ પરંતુ કોઈ ફાયદો થતો નથી ! હઝરત ખાલિદ رضي الله عنه એ બિસ્મિલ્લાહ પઢીને ઝેર પીધું પરંતુ અમે બિસ્મિલ્લાહ પઢીને કોઈ ભારે ખોરાક પણ ખાઈ લઈએ તો નુકસાન પહોંચાડે છે.

**જવાબ** : બધી દુઆઓ અને વઝીફાઓ કારતૂસ જેવા છે અને પઢવાવાળાની ઝબાન બંદૂક. કારતૂસ ખરેખર વાઘને મારી નાંખે છે પણ ક્યારે ?! જ્યારે કે સારા રાઈફલથી મારવામાં આવે. દુઆઓ તો તે જ છે પણ અમારી ઝબાન સહાબાએ કિરામ જેવી નથી. અમે તે ઝબાનથી દરરોજ જૂઠ ગીબત વગેરે બોલતા રહી છે. પછી તે અસર ક્યાંથી આવે ? અને કુર્આને પાકને જુઓ છો તો સારી જબાનથી પઢવાનો પ્રયત્ન કરો. *–(તફસીરે નઈમી, જિ. ૧, પેજ–૪૩, ૪૪)*

**વિર્દો-વઝાઈફ**

### ★ ચિંતા, રંજ અને ગમથી સુરક્ષિત રહેવા માટેનો અમલ ★

હઝરત સમુરહ ઈબ્ને ઝુન્દુબ رضي الله تعالى عنهما થી રિવાયત છે કે રસૂલે ખુદા ﷺ એ ફર્માવ્યું :–

**અફઝલુલ કલામિ અર્બઊન : સુબ્હાનલ્લાહિ વલહમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.** (દરરોજ ૧૦૦ વખત પઢવું.) **(અર્થ** : સર્વોતમ કલામ ચાર છે.)

(૧) **સુબ્હાનલ્લાહ** (૨) **અલ્હમ્દુલિલ્લાહ** (૩) **લા ઈલાહ ઈલ્લલ્લાહ** (૪) **અલ્લાહુ અકબર.**

### ★ દિવસમાં ફક્ત એક વાર ★

**લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહ્‌દહૂ લા શરીક લહુ અહદન્ સમદન લમ્ યલીદ વલમ્ યુલદ વલમ્ યકુલ્લહુ કુફૂવન્ અહદ.**

આ દુઆ એક વાર દરરોજ પઢવાથી અલ્લાહ તઆલા ૨૦ લાખ નેકીઓ અતા ફર્માવે છે. *(હદીષ શરીફ)*

### ★ દિવસમાં ૨૭ વખત ★

**રબ્બિગ્ ફિર્લી વલિ વાલિદય્ય વલિલ્ મુ'મિનીન વલિલ્ મુઅ્‌મિનાતિ યવ્‌મ યકુમુલ્ હિસાબ.**

આ દુઆ દિવસમાં ૨૭ વખત પઢવાથી અલ્લાહ તઆલા હઝરત આદમ عليه السلام થી લઈને કયામત સુધીના મુસલમાનોની ગણતરીના બરાબર નેકીઓ અતા ફર્માવશે.

# આ મુસ્લિમોની મદદ છે કે બ્લેકમેલિંગ ?!

એક સમાચાર.....

અમો બાસ્કા ગામ ઈકરા કોલોની (ઉજેતી રોડ) તા. હાલોલ, જિ. પંચમહાલના રહેવાસીઓ સર્વે સુન્ની (બરેલ્વી) છીએ. ઈ.સ. ૨૦૦૨ના કોમી તોફાનો દરમ્યાન અમોએ જાન હાની માલ હાની સખત ભોગવી ઘરથી બેઘર થઈ ગયા હતા. તો હૈદ્રાબાદની સંસ્થા યુનાઈટેડ ઈકોનોમિક ફોરમ થકી અલ્લાહની રાહમાં મદદરૂપે કોલોની ઈકરા કોલોની નામ આપી ઉભી કરી જ્યાં ૪૯ મકાનો છે તો તમામે તમામ સુન્ની બરેલ્વીઓ જ છે. મકાન પેટે દરેક પાસેથી દસ દસ હજાર રૂપિયા વિના રસીદે એ મકાનોના બાંધકામનો વહિવટ લેનાર **મૌલાના હબીબુર્રહ્‌માન સુલેમાન મતાદાર** જે **અંજુમને ઈમ્દાદુલ મુસ્લિમીન-ભરૂચ**ના કર્તાહર્તા એ લીધા હતા. તેમજ આ કોલોનીમાં એક મસ્જિદ જે અન્ય પાર્ટીની મદદથી ઉભી કરવામાં આવી તેમાં માર્ચ–૨૦૦૫થી એમણે પાલનપુરના કોઈ વહાબી દેવબંદી મૌલાનાને રાખતાં તે મસ્જિદમાં નમાઝ માટે તથા બાળકોને પઢાવવા કોલોનીનું કોઈ માણસ ગયું નહીં. જેથી છેવટે મૌલાના હબીબુર્રહમાન મતાદારે તેમને જૂન–૨૦૦૫માં પરત બોલાવી લીધા અને મસ્જિદને તાળુ મરાવી દીધું. કોલોનીના માણસોએ બાસ્કાના જનાબ સિકંદરભાઈ ઈબ્રાહીમ મકરાનીને મૌલાના મતાદાર પાસે ભરૂચ રૂબરૂ મોકલ્યા અને સિકંદરભાઈએ મૌલાના મતાદારને જણાવ્યું કે સર્વની ઈચ્છા સુન્ની બરેલ્વી ઈમામ રાખવાની છે તો મસ્જિદને ઉઘાડી આપવામાં આવે. તો તેમણે જણાવ્યું, અમારો મોલ્વી શું ખોટો છે ?! તમે પગારના પૈસા ક્યાંથી લાવશો ? વગેરે. તો સિકંદરભાઈએ જણાવ્યું કે અમે પગારનો બંદોબસ્ત કરી લઈશું અને સુન્ની ઈમામ રાખી લઈશું, માટે મસ્જિદ ખોલી આપો જેથી અલ્લાહના ઘરમાં ઈબાદત થતી રહે અને તે વેરાન પડયું છે તેમ ન રહે. છતાં તેમણે જોહુકમીથી મસ્જિદ ખોલવાની ના પાડી દીધી. તો કોલોનીવાળાઓએ એક સુન્ની મૌલાના રાખીને કોલોનીના એક જ મકાનમાં નમાઝ તથા બાળકોની પઢાઈ શરૂ કરી દીધી. ત્યારબાદ મૌલાના મતાદારે એમના માણસો મોકલ્યા કે મસ્જિદ અમે ખોલી આપીએ પણ સંચાલન અમારું રહેશે, પગાર અમે આપીશું. તો કોલોનીના લોકો સર્વ એક જ અકીદાના સુન્ની હોવાથી સંચાલનમાં તેઓ (મતાદારના માણસો) રહે તો જતે દિવસે પરેશાની ઉપસ્થિત કરી શકે એટલે એ શરત મંજૂર ન કરી. તો મસ્જિદનું તાળુ ઉઘાડવામાં ન આવ્યું અને હાલ પણ એ જ સ્થિતિ છે. અને ઈકરા કોલોનીમાં તબ્લીગી જમાઅત જાણી જોઈને બાસ્કાના અમીર નૂર મુહમ્મદ મકરાણીના મારફત મોકલી તો કોલોનીના સુન્ની ભાઈઓએ જણાવ્યું કે અહીં સર્વ સુન્નીઓ વસે છે અને તબ્લીગી જમાઅતના અકીદા અમારી વિરૂદ્ધ છે જેથી અમો તમને આ કોલોનીમાં ગશ્ત કરવાની ઈજાઝત આપીશું નહીં. તો એ અમીર નૂર મુહમ્મદ મકરાણીની હાજરીમાં દીનની તબ્લીગ કરવા આવનારાઓએ મારપીટ શરૂ કરી દીધી ! અને ઉપરથી ખોટી રીતે કોલોનીના ચાર મુખ્ય માણસો પર જ પોલીસ ફરિયાદ કરી દીધી. તેમજ અમુકને મારી નાખવાની ધમકીઓ પણ આપી જેના માટે પોલીસ કેસો પણ થયા છે.

આથી ઉપરોક્ત વિગત વાંચીને મુસ્લિમ સમાજના સભ્ય માણસોને અમારી અપીલ છે કે મદદના બહાને આ રીતે થતુ બ્લેક મેલીંગ તથા અત્યાચાર કરનારા આવા મોલ્વી હબીબુર્રહ્‌માન સુલેમાન મતાદાર, અંજુમને ઈમ્દાદુલ મુસ્લિમીન, ફુરજા રોડ–ભરૂચને પૂછે કે આ કઈ જાતની મુસ્લિમ કૌમની તમે સેવા કરી રહ્યા છો ?! અને અમને આ જુલ્મો સિતમમાંથી છોડાવે એવી અપીલ છે.

લિ. અમો છીએ (ઈકરા કોલોની બાસ્કાના રહેવાસીઓ)
(તા. ૧૪–૯–૨૦૦૫)

ઈનાયતઅલીલાલમહમદમકરાણી
(ઈનાયત અલી લાલ મુહમ્મદ મકરાણી)

પઠાણયાસીનખાન પીરૂખાન
(પઠાણ યાસીનખાન પીરુ ખાન)

મકરાણી. સિકંદર. ઈબ્રાહીમ
(મકરાણી સિકંદર ઈબ્રાહીમ–બાસ્કા)

મૌ. રજબઅલી. રઝવી
(મૌલાના રજબ અલી રઝવી–હાલોલ)

# બાળકોનો તર્બિયતી ગુલશન

-કાર્યાલય

## જાનવરો પર રહમ કરવી

સુબુક્તગીન પહેલાં એક મામૂલી ગુલામ હતો. એની પાસે માત્ર એક ઘોડો હતો. રોજીની તંગીના કારણે તે પરેશાન રહ્યા કરતો હતો. રોજીની શોધના માટે તે દરરોજ જંગલમાં જતો રહેતો કરતો અને જાનવરોનો શિકાર કરીને પોતાનું જીવન પસાર કર્યા કરતો હતો.

એક વખતની વાત છે કે તે શિકાર કરતો કરતો જંગલમાં ઘૂમી રહ્યો હતો. એણે એક હરણી જોઈ જે પોતાનાં બચ્ચાંની સાથે ચરી રહી હતી. સુબુક્તગીને એને પકડવાના માટે ઘોડો દોડાવ્યો, હરણી તો ભાગી ગઈ પણ એનું નાનકડું બચ્ચું પકડાઈ ગયું. સુબુક્તગીને એને બાંધીને પોતાના ઘોડા પર રાખી લીધું અને પોતાના શહેરની તરફ ચાલી નીકળ્યો. હરણીએ જોયું કે એના બચ્ચાને શિકારી પોતાના ઘોડા પર લઈને જઈ રહ્યો છે તો એના દિલ પર જાણે વીજળી પડી ! તે બેચેન થઈને સુબુક્તગીનની પાછળ દોડવા લાગી અને ફરિયાદ કરવા લાગી. આગળ આગળ સુબુક્તગીન ઘોડો દોડાવી જઈ રહ્યો હતો અને પાછળ હરણી પણ માથુ ઝુકાવી ચાલી આવી રહી હતી. થોડેક દૂર જઈને સુબુક્તગીને પાછળ ફરીને જોયું કે હરણી પણ પાછળ પાછળ ચાલીને આવી રહી છે, એના ચહેરા પર ઉદાસી છવાયેલ છે. તે બચ્ચાની મહબ્બતમાં એટલી ખોવાયેલ છે, કે એને પોતાની જાનની પણ પરવા નથી. જાણે કે એ કહી રહી છે કે અય શિકારી ! જ્યારે તેં મારા બચ્ચાને પકડી લીધું છે તો મને પણ મારી નાખ કેમ કે બચ્ચા વિના મારી જિંદગી બેકાર છે.

સુબુક્તગીનને હરણી પર રહમ આવી ગઈ, એણે બચ્ચાને છોડી દીધું. હરણીએ બચ્ચાને ચૂમી લીધું, ચાટયું અને આસમાનની તરફ મોં કરીને દુઆઓ આપવા લાગી. પછી પોતાના બચ્ચાને સાથે લઈને ઉછળતી કૂદતી જંગલની તરફ ચાલી ગઈ.

જ્યારે કોઈ કમજોર, લાચાર પર દયા ખાય છે તો અલ્લાહ તઆલા ખુશ થાય છે અને એને સારો બદલો આપે છે. જેથી સુબુક્તગીને માત્ર એક જાનવર પર રહમ કરી તો એનો બદલો ખુદાએ તઆલાએ એ આપ્યો કે જ્યારે તે સૂતો તો સ્વપ્નમાં સરકારે મુસ્તફા ﷺ ની ઝિયારત નસીબ થઈ.

સરકારે દો જહાં ﷺ એ ફર્માવ્યું કે તેં એક જાનવર પર રહમ કરી છે એટલા માટે હું તારાથી ખુશ છું. અલ્લાહ તબારક વ તઆલા એના બદલામાં તને બાદશાહી અતા ફર્માવશે.

જેથી એવું જ થયું અને હિ.સ. ૩૨૭માં સુબુક્તગીન ગઝનીના શાહી તખ્ત પર બેઠો અને પોતાનું શાહી નામ સુલ્તાન નાસિરદ્દીન રાખ્યું. હઝરત મહમૂદ ગઝનવી આપના જ સાહબઝાદા છે. *(તા'લીમુલ અખ્લાક)*

**ફાયદો :** આ બનાવથી જાણવા મળ્યું કે માનવોના સિવાય જાનવરો પર પણ રહમ કરવી જોઈએ અને એનો પણ ઘણો જ મોટો સવાબ છે. આવા વ્યક્તિથી અલ્લાહ અને એના રસૂલ ﷺ ઘણા જ ખુશ થાય છે જે બેજબાન મખ્લૂક પર રહમ કરે છે.

## પ્રેસ્ટનમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો

# શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો

રજૂકર્તા : મૌલાના યૂનુસ મિસ્બાહી-પ્રેસ્ટન

આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી** જેની ચળવળથી ખૂબ જ સ્વચ્છંદતાના રવાડે ચઢેલી પશ્ચિમી સંસ્કૃતિના માહોલમાં સરકારે દો જહાં ﷺ ની સુન્નતોના દીવાનાઓ તથા ઈસ્લામની દીવાનીઓનો એક દિલને મોહી લેનાર માહોલ ઉભો થયો છે. ઘણા ગલત રવાડે ચઢેલા યુવાનો તેહરીકની પ્રવૃત્તિઓથી રાહે રાસ્ત પર આવી સરકાર ﷺ ના દીવાના બની ચૂક્યા છે, ડ્રગ્સ તથા અન્ય ગુનાહિત કાર્યો તરફ વહી ગયેલા કેટલાય યુવાનો ઈશ્કે નબી સાથે સુન્નતોથી સજ્જ થઈ ઈસ્લામના પાબંદ બન્યા છે. બહેનોમાં હયાનો માહોલ, પર્દાનો માહોલ બન્યો છે. અલ્હમ્દુલિલ્લાહ ! એ જ મશ્હૂર તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો પ્રેસ્ટન (યુ.કે.) ખાતે તા. ૨૭-૨૭-૨૮ જુમ્આ, શનિ, રવિ ઓગસ્ટ-૦૫ ત્રણ દિવસીય સુન્ની ઈજતેમા થયો. પ્રથમ દિવસે જુમ્આ બાદથી રાત સુધી ઔરતોના ઈજતેમામાં નૂર હોલ (નૂર સ્ટ્રીટ) ફુલ ભરાઈ ગયો હતો. અને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરીએ બહેનોની ઈસ્લાહ પર સુંદર બયાન કર્યું, ઔરતોએ બીજી ઔરતોને તુચ્છ ન સમજવી એ વિષય પર ખૂબ જ અસરકારક બયાન કર્યું. શનિ-રવિના બયાનોમાં મર્દોના ઈજતેમામાં મૌલાના શાકિર સાહબે "માણસ એમ ન સમજે કે તેને બેકાર જ પેદા કર્યો અને સવાલ નહીં થાય !" એ વિષયે દિલમાં ઈન્કિલાબ મચાવનાર બયાનો કર્યાં હતાં. તેમજ મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી સાહબે "ઈત્તેફાક માટે શું કરવું જોઈએ ?" અને બીજા દહાડે "મેઅરાજે મુસ્તફા અને તોહફાએ નમાઝ" વિશે ખૂબ જ ફિક્રી તથા બોધદાયક બયાનો કર્યાં. હઝરત પીર ઈમદાદ હુસૈન "ઈલ્મ મુસલમાનનું હથિયાર છે-દીન દુનિયા બંનેમાં પ્રગતિ કરો !" એ વિષયે તેમજ મૌલાના અશ્રફ મિસ્બાહીએ "ઈત્તેફાકથી આગળ વધો !" મૌલાના ખૈરુદ્દીને "દીનદાર રહો-અમલ કરો" અને મૌલાના યૂનુસ મિસ્બાહીએ "કાફિર જાણે છે કે આપણે મુસલમાન છીએ તો આપણે કેમ ભૂલાવી બેઠા !" વિષયે સચોટ બયાન કર્યું. શનિ, રવિ મર્દોના ઈજતેમામાં હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. ઘણાએ બહાર રહી બયાનો સાંભળ્યાં. હાજરજનોમાં સાહબઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાની, મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી, મૌલાના મોહસિન દયાદરવી, મૌલાના હનીફ રઝવી, મૌલાના અર્શદ મિસ્બાહી, મૌલાના ઈસ્માઈલ ખોજબલવી, હાફેઝ આદમ વો.સમની (ધ્રોલવાળા), મૌલાના ગુલામ મુસ્તફા નવસારવી, મૌલાના ખાલિદ, હઝરત મૌલાના કારી અબુલ કલામ રઝવી, હાફેઝ આદમ કંબોલ્વી, હાફેઝ ઈકબાલ દરબાર, હાફેઝ યાકૂબ ચાંચવેલી, કારી મહબૂબ સરનારવી, મૌલાના ઈદ્રીસ દયાદરવી, મૌલાના ઈકબાલ, મૌલાના સલીમ ટંકારીબંદર, હાફેઝ ઐયૂબ ભટા, હાફેઝ રોશન, હાફેઝ હસન, મૌલાના શફી નબીપુરી, મૌલાના અબ્દુલ્લાહ નબીપુરી, હાફેઝ અલ્તાફ નબીપુરી, સૈયદ અમીન બ્લેકબર્ન, હાફિઝ ઐયૂબ કોલવણા, મૌલાના ઝાહિદ અઝહરી રઝવી, મૌલાના કલીમ અઝહરી, મૌલાના હુસૈન અઝહરી વગેરેએ લંડન, બોલ્ટન, બ્લેકબર્ન, પ્રેસ્ટન, માંચેસ્ટર વગેરેએથી મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સ્થાનિક મુબલ્લિગોની કામગીરી દાદને પાત્ર હતી.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ની યશસ્વી કામગીરી ★

**નર્મદા** : રાજપીપળા જિલ્લાના તિલકવાડા તાલુકામાં જેમાં **(૧)** વજીરીયા **(૨)** અગર **(૩)** તિલકવાડા **(૪)** નરગામ **(૫)** રેંગણ **(૬)** મોરા **(૭)** ચુડે□ર **(૮)** વડીયા ટેકરા **(૯)** પાનતલાવડી **(૧૦)** વાકોલ **(૧૧)** નલીયા **(૧૨)** કામસોલી **(૧૩)** દેવલીયા **(૧૪)** સાવલી **(૧૫)** વાસણ **(૧૬)** વોરા **(૧૭)** વાસણા **(૧૮)** સીતપુર **(૧૯)** મોટા હબીબપુરા **(૨૦)** વનમાલા **(૨૧)** મોતીપુરા **(૨૨)** ગોપાલપુરા **(૨૩)** તરસાણા **(૨૪)** વજીરયા (વિધવા બહેન) આમ કુલ ૨૩ ગામોએ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" મદ્રસાઓનો પગારખર્ચ છેલ્લા ચાર પાંચ વર્ષથી પૂરો પાડી સંચાલન કરે છે જે આ સંસ્થાનું એક ઉત્તમ નેક કાર્ય છે. આ ગામોમાં વસ્તી ગરીબ છે. તિલકવાડા ગામે મસ્જિદના પેશઈમામ જનાબ હાફેઝ મુબારક લુવારાના છે તેઓને આ ગામોએ દર માસે મદ્રસાઓનો પગાર કમિટી પાસેથી મેળવીને ગામડે ગામડે પહોંચાડવાની તથા વિઝિટની કામગીરી સુપ્રત કરેલ છે અને તેઓ દર માસે બાઈક ઉપર જઈને પગાર ચૂકવણી કરે છે સાથે સાથે આ મદ્રસાઓનું નિરિક્ષણ કરીને નક્કી કરેલ નિરિક્ષણ ફોર્મમાં વિગતો ભરીને મદ્રસાઓનો રિપોર્ટ કમિટીને દર માસે રૂબરૂ જઈ પહોંચાડે છે. હું હાલમાં તિલકવાડા તાલુકામાં મામલતદાર તરીકે ફર્ઝ બજાવું છું અને તા. ૮–૯–૦૫ ના રોજ જાહેર રજા હોવાથી હાફેઝી સાથે ગામડે ગામડે પગારની ચૂકવણી કરવા ગયેલ હતા અને જાતે મદ્રસાઓની મુલાકાત લીધેલ હતી. મુલાકાત દરમ્યાન આ સંસ્થા આવા દૂર દરાઝના ગામોના ગરીબ મદ્રસાઓનું જે રીતે નિભામણી કરે છે એ સંસ્થાની નેક પ્રવૃત્તિ કાબિલે તારીફ છે. સાથે આ સંસ્થાની આવા ગરીબ મદ્રસાઓની થઈ રહેલ ઉમદા સેવાની કદર કરું છું. આ સંસ્થા થકી એવા તો કુલ ૨૧૦ ઉપરાંત મસ્જિદ–મદ્રસાઓને સહાય થઈ રહી છે તેમજ ત્યાં દયાદરાનું અજોડ માસિક **બરકાતે ખ્વાજા** પણ દરેકને મફતમાં પહોંચાડવામાં આવે છે.

થયેલ જાત અનુવભથી સખીદાતાઓને તથા એવા સખીદાતાઓ કે જેઓએ પોતાની નઝરે કરમ કરી દાનરૂપે આ સંસ્થા તરફ હજુ સુધી મદદનો હાથ લંબાવેલ નથી તેવા સખીદાતાઓને પણ નમ્ર અરજ કરું છું કે આવી રહેલ રમઝાન માસમાં તથા તે સિવાયના દિવસોમાં પોતાની ઝકાત, ખૈરાત, સદકા.... વિગેરે પ્રકારે આ સંસ્થાને મદદરૂપ થઈને સંસ્થાને પગભર બનાવી સાચા અર્થમાં સવાબના હક્કદાર બનીને આ સંસ્થાને જીવંત કાર્યવંત રાખી નિભાવતા રહેશો એવી નાચીઝની નમ્ર અપીલ છે.

**નાચીઝ : નસીર મુહમ્મદ શેઠ-દયાદરા**
*(મામલતદાર તીલકવાડા, જિ. નર્મદા)*

## ★ દસ્તારબંદીના જલ્સાઓ ★

**થામ** : દા.ઉ. મુઈનુલ ઈસ્લામ–થામ ખાતે તા. ૧૨–૯–૦૫ના રોજ સવારે નવ વાગ્યે મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીન બાવાના સાહબઝાદા હઝરત સૈયદ અમીરુદ્દીનબાવા તેમજ હઝરત સૈયદ મુશ્તાક અલીબાવા કલ્લાવાળાની સદારતમાં મુનાઝિરે અહલે સુન્નત હઝરત અલ્લામા સગીર અહમદ જોખનપુરી સાહબે ઈલ્મે દીન પર શાનદાર બયાન કર્યું હતું. બપોર પછી જનાબા ફાઝિલા ફરહાના આપા (દયાદરા) તેમજ મુબલ્લિગા ખદીજા આપા (સૂરત)ની સદારતમાં ૩૩ ફાઝિલા તથા ૯૯ આલિમા થનાર બહેનોને સનદ (રિદાઅ) અર્પણ વિવિધ કરવામાં આવી હતી.

**ચાંચવેલ** : દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુર્રસૂલ–ચાંચવેલ ખાતે તા. ૧૦–૯–૦૫ નિવાર રાત્રે ઈશા બાદ સાદાતે કિરામ તથા ઉલમા હઝરાતની સદારતમાં દસ્તારબંદીનો શાનદાર જલ્સો થયો જેમાં ૧૪ હાફિઝો તથા ૧૧ કારીઓને દસ્તાર બાંધવામાં આવી. હઝરત અલ્લામા સગીર અહમદ જોખનપૂરી સાહબે શાનદાર તકરીર કરી હતી.

**લાતૂર** : હાજી ઉમરભાઈ કચ્છી અલીયાબાડાવાળા લખે છે (મહારાષ્ટ્ર) ખાતે દા.ઉ. દીનિયાતના ફારિગ ૮ હાફિઝ તથા ૧ કારી તલબાની દસ્તારબંદી હઝરત મૌલાના જમાલરઝાખાન સાહબ (બરેલી શરીફ)ની સદારતમાં થઈ. હઝરત મૌલાના અબ્દુલ હકીમ સાહબ નૂરી (મલાડ–મુંબઈ)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**મનુબર (તા. જિ. ભરૂચ)** : થી મુબારકભાઈ દિવાન જણાવે છે કે નવ રજબુલ મુરજ્જબના રોજ ઔલાદે પીરાને પીર રોશન ઝમીર સૂફી ઔલિયા પીર શેખ તાજ શાહ رحمۃ اللہ علیہ નો ઉર્સ શાનો શૌકતથી મનાવાયો. અહીં આપ હઝરતનો ૩૦૦ વર્ષ પૂરાણો મઝાર શરીફ છે જેને સન ૧૬૬૯ દરમ્યાન બ્રિટિશ શાસનમાં કેટલીક પેશગી પણ મળેલ છે જે અમારા વડવાઓ મારફત અમને વારસાઈમાં મળેલ છે. આપ બાકરામત બુઝુર્ગ છે.

## ★ અલ્લાહ તઆલા જઝાએ ખૈર આપે ! ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ની યાદી જણાવે છે કે અમારા મુખ્લિસ ચાહક **જનાબ હાજી મૂસા ભાઈ નાથા સેગવાવાળા** જેમણે પોતાના **પીરો મુર્શિદ હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા (પેટલાદવાળા)** رحمۃ اللہ علیہ તેમજ પોતાના મર્હૂમોના સવાબ અર્થે નીચેની કિતાબોના પ્રકાશનમાં ભરપૂર સાથે આપ્યો છે : ✪ **કાનૂને શરીઅત (ભાગ–૨)** ✪ **સીરતે મુસ્તફા** ﷺ ✪ **તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં**

રબ તઆલા તેમની તથા તેમની ઔલાદની બંને દુનિયા આબાદ ફર્માવે. (આમીન)

***–લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***
*(અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા વતી)*

## ★ સહકારની અપીલ ★

**કલ્લા (તા. કરજણ)** : મુકામે હઝરત અલ્હાજ મુશ્તાકઅલી બાવાના સાહબઝાદા સૈયદ વાહિદઅલી બાવાની સદારતમાં ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સૂફી સંત એકેડમી સ્કૂલ ચાલે છે જેમાં ધો ૧ થી ૮ સુધી વર્ગો ચાલે છે લગભગ ૨૮૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આવા પછાત વિસ્તારમાં અગત્યના કાર્ય માટે સહકાર કરવા અપીલ છે.

**સંપર્ક સરનામુ : પટેલ બસીર વલી મુહમ્મદ સેક્રેટરી**–ફૈઝ ચેરીટેબલ ટ્રસ્ટ, બાપુનગર–**સૂરત** મો. ૯૮૯૮૬ ૮૬૧૧૯

## ★ અલ્લાહ જઝાએ ખૈર આપે ! ★

જનાબ મલેક ઐયૂબ ભાઈ ડોસુભાઈ (કલોલ) રૂા. ૨૦૦/– ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરાને તેમજ જનાબ કાઝી હાજી દાદામિયાં મેહમૂદમિયાં કાદરી ચિશ્તી તથા કાઝી હાજી ઈસ્માઈલમિયાં મેહમૂદમિયાં કાદરી ચિશ્તી (ખાનકાહે કાદરિયા ચિશ્તીયા–કલોલ, જિ. મહેસાણા) થકી તેમના મર્હૂમ ભત્રીજાના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૧/– લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**થામ** : દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ (તા. જિ. ભરૂચ)ની ફાળા બુક સીરીઝ નં. **R.** ૧૨ રસીદ નં. **R.** ૬૦૦ ગઈ સાલ ગુમ થયેલ જે અત્યાર સુધી મળેલ નથી કે તેની કોઈ જ ખબર મળેલ નથી. આગામી મુબારક માસ રમઝાનમાં કોઈ ચાલાક માણસ ફરીથી ફાળા બુકનો લાભ લે, તેમજ આ રસીદ ઉપર ફાળાની રકમ આપે તો રસીદ સાચવી રાખી અમોને મોકલી આપશો અને અમને જાણ કરશો, અમો આપના આભારી થઈશું.

***–તાલિબે દુઆ*** *: હાજી વલી મુહમ્મદ ગોરજી*

## ★ કલમસરમાં ઉર્સે બાબુશાહ رحمۃ اللہ علیہ મનાવાયો ★

**કલમસર (તા. ખંભાત, જિ. આણંદ)** : મુકામે તા. ૩૧–૮–૨૦૦૫ને બુધવારે શહેનશાહે કલમસર બાબુશાહ رحمۃ اللہ علیہના ઉર્સના મુબારક મૌકા પર ગામના નવયુવકો દ્વારા ન્યાઝ બનાવી મગરિબ બાદ

સમગ્ર ગામને જમાડવામાં આવી હતી. તેમજ બાદ નમાઝે ઈશા સુન્ની દા'વતે ઈસ્લામીનો રૂહપરવર સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો હતો. જેમાં નઅતે રસૂલે પાક જનાબ સૈયદ ગુલામ દસ્તગીર (હાડગુડ) તરફથી પેશ કરવામાં આવી હતી. જનાબ સુલ્તાન રઝા (બરોડા) દ્વારા પોતાના અનોખા અંદાજમાં ઈમાન અફરોઝ બયાન કરવામાં આવ્યું હતું. જે ઘણું જ અસરકારક રહ્યું હતું. અંતમાં દુઆ ખલીફએ શૈખુલ ઈસ્લામ જનાબ સૈયદ અમરુલ્લાહ બાપુ અશરફી (ખતીબો ઈમામ જામા મસ્જિદ–હાડગુડ)એ કરી હતી.

*–સૈયદ કુત્બુદ્દીન તથા સૈયદ ઈમરાન (હાડગુડ)*

★ ✪ ✪

અસ્સલામો અલૈકુમ, જનાબ શબ્બીરભાઈ

**સુન્ની દા'વતે ઈસ્લામી** થકી ચાલતા **તર્બિયતી સેન્ટર આમોદ** ખાતે **મદ્રસા બરકાતે ખ્વાજા** (આમોદ)માંથી તર્બિયત પામીને આવેલા હાડગુડના સુન્ની નવયુવકો જનાબ સૈયદ મુહમ્મદ ખલીલ, જનાબ સૈયદ મુહમ્મદ દસ્તગીર, જનાબ સૈયદ મુહમ્મદ રફીક વિગેરે હાલ હાડગુડ તેમજ જહાંગીરપૂરા અને ગોપાલપૂરા ખાતે સુન્ની ઈજતેમા કરીને દીન તથા સુન્નિયતની સેવાના કામમાં લાગેલા છે. તેઓ અઠવાડીયામાં ત્રણ ઈજતેમા કરી રહ્યા છે. જેનાં ભાગરૂપે સોમવારે હાડગુડ ખાતે, ગુરૂવારે જહાંગીરપૂરા ખાતે, તેમજ શનિવારે ગોપાલપૂરા ખાતે મસ્જિદમાં બાદ નમાઝે ઈશા સુન્ની ઈજતેમા કરી રહ્યા છે. સુન્ની હઝરાતને ઈશ્કે રસૂલના જામ પીવડાવી રહ્યા છે. દીની મસ્અલા મસાઈલ વિશે પણ તેમના જ્ઞાન મુજબ જાણકારી પીરસી રહ્યા છે.

ઉપરાંત છેલ્લાં છ માસની અંદર હાડગુડ ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી દ્વારા પાંચ જાહેરમાં સ્ટેજ પ્રોગ્રામમાં તકરીરો થઈ જેમાં જનાબ અલ્હાજ હાફિઝ અબ્દુર્રહીમ (ભરૂચ), સુલ્તાન રઝા (બરોડા), સૈયદ મુહમ્મદ શાકિર (બરકાતે ખ્વાજા–આમોદ), સૈયદ મુહમ્મદ ઈકરામ (બરોડા), તેમજ હઝરત મૌલાના સૈયદ આલે રસૂલ અલ્હાજ સલીમબાપુ બેડીવાલા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. નઅતખ્વાં દ્વારા નઅત અને બયાનોના પ્રોગ્રામો અસરકારક રહ્યા હતા. એક મોટા સુન્ની ઈજતેમામાં પીરે તરીકત ખલીફએ શૈખુલ ઈસ્લામ અલ્હાજ સૈયદ અબ્દુલકાદર બાપુ નાપાવાલાની સરપરસ્તીમાં રાખવામાં આવ્યો હતો જે ઘણો જ કામ્યાબ રહ્યો હતો. આપ છ માસની અંદર હાડગુડ તેમજ જહાંગીરપૂરા અને ગોપાલપૂરામાં મસ્જિદમાં ઈજતેમા અને મસ્જિદની બહાર તકરીરનાં પ્રોગ્રામ થઈ કુલ દસથી બાર ઈજતેમાઓ થયા છે. સુન્ની દા'વતે ઈસ્લામી તરફથી યોજવામાં આવેલા બધા જ પ્રોગ્રામો સંપૂર્ણપણે કામ્યાબ રહ્યા હતા. મૌલા તબારક વ તઆલાના ફઝલો કરમથી અને રસૂલેપાક ﷺ ના સદકાથી હાડગુડ ખાને દીન તથા સુન્નિયતના કામો ખૂબ સુંદર રીતે થઈ રહ્યાં છે.

***–સૈયદ અમજદઅલી એન. (હાડગુડ)***

## ★ મફત મંગાવો ! ★

કિતાબ : **(૧) ઈલ્મે દીન (૨) સુલેહકુલ્લીથી બચો !** (રૂા. ૨/– ટપાલ ટિકિટ મોકલી પ્રકાશકના સરનામેથી મફત મંગાવો.)

**પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી**

**C/o.** ઉષ્માનભાઈ એમ. મન્સુરી, રેલ્વે કોલોની, કવાર્ટર નં. ૯૧–ડી, મુા. હાપા–૩૬૧ ૧૨૦, જિ. જામનગર

આ સંસ્થાએ નવ વરસમાં **૧૯** પ્રકાશનો મફત બહાર પાડયાં છે, તો આગામી રમઝાનમાં સહાય કરી ઈલ્મે દીનના ફેલાવવામાં જોડાઈ જાવ.

---

**લીંબડી (તા. વાગરા)** : જનાબ અબ્દુલ્લાહભાઈ ઓપરેટરનાં મધર મરયમબેન તા. ૧૩–૮–૦૫ શનિવારના રોજ ઈન્તેકાલ કરી ગયાં. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકે મર્હૂમાની મગફેરત ફર્માવે તેમજ કુટુંબીઓને સબ્રે જમીલ અતા કરે.

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

**દયાદરા** : જનાબ યૂસુફ ઈસ્માઈલ પટેલ (કંડકટર)ના અહલિયા અમીનાબેન તા ૧૫–૮–૦૫ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺ ના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન)

***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***